વર્ષઃ 03 અંકઃ 02

# ન્યૂ ઈન્ડિયા સમાચાર

16-31 જુલાઈ 2022

નિઃશુલ્ક



## કાયમી ઉકેલ દ્વારા જીવન બન્યું સરળ

ભગવાન ભરોસે રહેવાને બદલે સમસ્યાનો કાયમી ઉકેલ લાવવાનાં અભિગમ દ્વારા લોકોનું જીવન સરળ બની રહ્યું છે.

ફોલો કરો @NISPIBIndia



# “કટોકટીનાં સમયમાં તમારા માતા-પિતા પાસેથી જીવવાનો અધિકાર આંચકી લેવામાં આવ્યો હતો.”

**કટોકટીનાં ભયાનક સમયને આપણે ન ભૂલવો જોઈએ. ભારતનાં લોકોએ લોકશાહી રીતે કટોકટીને દૂર કરીને લોકશાહીની પુનઃ સ્થાપના કરી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાનાં મન કી બાત કાર્યક્રમમાં ઈમરજન્સીનાં સમયગાળાને યાદ કર્યો અને કહ્યું કે સરમુખત્યારશાહીની માનસિકતાને, સરમુખત્યારશાહીની વૃત્તિ-પ્રવૃત્તિને લોકશાહી રીતે પરાજિત કરવાનું આવું ઉદાહરણ સમગ્ર વિશ્વમાં મળવું મુશ્કેલ છે. વડાપ્રધાને ફરી એક વાર યુનિકોર્નનો ઉલ્લેખ કર્યો અને ખેલો ઈન્ડિયામાં સામેલ ખેલાડીઓ અને તેમની સિધ્ધિઓની પણ ચર્ચા કરી. પીએમ મોદીએ ક્રિકેટર મિતાલી રાજની પણ ચર્ચા કરી. પ્રસ્તુત છે ‘મન કી બાત’ના અંશઃ**

- **કટોકટીને ઉથલાવી નાખીઃ** જન આંદોલનનાં માધ્યમથી ભારતીયોએ 1975માં લાદવામાં આવેલી કટોકટીને ઉખાડી નાખી, જે ભારતના ઈતિહાસનું કાળું પ્રકરણ હતું. હું એ તમામ નાયકોને સલામ કરું છું, જેમણે કટોકટીનો વિરોધ કર્યો. આ જીતે આપણા લોકશાહી સંસ્કારોને પ્રબળ કર્યા.
- **ઈન –સ્પેસ નામની એજન્સીની સ્થાપનાઃ** આજે ભારત આટલી બધી સફળતાની ઊંચાઈઓ પાર કરી રહ્યું છે ત્યારે આકાશ કઈ રીતે તેનાંથી અસ્પૃશ્ય રહી શકે. વીતેલાં કેટલાંક સમયમાં આપણા દેશમાં અવકાશ ક્ષેત્ર સાથે સંકળાયેલાં અનેક કામ થયા છે. આ ઉપલબ્ધિઓમાંથી એક છે ઈન-સ્પેસ નામની એજન્સીનું નિર્માણ.
- **ખેલાડીઓએ અનેક રેકોર્ડ બનાવ્યાઃ** તાજેતરમાં જ યોજાયેલા ખેલો ઈન્ડિયા યુથ ગેમ્સમાં આપણા ખેલાડીઓએ અનેક રેકોર્ડ સર્જ્યા. આ રમતોમાં કુલ 12 રેકોર્ડ તૂટ્યા છે. આટલું જ નહીં, 11 રેકોર્ડ મહિલા ખેલાડીઓનાં નામે થયાં છે. પોતાની મહેનતથી ખેલાડીઓએ બતાવી દીધું કે આગામી સમયમાં આંતરરાષ્ટ્રીય રમતોમાં ભારતની શાખ કેટલી વધવાની છે.
- **અસાધારણ ખેલાડી મિતાલી રાજઃ** મિતાલી રાજે આ મહિને ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી છે. આ જાહેરાતે અનેક રમતપ્રેમીઓને ભાવુક કરી દીધા છે. તે એક અસાધારણ ખેલાડી જ નહીં, પણ અનેક ખેલાડીઓ માટે પ્રેરણાસ્ત્રોત પણ રહી. હું તેમનાં ભવિષ્ય માટે અનેક શુભકામનાઓ પાઠવું છું.
- **‘રિસાઈકલિંગ ફોર લાઈફ’ અભિયાનઃ** પુડુચેરીના યુવાનોએ પોતાની સ્વયંસેવી સંસ્થાઓ દ્વારા ‘રિસાઈકલિંગ ફોર લાઈફ’ અભિયાન શરૂ કર્યું છે. આજે પુડુચેરીના કરાઈકલમાં દરરોજ હજારો કિલો કચરાનો સંગ્રહ કરવામાં આવે છે અને તેમાં જે ઓર્ગેનિક કચરો હોય છે તેમાંથી ખાતર બનાવવામાં આવે છે, બાકી, બીજી ચીજોને અલગ અલગ કરીને રિસાઈકલ કરવામાં આવે છે.
- **જળ સંરક્ષણ, જીવન સંરક્ષણઃ** જળ સંરક્ષણ વાસ્તવમાં જીવન સંરક્ષણ છે. તમે જોયું હશે કે આજકાલ અનેક ‘નદી મહોત્સવ’ થવા માંડ્યા છે. તમારાં શહેરમાં પણ આ પ્રકારનાં જળ સ્રોત હોય તો ત્યાં આવું આયોજન જરૂર કરો.
- **એક ભારત-શ્રેષ્ઠ ભારતઃ** આપણાં દેશમાં આધ્યાત્મિક યાત્રાઓ, તે વિસ્તારનાં લોકો માટે રોજગારીની તકો સર્જે છે. યાત્રાઓ પણ એક ભારત-શ્રેષ્ઠ ભારતનાં શ્રેષ્ઠ ઉદાહરણ છે.
- **કોવિડથી સાવધાની રાખોઃ** હું બધાંને આગ્રહ કરું છું કે કોવિડ અંગે તમામ સાવચેતીઓનું પાલન કરવાનું ચાલુ રાખો અને બુસ્ટર ડોઝ જરૂર લગાવો. આપણે મહામારી પ્રત્યે જરા પણ ઢીલાશ રાખવાની નથી અને સાથે સાથે ચોમાસાની મોસમમાં સંબંધિત બિમારીઓથી પણ સાવચેત રહેવાનું છે.

મન કી બાત સંપૂર્ણ સાંભળવા માટે QR કોડ સ્કેન કરો.

न्यू ईन्डिया
**સમાચાર**

**વર્ષઃ 03 અંકઃ02 16-31 જુલાઈ, 2022**

**સંપાદક**
**જયદીપ ભટનાગર,**
મુખ્ય મહાનિદેશક,
પ્રેસ ઇન્ફોર્મેશન બ્યુરો, નવી દિલ્હી

વરિષ્ઠ સલાહકાર સંપાદક
**સંતોષકુમાર**

વરિષ્ઠ સહાયક સલાહકાર સંપાદક
**વિભોર શર્મા**
સહાયક સલાહકાર સંપાદક
**અખિલેશ કુમાર**
**ચંદન કુમાર ચૌધરી**

ભાષા સંપાદન
**સુમીત કુમાર (અંગ્રેજી),**
**જયપ્રકાશ ગુપ્તા (અંગ્રેજી),**
**અનિલ પટેલ (ગુજરાતી),**
**નદીમ અહેમદ (ઉર્દૂ),**
**પોલમી રક્ષિત (બંગાળી),**
**હરિહર પંડા (ઉડિયા)**

સીનિયર ડિઝાઈનર
**શ્યામ શંકર તિવારી**
**રવિન્દ્રકુમાર શર્મા**
ડિઝાઈનર
**દિવ્યા તલવાર, અભય ગુપ્તા**




**13 ભાષામાં ઉપલબ્ધ ન્યૂ ઇન્ડિયા સમાચાર વાંચવા માટે ક્લિક કરો**
https://newindiasamachar.pib.gov.in/news.aspx
**ન્યૂ ઇન્ડિયા સમાચારના જૂના અંક વાંચવા માટે ક્લિક કરો**
https://newindiasamachar.pib.gov.in/archive.aspx

**ન્યૂ ઇન્ડિયા સમાચાર અંગે સતત અપડેટ મેળવવા ફોલો કરોઃ-** @NISPIBIndia

## અંદરનાં પાને...

# અમૃત યાત્રા તરફ નવા ભારતનું પ્રસ્થાન



**કવર સ્ટોરી** | જાણો... સમસ્યાઓનાં કાયમી ઉકેલનાં અભિગમ સાથે કેન્દ્ર સરકારે કઈ રીતે ધારણાઓમાં પરિવર્તન લાવીને સરળીકરણ દ્વારા પ્રત્યેક વ્યક્તિનું જીવન સરળ બનાવ્યું. 16-31

## ફ્લેગશિપ યોજના વૃધ્ધોને આર્થિક આશ્રય



**....ઉચ્ચક રોકાણ દ્વારા પેન્શનનો લાભ નિવૃત્તિની ઉંમર બાદ વૃધ્ધોનો આશરો બન્યો**
40-41

## અંગ્રેજોની જેલ રાષ્ટ્રભક્તિને કેદ ન કરી શકી



**સ્વતંત્રતા આંદોલનના એવા સેનાનીઓની કહાની જેમની દેશભક્તિને અંગ્રેજોની જેલો કેદ ન કરી શકી**
44-47


**સમાચાર સાર** | 4-5

**ઉત્સાહ સાથે જીવવાની તક...**
અગ્નિપથ યોજનાથી દેશનાં યુવાનો આત્મનિર્ભર બનશે.| 6-10

**ગ્રામીણ અર્થતંત્ર માટે મોટું પગલું**
કેબિનેટની બેઠકમાં મહત્વનાં નિર્ણયો. | 11

**ગુજરાતમાં વિકાસની 'ગૌરવ યાત્રા'**
વડાપ્રધાનનાં બે દિવસનાં ગુજરાત પ્રવાસમાં અનેક ભેટ | 12-13

**MSME સેક્ટર એટલે આત્મનિર્ભર ભારતની પ્રાણશક્તિ**
અર્થતંત્રનો પાયો MSME સેક્ટર પર વિશેષ ધ્યાન.. | 14-15

**વાણિજ્ય ક્ષેત્રમાં ભારતની સફળતાઓનું પ્રતીક**
નવા વાણિજ્ય ભવનનું ઉદઘાટન, નિર્યાત પોર્ટલની શરૂઆત | 32-33

**ઇઝ ઓફ ટ્રાવેલ દ્વારા બેંગલુરુની પ્રગતિ થશે**
કર્ણાટકમાં વિકાસ સંલગ્ન અનેક નવી શરૂઆત | 34-35

**વિશ્વ મંચ પર ભારતની મજબૂત ઓળખ**
જી-7ની બેઠકમાં વડાપ્રધાન મોદીએ અનેક મુદ્દા રજૂ કર્યા 36-38

**વિશ્વનો 'યોગ'**
8મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસ પર વિશેષ આયોજન | 39

**કારગિલના પરમવીર**
26 જુલાઈનાં રોજ કારગિલ વિજયની 23મી વર્ષગાંઠ પર વિશેષ | 42-43

**પ્રથમ વાર યજમાન બન્યું ભારત**
ચેસ ઓલિમ્પિયાડના 95 વર્ષનાં ઇતિહાસમાં પ્રથમ વાર સન્માન મળ્યું | 48



**પ્રકાશક અને મુદ્રકઃ** સત્યેન્દ્ર પ્રકાશ, મુખ્ય મહાનિદેશક, સીબીસી (સેન્ટ્રલ બ્યૂરો ઓફ કમ્યુનિકેશન વતી) | **મુદ્રણઃ** અરાવલિ પ્રિન્ટર્સ એન્ડ પબ્લિશર્સ પ્રાઇવેટ લિમિટેડ, W-30 ઓખલા ઇન્ડસ્ટ્રીયલ એરિયા, ફેઝ-ટુ, નવી દિલ્હી-110020 | **સંદેશાવ્યવહારનું સરનામું અને ઇમેલઃ** રૂમ નંબર-278, સેન્ટ્રલ બ્યૂરો ઓફ કમ્યુનિકેશન, સૂચના ભવન, બીજો માળ, નવી દિલ્હી-110003| **ઇમેલઃ** response-nis@pib.gov.in **RNI No.** : DELGUJ/2020/78810

# સંપાદકની કલમે....

સાદર નમસ્કાર.

આઝાદીનો અમૃત મહોત્સવ તેનાં સમાપન તરફ છે અને 75મું વર્ષ ભારતનાં અભૂતપુર્વ સર્વસમાવેશી વિકાસ અને આકાંક્ષાઓનું સાક્ષી બની રહ્યું છે. ભારત નવાં સપના પણ જોઈ રહ્યું છે, નવા સંકલ્પ પણ લઈ રહ્યું છે અને સંકલ્પોને સિધ્ધિમાં પરિવર્તિત કરવા માટે લાગી ગયું છે. નીતિઓ પણ સ્પષ્ટ છે અને સુધારાઓ માટે પ્રતિબધ્ધતા પણ છે. પાંચ વર્ષ બાદ ક્યાં પહોંચવું છે અને આગામી 25 વર્ષની અમૃત યાત્રામાં ક્યાં પહોંચવું છે તે આત્મનિર્ભર ભારતનો રોડમેપ પણ તૈયાર છે. અહીં સુધી  પહોંચવામાં ભારતે વીતેલાં કેટલાંક વર્ષોમાં મજબૂત છબી બનાવી છે અને સમસ્યાઓનાં તાત્કાલિક ઉકેલની સાથે સાથે લાંબા ગાળાનાં ઉપાયો પર કામ કરીને કાયમી ઉકેલની દિશામાં પગલાં ભર્યાં છે.

એવી ધારણા અને માન્યતા ઘર કરી ગઈ હતી કે સિસ્ટમમાંથી ભ્રષ્ટાચાર દૂર ન થઈ શકે, પણ ટેકનોલોજીનો ઉપયોગ કરીને તમામ લાભાર્થી સુધી 100 ટકા લાભ પહોંચાડવામાં આવી રહ્યો છે. સામાજિક-આર્થિક મુદ્દા હોય કે સાંસ્કૃતિક-વૈશ્વિક, તમામ મુદ્દાનાં કાયમી ઉકેલનો અભિગમ અપનાવવામાં આવ્યો છે. પ્રત્યેક વ્યક્તિની અપેક્ષા પૂરી કરવા માટે કેન્દ્ર સરકાર વ્યસ્ત છે. સાત દાયકાઓ સુધી જે સમસ્યાઓને કાયમી માની લેવામાં આવી તેનાં કાયમી ઉકેલનો અભિગમ હવે નવા ભારતની ઓળખ બની ગઈ છે. વિજ્ઞાન અને ટેકનોલોજી ભારતનાં વિકાસનું એવું ઉપકરણ બની ગયું છે જે વહીવટી સુધારા, વીજળી, રેલ સુધારા, ભ્રષ્ટાચાર પર અંકુશ, કર પારદર્શિતા, જીએસટી દ્વારા એક દેશ-એક કર, સ્કિલ ઈન્ડિયા, સ્ટાર્ટઅપ ઈન્ડિયા, ડિજિટલ ઈન્ડિયા, ખેડૂતો અને મહિલાઓનાં હિતમાં પગલાં, શિક્ષણનાં ક્ષેત્રમાં પરિવર્તનથી માંડીને સંરક્ષણ આધુનિકીકરણ અને દાયકાઓથી પેન્ડિંગ પ્રોજેક્ટ્સ સાકાર થઈ રહ્યા છે, જે પહેલાં અશક્ય લાગતા હતા.

કઈ રીતે નવાં પ્લેટફોર્મ વિક્સાવવામાં આવ્યા અને કાયમી ઉકેલની દિશામાં પગલાં લેવામાં આવ્યા એ અંગેનો અહેવાલ અમૃત મહોત્સવ વર્ષનાં સમાપન પહેલાંના પખવાડિયાના અંકમાં કવર સ્ટોરી બની છે. યુવા સપનાઓને ઉડાન આપીને આત્મનિર્ભર ભારતની પટકથા લખવામાં આવી રહી છે. સાથે સાથે, પીએમ વય વંદના જેવી યોજનાઓ વડીલોનું જીવન સલામત બનાવી રહી છે. કારગિલ વિજય દિવસ પ્રસંગે કારગિલનાં પરમ યોદ્ધાઓની કહાની, અમૃત મહોત્સવની શ્રૃંખલામાં ગુમનામ નાયકોની પ્રેરક ગાથા અને વડાપ્રધાનનાં વિદેશ પ્રવાસોથી માંડીને દેશમાં વિકાસ યોજનાઓ સાથે સંકળાયેલા અન્ય કાર્યક્રમ  આ અંકનાં વિશિષ્ટ આકર્ષણ છે.


આપનાં કિંમતી સૂચનો અમને મોકલતા રહેશો..

**હિંદી, અંગ્રેજી અને અન્ય 11 ભાષાઓમાં ઉપલબ્ધ મેગેઝીન વાંચો/ડાઉનલોડ કરો.**
**https://newindiasamachar.pib.gov.in/news.aspx**

જયદીપ ભટનાગર

**(જયદીપ ભટનાગર)**

# પ્રતિભાવ..




### વાચકોના જ્ઞાનમાં વધારો કરે છે ન્યૂ ઇન્ડિયા સમાચાર

ન્યૂ ઇન્ડિયા સમાચારના મુખ્ય સંપાદક અને તેમની સમગ્ર ટીમનો આભાર. ખાસ વાત એ છે કે ન્યૂ ઇન્ડિયા સમાચારના માધ્યમથી નિઃસ્વાર્થ ભાવે દેશ અને રાષ્ટ્રહિતમાં વાચકનો જ્ઞાનમાં વધારો થઈ રહ્યો છે. વાસ્તવમાં આ એક મહાન કાર્ય છે. ભગવાન આપના લેખનને વધુ શક્તિ પ્રદાન કરે અને આપણું પાક્ષિક ન્યૂ ઇન્ડિયા સમાચાર દેશમાં જ નહીં, પણ સમગ્ર વિશ્વમાં નંબર વન બને. આપને અને આપના તમામ સાથીઓને અભિનંદન.

**અરવિંદ ડી જાધવ પાટીલ વાટેગાંવકર**
**arvindjadhavpatil333@gmail.com**

### આ મેગેઝિન દેશનાં તમામ ગામો સુધી પહોંચવું જોઇએ

ન્યૂ ઇન્ડિયા સમાચાર મેગેઝીન ઉમદા મેગેઝીન છે, જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં વડપણમાં પ્રગતિ કરી રહેલા વિશ્વ ગુરુ અને લોકશાહી દેશ ભારતની કહાની વાંચવાં મળે છે. માનનીય વડાપ્રધાન દ્વારા દેશનાં વિકાસ માટે ગ્રામીણ યોજનાઓનું સંચાલન કરીને સમૃધ્ધ ભારતનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. આ મેગેઝીન ભારત દેશનાં તમામ ગામો સુધી પહોંચવું જોઈએ, જેનાંથી દેશનાં નાગરિકોનું સન્માન વધશે. આ મેગેઝીનમાં ગ્રામીણ સમાચારનાં માધ્યમથી દેશનું ગૌરવ વધારવાનું કામ પણ થઈ રહ્યું છે.

**-આર એ કોવિદ**
**kovid.563@gmsil.com**

### આખું મેગેઝીન વાંચી જવાનું મન થાય છે

ન્યૂ ઇન્ડિયા સમાચાર મેગેઝીનની સામગ્રીને એટલી ક્રમબધ્ધ અને સંતુલિત રીતે લખવામાં આવે છે કે આખું વાંચી જવાની ઇચ્છા થાય છે. રાષ્ટ્રીય યોજનાઓની માહિતી, ભારતમાં સ્ટાર્ટઅપ ઇકો સિસ્ટમમાં વધારો અને સરકારનાં 8 વર્ષનાં સુશાસનની ઉપલબ્ધિઓની માહિતી મળવાથી આપણાં દ્રષ્ટિકોણમાં પણ પરિવર્તન થાય છે.

**હનવંતસિંહ રાઠોડ**
**hanwantsinghrathore0@gmail.com**

### ન્યૂ ઇન્ડિયા સમાચાર વાંચવાથી સંતોષ મળે છે

16-30 જૂનનો અંક વાંચ્યો. મેગેઝીનનાં માધ્યમથી તમામ પ્રકારની સરકારી યોજનાઓ અને જાહેરાતો અંગે માહિતી મળી. ઈમેલ પર મળેલો આ અંક વાંચીને વડાપ્રધાન નરેન્દ્ર મોદી પ્રત્યેનો આદર વધી ગયો. મોદીજીનાં માતાનો 100મો જન્મદિવસ ગયો. મોદીજીને હાર્દિક શુભેચ્છા. મારી જમણી આંખનાં રેટિનામાં ગંભીર સમસ્યા આવી ગઈ હતી, જેનું બે વાર ઓપરેશન કરવામાં આવ્યું છે. તેમ છતાં ન્યૂ ઇન્ડિયા સમાચારનો અંક વાંચીને તેનાં પર ટિપ્પણી કરીને મનને સંતુષ્ટિ મળે છે. આટલું સરસ સંકલન અને સારગર્ભિત સંપાદકીય બદલ આપને હૃદયપૂર્વકનાં અભિનંદન.

**શ્રીગોપાલ શ્રીવાસ્તવ | shrigopal6@gmail.com**

**ફોલો કરો @NISPIBIndia**

**સંદેશાવ્યવહારનું સરનામું અને ઇમેલ: રૂમ નંબર-278, સેન્ટ્રલ બ્યૂરો ઓફ કમ્યુનિકેશન, સૂચના ભવન, બીજો માળ, નવી દિલ્હી-110003 | ઇમેલ: response-nis@pib.gov.in**



એક સંદેશ સ્વચ્છતાનો...

# જ્યારે વડાપ્રધાન મોદીએ રસ્તા પરથી પાણીની ખાલી બોટલ અને કચરો ઉઠાવ્યો

સ્વચ્છતા એવો વિષય છે જે દરેક ઉંમરની વ્યક્તિ માટે સમાન મહત્વ ધરાવે છે. મહાત્મા ગાંધી કહેતા હતા, "જો કોઈ વ્યક્તિ સ્વચ્છ ન હોય તો તે સ્વસ્થ ન રહી શકે." સ્વચ્છતાનાં આ સંદેશાની સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 2014માં સ્વચ્છતા માટે વિશ્વનાં સૌથી મોટા અભિયાનની શરૂઆત કરી હતી. તેમણે અનેક વાર પોતાનાં વ્યવહાર દ્વારા દેશવાસીઓને સ્વચ્છતાનો સંદેશા આપ્યો છે. ગંદી વસ્તીમાં કચરો સાફ કરતા અને મામલપુરમમાં દરિયા કિનારે કચરો ઉપાડતા વડાપ્રધાનની તસવીરો આપણે જોઈ છે. આવી જ એક તસવીર 19 જૂનનાં રોજ જોવા મળી, જ્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દિલ્હીના પ્રગતિ મેદાન કોરિડોર ટનલનું ઉદઘાટન કરવા ગયા. ટનલનું નીરિક્ષણ કરતી વખતે ત્યાં પડેલી પાણીની ખાલી બોટલ અને કચરાને ઉપાડીને વડાપ્રધાને ફરી એક વાર સ્વચ્છતાનો સંદેશ આપ્યો. ઉલ્લેખનીય છે કે, માનવ આરોગ્યની આ સૌથી મોટી મૂડી મેળવવા માટે 2014માં શરૂ કરવામાં આવેલું સ્વચ્છ ભારત અભિયાન હાલમાં બીજાં તબક્કામાં છે. આ અભિયાન હેઠળ 11 કરોડથી વધુ શૌચાલય બનાવવામાં આવ્યા છે. એક અહેવાલ પ્રમાણે સ્વચ્છ ભારત અભિયાનને કારણે ભારતનાં દરેક પરિવારને વર્ષે આશરે રૂ. 53,336ની બચત થાય છે.

વૈશ્વિક પડકારો વચ્ચે દેશમાં રોજગારમાં વધારો


## એપ્રિલમાં ઇએસઆઇસીમાં 12.67 લાખ નવા સભ્યો જોડાયા

નોકરી શોધી રહેલા યુવાનો માટે આ સમાચાર ચહેરા પર હાસ્ય લાવી શકે તેમ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં વડપણ અને કલ્યાણકારી નીતિઓને કારણે દેશમાં યુવાનો માટે રોજગારની તકો વધી છે. એટલાં માટે કર્મચારી રાજ્ય વીમા નિગમ સાથે સંકળાયેલા નવા સભ્યોની સંખ્યામાં વિક્રમ વધારો થયો છે. કર્મચારી રાજ્ય વીમા નિગમની સામાજિક સુરક્ષા યોજનામાં એપ્રિલ 2022માં આશરે 12.67 લાખ નવા સભ્ય સામેલ થયા છે. નેશનલ સ્ટેટેસ્ટિકલ ઓર્ગેનાઇઝેશન (NSO)નાં અહેવાલ પ્રમાણે કર્મચારી રાજ્ય વીમા નિગમની યોજનાઓ સાથે 2021-22માં 1.49 કરોડ લોકો જોડાયા, જ્યારે 2020-21માં 1.15 કરોડ નવા સભ્ય જોડાયા હતા.

પર્ફોમન્સ ગ્રેડિંગ ઇન્ડેક્સ 2018-19 અને 2019-20 પ્રસિધ્ધ

# 365 જિલ્લામાં શાળા શિક્ષણ સારું

સભ્ય સમાજનો સૌથી પ્રાથમિક આધાર શિક્ષણ છે. આ આધારને મજબૂત કરવાની શરૂઆત શાળાથી થાય છે. વિવિધ સામાજિક-આર્થિક પૃષ્ઠભૂમિના લગભગ 26 કરોડ વિદ્યાર્થીઓ, તેમને ભણાવનારા 97 લાખ શિક્ષક અને 15 લાખ શાળાઓ સાથે ભારતીય શિક્ષણ વ્યવસ્થા વિશ્વમાં સૌથી મોટી છે. પણ 15 લાખ શાળાઓમાં શિક્ષણની વ્યવસ્થા કેવી છે? ઇન્ફ્રાસ્ટ્રચર કેવું છે?મેનેજમેન્ટ કેવું છે? ડિજિટલ લર્નિંગ કેવું છે? વીતેલા વર્ષની સરખામણીમાં રાજ્યો /કેન્દ્રશાસિત પ્રદેશોમાં તેમાં કેટલો સુધારો થયો છે. ? આવા 12 સવાલોના જવાબ શોધવા માટે વર્ષ 2019માં પ્રથમ વાર કેન્દ્રીય શિક્ષણ મંત્રાલયે રાજ્યવાર પર્ફોમન્સ ગ્રેડિંગ ઇન્ડેક્સ જારી કર્યો હતો. તેની સફળતાનાં આધારે પ્રથમ વાર વર્ષ 2018-19 અને 2019-20 માટેનાં જિલ્લાવાર રિપોર્ટ પ્રસિધ્ધ કરવામાં આવી છે. આ રિપોર્ટ 9 શ્રેણીમાં તૈયાર કરવામાં આવ્યા છે. વર્ષ 2018-19માં 83 મુદ્દાઓ પરથી પરીક્ષણ કરવામાં આવ્યું છે. અહેવાલ પ્રમાણે, ભારતનાં આશરે 365 જિલ્લામાં શાળાકીય શિક્ષણનું સ્તર ઉત્તમ અથવા તેનાંથી સારું છે. દેશનાં ત્રણ જિલ્લાએ 'ઉત્કર્ષ શ્રેણી'માં સ્થાન મેળવ્યું છે. વિસ્તૃત રિપોર્ટ https://pgi.udiseplus.gov.in/#/home પર જોઈ શકાય છે.



## ડિજિટલ ઇન્ડિયાઃ યુપીઆઇ લેવડદેવડ 90 ટકા વધ્યું

વર્ષ 2014માં દેશનું વડપણ વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં હાથમાં આવ્યા પછી જે ક્ષેત્રોમાં સફળતાની નવી કહાની લખવાનું શરૂ થયું તેમાં બેન્કિંગ, ડિજિટલ અને ટેકનોલોજીના ક્ષેત્ર ખાસ છે. 1 જુલાઇ, 2015નાં રોજ શરૂ થયેલા ડિજિટલ ઇન્ડિયા કાર્યક્રમે આ ક્ષેત્રમાં અનેક સીમાચિહ્ન હાંસલ કર્યા છે, તો યુપીઆઇએ દર વર્ષે સફળતાનાં નવા વિક્રમ સર્જ્યા છે. વર્લ્ડ લાઇનનાં લેટેસ્ટ અહેવાલ પ્રમાણે વર્ષ 2022ના પ્રારંભનાં ત્રણ મહિના જાન્યુઆરીથી માર્ચ દરમિયાન યુપીઆઇ દ્વારા 26.19 લાખ કરોડ રૂપિયાનાં કુલ 14.55 અબજથી વધુ ટ્રાન્ઝેક્શન થયા. ટ્રાન્ઝેક્શનનો આ આંક 2021નાં સમાન સમયગાળા કરતાં 99 ટકા વધુ અને મૂલ્યના સંદર્ભમાં 90 ટકા વધુ છે.

## ભારત માટે રેકોર્ડ તોડનારું વર્ષ 2022

કોઇ પણ દેશ જ્યારે સમય પર સાચા નિર્ણયો લઈને સાચી નિયતથી બધાંને સાથે લઈને ચાલે છે ત્યારે તેનો ઝડપી વિકાસ નિશ્ચિત છે. આ નવા અભિગમ સાથે વીતેલાં આઠ વર્ષમાં આગળ વધી રહેલા ભારત માટે 2022 નવાં રેકોર્ડનું વર્ષ સાબિત થઈ રહ્યું છે. જીએસટી વસૂલાતથી માંડીને અર્થતંત્ર સાથે જોડાયેલાં અનેક મોરચા પર ભારતે નવા રેકોર્ડ હાંસલ કર્યા છે.

### નાણાકીય વર્ષ 2021-22

- મહત્તમ નિકાસ
- મહત્તમ ડિજિટલ લેવડદેવડ
- મહત્તમ રેલવે માલ લોડિંગ
- મહત્તમ ઈલેક્ટ્રિક ગતિશીલતા અપનાવી
- મહત્તમ ઈ-વે બિલ
- મહત્તમ અપ્રત્યક્ષ કર વસૂલાત
- સૌથી ઝડપથી આગળ વધી રહેલું અર્થતંત્ર

### એપ્રિલ 2022

- મહત્તમ જીએસટી વસૂલાત
- મહત્તમ વીજ માંગ પૂરવઠો




## એક દેશ-એક રેશન કાર્ડઃ હવે ગમે ત્યાં રેશન કાર્ડ દ્વારા અનાજ મળી શકશેઃ આ યોજનામાં છેલ્લું રાજ્ય પણ જોડાયું

તમારું રેશન કાર્ડ મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર કે બિહારનાં કોઈ ગામ કે શહેરમાં બન્યું છે પણ તમે રોજગારી માટે દિલ્હી, પંજાબ, કોલકાતા કે આસામમાં કામ કરવા જતા રહ્યા છો. તો ચિંતા કરવાની કોઈ જરૂર નથી. તમે રેશન કાર્ડ પર મળતું અનાજ એ રાજ્યમાં પણ લઈ શકો છો. ઓગસ્ટ 2019માં શરૂ થયેલી કેન્દ્ર સરકારની મહત્વાકાંક્ષી યોજના 'એક દેશ-એક રેશન કાર્ડ' હવે સમગ્ર દેશમાં લાગુ થઈ ગઈ છે. 21 જૂનનાં રોજ આસામ આ યોજના સાથે જોડાનાર અંતિમ રાજ્ય બની ગયું છે. ઉલ્લેખનીય છે કે યોજનાનો મહત્તમ લાભ ઉઠાવવા માટે કેન્દ્ર સરકારે મેરા રેશન મોબાઇલ એપ્લિકેશન (Mera Ration App)પણ શરૂ કરી છે. આ એપ લાભાર્થીઓને વાસ્તવિક સમય પર માહિતી ઉપલબ્ધ કરાવી રહી છે. હાલમાં તે 13 ભાષાઓમાં ઉપલબ્ધ છે.●



## અગ્નિપથ યોજના

# ઉમંગ અને ઉત્સાહપૂર્વક જીવવાની તક...

**હૃદયમાં ઉછળતો ઉમંગ, અદમ્ય સાહસ અને સ્પષ્ટ સંકલ્પ લેવાની ચાહતનું નામ છે યુવાવસ્થા. યુવાનો રાષ્ટ્રનાં વિકાસનો પાયો હોય છે.. અને વળી ભારત તો વિશ્વનું સૌથી યુવા રાષ્ટ્ર છે, જ્યાં યુવાનોની વસતિ આશરે 18 ટકા છે. આ યુવા કૌશલ્યયુક્ત થાય એ આજનાં સમયની સૌથી મોટી જરૂર છે. તો ભારતની અગ્રણી રાષ્ટ્ર રક્ષા હરોળને મજબૂત કરનારી સૌથી સારી યોજના અગ્નિપથનો આધાર પણ આ યુવાનો જ છે...જેથી એક મજબૂત ભારતનાં નિર્માણની સાથે સાથે યુવા શક્તિને મળે સાચી મંઝિલ...**

# અગ્નિપથ... જાણો સાચી હકીકત

**સલામતી દળોને યુવા અને વધુ મજબૂત રૂપ આપવાના હેતુથી પ્રથમ વાર અગ્નિપથ યોજનાની શરૂઆત કરવામાં આવી છે. એટલાં માટે જરૂરી છે કે કોઈ પણ અનુમાન કરતાં પહેલાં આ યોજના સાથે સંકળાયેલી સાચી હકીકતોને જાણીએ..**





✗ સશસ્ત્ર દળોનાં ભૂતપુર્વ અધિકારીઓની સલાહ નહોતી લેવામાં આવી

✓ **અનેક અધિકારીઓએ આ યોજનાના ફાયદા બતાવ્યા છે અને તેનું સ્વાગત કર્યું છે**

✗ 21 વર્ષનાં યુવાન સેના માટે અપરિપક્વ અને અવિશ્વસનીય છે

✓ **કોઈ પણ સમયે અનુભવી લોકોની સરખામણીમાં યુવાનોની સંખ્યા વધુ નહીં હોય. વર્તમાન યોજના અંતર્ગત લાંબા સમય સુધી યુવાનો અને અનુભવી સુપરવાઈઝર રેન્કનો રેશિયો 50-50 ટકાનો રહેશે.**

✗ આ સશસ્ત્ર દળોની ગુણવત્તાને નુકસાન પહોંચાડશે

✓ **ટૂંકા ગાળાની ભર્તીની આવી પ્રણાલિ મોટાં ભાગનાં દેશોમાં અસ્તિત્વમાં છે, જે અસરકારક સાબિત થઈ છે. યુવાનો અને સશક્ત સેના બંને માટે તેને સારી માનવામાં આવે છે.**

✗ આ યોજનાને કારણે યુવાનો માટે રોજગારીની તકો ઘટી જશે.

✓ **સશસ્ત્ર દળોમાં નોકરીની તકોમાં વધારો થશે. આગામી વર્ષોમાં સશસ્ત્ર દળોમાં વર્તમાન ભર્તીનાં લગભગ ત્રણ ગણા અગ્નિવીરોની ભર્તી થશે.**


✗ અગ્નિવીરોનું ભવિષ્ય અસલામત છે.

✓ **નિવૃત્તિ બાદ નોકરી માટે ઇચ્છુક અગ્નિવીર યુવાનોને સીએપીએફ અને આસામ રાઈફલ્સમાં 10 ટકા અનામત આપવામાં આવ્યું છે. આ ઉપરાંત, રાજ્યોની પોલિસમાં તેમને પ્રાથમિકતા મળશે. અન્ય સેક્ટર્સમાં પણ તેમનાં માટે વિકલ્પો ખોલવામાં આવી રહ્યા છે.**

જ્યારે દેશની સેના મજબૂત હોય તો રાષ્ટ્ર પણ મજબૂત બને છે. ભૌગોલિક પડકારો સાથે 15,000 કિલોમીટરથી વધુ જમીન સરહદ સાથે સતત વધતાં પડકારો, વિષમ આબોહવા અને દુશ્મનની હરકત પર નજર રાખવાની સાથે ખુદને સતત મજબૂત કરવાનો પ્રયાસ... આ એવાં પડકારો છે જેનો સામનો વિશ્વમાં ક્ષેત્રફળનાં હિસાબે સાતમો મોટો દેશ ભારત અને તેની ત્રણેય સેનાઓ સતત કરી રહી છે. સેનાઓને મજબૂત રાખવા માટે બદલાતાં સમયની સાથે ટેકનોલોજીકલ કાર્યક્ષમતા, આધુનિકીકરણની સાથે યુવાનોનો જુસ્સો વધારવો જરૂરી છે. કેન્દ્ર સરકાર સતત આ દિશામાં આગળ વધી રહી છે. સેનાના આધુનિકીકરણની સાથે સંરક્ષણ ઉત્પાદનમાં આત્મનિર્ભરતાની કવાયત આ દિશમાં મહત્વપૂર્ણ પગલું છે. આ માટે ત્રણેય સેનાઓને યુવાનોનાં જોશથી ભરવાની જરૂર હતી. અગ્નિપથ યોજના આ દિશમાં મહત્વનું પગલું છે. દરમિયાન, વાયુ સેનાએ તો ભર્તી યોજનાની શરૂઆત પણ કરી દીધી છે. અગ્નિવીર વાયુ બનવા માટે 5 જુલાઈ સુધી અરજી કરી શકાય છે. 29 જૂન સુધી 2,01,648 ઉમેદવારોએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. આ ઉપરાંત, ભૂમિ દળ અને નૌકા દળ માટે 1 જુલાઈથી રજીસ્ટ્રેશન શરૂ થઈ ગયું છે.

## એટલાં માટે જરૂર પડી

1989માં બનેલી અરુણ સિંહ કમિટી, 2000માં બનેલી



# અનેક દેશોમાં અગાઉથી આવી વ્યવસ્થા છે

**અમેરિકાથી માંડીને રશિયા અને ફ્રાન્સ સુધીનાં અનેક દેશોની સેનાઓમાં શોર્ટ સર્વિસની પ્રક્રિયા અપનાવવામાં આવે છે. તેને 'ટુર ઓફ ડ્યુટી' કહેવામાં આવે છે. ભારતમાં અગ્નિપથ યોજના શરૂ કરતા પહેલાં આ દેશોની શોર્ટ સર્વિસ પ્રક્રિયાનો ઝીણવટપૂર્વક અભ્યાસ કરવામાં આવ્યો છે.**

**અમેરિકા**

અમેરિકામાં 8 વર્ષ માટે સેનામાં ભર્તી કરવાનો વિકલ્પ છે. આ યોજના અંતર્ગત 10 સપ્તાહની જ બેઝિક અને એડવાન્સ ટ્રેઈનિંગ હોય છે. 4 વર્ષની સક્રિય ફરજ બાદ લશ્કરમાં ચાર વર્ષની સેવા રિઝર્વ તરીકે આપવાની હોય છે. અહીં સેનાની સરેરાશ ઉંમર 27 વર્ષ છે.

**ફ્રાન્સ**

અહીં 17.5 વર્ષની ઉંમરમાં સ્વૈચ્છિક સેવાની શરૂઆત થાય છે. 12 સપ્તાહની તાલીમ બાદ અહીં મલ્ટીપલ એન્ગેજમેન્ટ સિસ્ટમ અંતર્ગત 1,2,3,5,8 અથવા 10 વર્ષ સુધી સેવા આપી શકો છો. ફ્રાંસની સેનામાં જવાનોની સરેરાશ ઉંમર 27.4 વર્ષ છે.

**ઇઝરાયેલ**

અહીં 18 વર્ષની ઉંમરમાં સેનામાં સેવા આપવી ફરજિયાત છે. 4 મહિનાની તાલીમ બાદ પુરુષોને ત્રણ અને મહિલાઓને બે વર્ષની સેવા આપવાની હોય છે. અહીં સેનામાં કાયમી સેવા આપનારા જવાન બે તૃતીયાંશ છે. તો શોર્ટ સર્વિસ દ્વારા સેવા આપનારા જવાન એક તૃતીયાંશ છે.

**બ્રિટન**

આર્મી, નેવી અને એરફોર્સ માટે ટુર ઓફ ડ્યુટીની વય મર્યાદા અલગ અલગ છે. 14થી 30 સપ્તાહની તાલીમ બાદ 12 વર્ષની સેવા આપી શકાય છે, જેમાં 4 વર્ષની સેવા ફરજિયાત છે. અહીં જવાનોની સરેરાશ ઉંમર 26 વર્ષ છે.

### આ દેશોમાં પણ ટુર ઓફ ડ્યુટી જેવી યોજના છે

**રશિયા, તુર્કી, નોર્વે, થાઇલેન્ડ, સિંગાપોર, સીરિયા, દક્ષિણ કોરિયા, ઉત્તર કોરિયા, બ્રાઝીલ, ઓસ્ટ્રિયા, અંગોલા, ડેનમાર્ક, મેક્સિકો, ઇરાન સહિતનાં અનેક દેશોમાં આવી યોજના લાગુ છે.**

કારગિલ રિવ્યુ કમિટી, 2001માં મંત્રીઓનું જૂથ, 2006માં છઠ્ઠું પગાર પંચ અને 2016માં બનેલી શેકાતકર કમિટીએ ભારતીય સેનામાં વ્યાપક ફેરફાર કરવાની ભલામણ કરી હતી. તેમાં ભારતીય સેનાઓનું આધુનિકીકરણ, સંરક્ષણ ક્ષેત્રમાં ઉચ્ચ સ્તરીય પરિવર્તન, એકીકૃત કમાન્ડ સેન્ટર અને ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફનાં હોદ્દા સહિત જવાનો અને કમાન્ડિંગ ઓફિસર્સની સરેરાશ ઉંમર ઓછી કરવાની ભલામણનો સમાવેશ થાય છે. પ્રથમ વાર 1989માં સેનાને યુવાન બનાવવાનું વિચારવામાં આવ્યું હતું, ત્યારે જવાનોની સરેરાશ ઉંમર 30 વર્ષ હતી, જે હવે 32 વર્ષ થઈ ગઈ છે. આ આંકડાને ઘટાડીને 26 વર્ષ પર લાવવાનો છે. આ એટલાં માટે પણ જરૂરી છે કે વર્ષ 2030 સુધી 50 ટકા યુવાનોની સંખ્યા 25 વર્ષથી ઓછી હશે. કમાન્ડિંગ ઓફિસર્સની સરેરાશ ઉંમર પર સતત કામ કરીને તેની ઓછી કરવામાં આવી. હવે જવાનોની સરેરાશ ઉંમર ઘટાડવાની અને યુવા શક્તિને વધુ મજબૂત કરવાની જરૂર હતી. આ બાબતને ધ્યાનમાં રાખીને અગ્નિપથ યોજનાની શરૂઆત કરવામાં આવી છે. આ પરિવર્તન લાગુ કરવા અંગે છેલ્લાં કેટલાંક વર્ષમાં ઘણી ચર્ચા

# એ બધું જે તમે જાણવા માંગો છો...

## અગ્નિવીરોને મળશે લાભ

**પેકેજ** પ્રથમ વર્ષમાં લગભગ 4.76 લાખ રૂપિયા મળશે. ચોથા વર્ષમાં તે વધીને 6.92 લાખ રૂપિયા સુધી પહોંચશે.

સેવા નિધી-લગભગ 11.71 લાખ રૂપિયા (કર મુક્ત)

મૃત્યુના સંજોગોમાં વળતર-એક કરોડ રૂપિયાથી વધુ રકમ

ભથ્થાં- જોખમ અને હાડમારી સંબંધિત અન્ય ભથ્થાં, જે લાગુ હોય.

અપંગતાની સ્થિતિમાં વળતર-મેડિકલ ઓફિસર્સ દ્વારા નિર્ધારિત દિવ્યાંગતાના ટકા (50, 75, 100 ટકા)નાં આધારે દિવ્યાંગતા માટે ક્રમશઃ 15,25,44 લાખ રૂપિયાની ઉચ્ચક રકમ આપવામાં આવશે.

અગ્નિવીર કૌશલ્ય પ્રમાણપત્ર-નિવૃત્તિ બાદ નોકરી શોધવામાં મદદરૂપ.



## આવી રીતે થશે અગ્નિવીરોની ભર્તી

**ઉંમરઃ 17.5-21 વર્ષ   ફરજની મુદતઃ તાલીમની મુદત સહિત ચાર વર્ષ**

2022માં ભર્તી માટે મહત્તમ ઉંમર મર્યાદા વધારીને 23 વર્ષ કરવામાં આવી છે.

શૈક્ષણિક યોગ્યતા, ફિઝિકલ અને મેડિકલ ફિટનેસની વર્તમાન પ્રક્રિયા પ્રમાણે ભર્તી થશે. આ ભર્તી સમગ્ર દેશમાં મેરિટનાં આધારે થશે.

લશ્કરની ત્રણેય સેનાઓમાં અગ્નિવીરોની ભર્તી પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે.

2022માં 40,000 યુવાનોની ભર્તી કરવામાં આવશે. સંખ્યા વધીને 1.2 લાખ સુધી પહોંચશે.

થઈ. આ યોજનાને અંતિમ રૂપ આપવામાં ત્રણેય સેનાઓની સાથે ભારતીય સેનાના પ્રથમ સીડીએસ જનરલ બિપિન રાવત પણ સામેલ હતા. આ માટે દેશમાં જવાનોની ભર્તી પ્રક્રિયાનો અભ્યાસ કરવામાં આવ્યો. આ ઉપરાંત, સમયની સાથે ટેકનોલોજીમાં પણ પરિવર્તન આવી રહ્યું છે અને આપણે આધુનિક લડાઈ લડવા માટે સજ્જ યુવા સૈનિકોની જરૂર પડશે કારણ કે યુવાનો ટેકનોલોજીને સરળતાથી અપનાવી શકે છે. જવાનોની આ નવી ભર્તી યોજનાથી આ બંને બાબતો પર સંતુલન બની જશે. સેનામાં પ્રવેશ માટેની વય પહેલાં 17.5 વર્ષથી 21 વર્ષ હતી અને અગ્નિપથ યોજનામાં તેમાં કોઇ ફેરફાર કરવામાં આવ્યો નથી. પણ હવે જવાનોની ભર્તી માત્ર અગ્નિપથ યોજના દ્વારા જ થશે. કોવિડ કાળમાં બે વર્ષ સુધી ભર્તી પ્રક્રિયા રદ કરવામાં આવી હતી, એટલાં માટે પ્રથમ વર્ષમાં મહત્તમ વય મર્યાદામાં બે વર્ષની છૂટ આપવામાં આવી છે. અગ્નિપથ યોજના અંતર્ગત 46,000 જવાનોની ભર્તી કરવાની જાહેરાત થઈ છે. આ સંખ્યામાં સમયની સાથે સાથે

# એ બધું જે તમે જાણવા માંગો છો...

## જિંદગી બહાદુરતાથી જીવવાની તક

- યુવાનોને સશસ્ત્ર દળોમાં સામેલ થવાની અને રાષ્ટ્રની સેવા કરવાનું સપનું પૂરું કરવાની સુવર્ણ તક.
- શિસ્ત, પ્રેરણા, કૌશલ્ય અને શારીરિક ફિટનેસને આત્મસાત કરવામાં યુવાનો સક્ષમ બનશે.
- છ મહિનાની તાલીમ સહિત સેવાની મુદત ચાર વર્ષ હશે અને વર્તમાન તાલીમ કેન્દ્રોમાં કડક સૈન્ય તાલીમ આપવામાં આવશે.
- પહાડોથી માંડીને રેગિસ્તાન સુધીનાં વિવિધ વિસ્તારોમાં નૌકા, ભૂમિ કે વાયુ દળમાં રાષ્ટ્રની સેવા કરવાની તક.
- ફરજની મુદત દરમિયાન અગ્નિવીરોને વિશિષ્ટ પ્રતીક ચિહ્ન આપવામાં આવશે.
- દિશા નિર્દેશો પ્રમાણે અગ્નિવીર સન્માન અને પુરસ્કારના હકદાર રહેશે.
- 25 ટકા અગ્નિવીરોને નિયમિત રીતે સશસ્ત્ર દળોમાં સામેલ કરવામાં આવશે.
- વર્ષોની સૈન્ય તાલીમ, ટીમ નિર્માણ ક્ષમતા, નૈતિકતા અને ભાઈચારાની ભાવના ધરાવતા આત્મવિશ્વાસથી ભરપૂર સારા નાગરિકનું નિર્માણ થઈ શકશે.
- અગ્નિવીર રીઝ્યુમે એટલું અનોખું હશે કે તે ભીડમાં સૌથી અલગ તરી આવશે.

## ઉજ્જવળ હશે અગ્નિવીરોનું ભવિષ્ય

- શાળા શિક્ષણની તક અંતર્ગત નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઓપન સ્કુલિંગ (NIOS) દ્વારા 10મું ધોરણ પાસ અગ્નિવીરોને વધુ અભ્યાસ કરવા અને ધોરણ 12 સમકક્ષ પ્રમાણપત્ર મેળવવામાં મદદ કરવામાં આવશે.
- આ પ્રમાણપત્ર રોજગાર અને ઉચ્ચ શિક્ષણ માટે સંપૂર્ણ ભારતમાં માન્ય રહેશે.
- મંત્રાલય સ્નાતક માટે ક્રેડિટ તરીકે ઇન-સર્વિસ ટ્રેઇનિંગને માન્યતા પ્રદાન કરશે. ઉચ્ચ શિક્ષણ તક અંતર્ગત સેવારત સંરક્ષણ કર્મચારીઓ માટે ખાસ ત્રણ વર્ષનો કૌશલ્ય આધારિત બેચલર્સ ડિગ્રી પ્રોગ્રામ શરૂ કરવામાં આવશે. આ ડિગ્રી રોજગાર અને શિક્ષણ માટે ભારત અને વિદેશમાં માન્ય ગણાશે.

## સસ્તા દરે ઋણ સુવિધાઓ

- શિક્ષણ અને સ્વરોજગાર તથા કૌશલ્ય વર્ધન અને વ્યવસાય માટે યોગ્ય ઋણની સુવિધા
- જાહેર ક્ષેત્રની બેન્ક, વીમા કંપનીઓ અને નાણા સંસ્થાઓ યોગ્ય ઋણ યોજનાઓ દ્વારા મદદ કરશે.
- મુદ્રા, સ્ટેન્ડ અપ ઇન્ડિયા જેવી સરકારી યોજનાઓનો લાભ મળશે.
- સ્ટાર્ટઅપ શરૂ કરવા માટે સરળ ધિરાણની સુવિધા મળશે.
- ઉદ્યોગ સાહસિકતા અને સિવિલ નોકરીઓ માટે ચાલુ નોકરીએ કૌશલ ભારત દ્વારા સર્ટિફિકેટ. સિવિલ કેરિયર માટે ઇગ્નુ દ્વારા ડિગ્રી કોર્સ.

## અનેક તકો

- નિયમિત કેડરમાં ભર્તી થયા બાદ નિયમિત સૈનિક તરીકેનું નિશ્ચિત વેતન. વર્તમાન નિયમો પ્રમાણે પેન્શન. ભારતીય તટરક્ષક અને સંરક્ષણ હોદ્દાઓ તથા તમામ 16 સંરક્ષણ જાહેર એકમોમાં 10 ટકા અનામત.
- કેન્દ્રીય સશસ્ત્ર પોલિસ દળો (સીએપીએફ) અને આસામ રાઈફલ્સમાં ઉપરની વય મર્યાદામાં ત્રણ વર્ષની છૂટ.
- ભારતીય નૌકા સેનામાં રેટિંગથી મર્ચન્ટ નેવીમાં સર્ટિફાઈટ રેટિંગ થવાની તક
- રાજ્ય સરકારો દ્વારા રાજ્ય પોલિસ ભર્તીમાં પ્રાથમિકતા. નાગરિક ઉડ્ડયન મંત્રાલય-
- એટીસી, સલામતી, વહીવટ, આઈટી, સંદેશાવ્યવહાર, સપ્લાય ચેઈન મેનેજમેન્ટ, મેઈન્ટેનન્સ, વિમાનોનાં રિપેરિંગ અને ઓવરહોલમાં તક.



વધારો કરવામાં આવશે. દર વર્ષે 50-60 હજાર જવાનોની ભર્તી કરવામાં આવશે. પછી 90,000 અને પછી 1.25 લાખ સુધી આ આંકડો જઈ શકે છે. 25 ટકા અગ્નિવીરોને કાયમી કરવામાં આવશે. આ ઉપરાંત, નિવૃત્ત થનારા 75 ટકા યુવાનો માટે ભવિષ્યનાં અનેક વિકલ્પો ખોલવાની શરૂઆત થઈ ચૂકી છે. ●

## કેબિનેટનાં નિર્ણયો

# ગ્રામીણ અર્થતંત્ર માટે મોટું પગલું

**કેન્દ્ર સરકાર ખેડૂત અને કૃષિ ક્ષેત્રનાં કલ્યાણ માટે પ્રતિબધ્ધ છે. આ પ્રતિબધ્ધતા અંતર્ગત કેન્દ્રીય મંત્રીમંડળે દેશની 63,000 પ્રાથમિક કૃષિ ધિરાણ સમિતિઓ (PACS)ના કમ્પ્યુટરાઇઝેશનને મંજૂરી આપી છે. દેશમાં ટૂંકા ગાળાનાં સહકારી ધિરાણના ત્રીજા સ્તરની વ્યવસ્થામાં આ સમિતિઓ સૌથી નીચા સ્તરે પોતાની ભૂમિકા ભજવે છે. લગભગ 13 કરોડ ખેડૂતો તેનાં સભ્ય તરીકે સામેલ છે અને તે ગ્રામીણ અર્થતંત્રમાં વૃધ્ધિ માટે મહત્વપૂર્ણ છે. કમ્પ્યુટરાઇઝેશનથી ખેડૂતો અને કૃષિ કાર્ય સાથે સંકળાયેલા મોટાં ભાગનાં નાના અને સીમાંત ખેડૂતોને લાભ થશે. સાથે સાથે, કેન્દ્રીય મંત્રીમંડળે સ્થાનિક બજારમાં ઉત્પાદિત ક્રુડ ઓઇલના વેચાણ પરનો અંકુશ હટાવવાને પણ મંજૂરી આપી છે.**



- **નિર્ણયઃ મંત્રીમંડળે નાણાકીય સર્વસમાવેશિતાને પ્રોત્સાહન આપવાના હેતુથી દેશની 63,000 પ્રાથમિક કૃષિ ધિરાણ સમિતિઓના કમ્પ્યુટરાઇઝેશન માટે રૂપિયા 2516 કરોડનાં ખર્ચને મંજૂરી આપી.**
- **અસરઃ** આ કમ્પ્યુટરાઇઝેશન કાર્યક્રમનો હેતુ પ્રાથમિક કૃષિ ધિરાણ સમિતિઓની કાર્યક્ષમતા વધારવાની સાથે સાથે તેમનાં સંચાલનમાં પારદર્શિતા અને જવાબદેહી લાવવાનો છે. આ અંતર્ગત, PACSને તેમનાં વ્યવસાયમાં વિવિધતા લાવવા અને વિવિધ પ્રવૃતિઓ, સેવાઓ શરૂ કરવાની સુવિધા પણ પૂરી પાડવામાં આવશે. આ નિર્ણયથી 13 કરોડ ખાસ કરીને નાના અને સીમાંત ખેડૂતોને ફાયદો થશે.
- આ પ્રોજેક્ટ ગ્રામીણ વિસ્તારોમાં ડિજિટાઇઝેશનને સુધારવા ઉપરાંત બેન્કિંગ પ્રવૃત્તિઓની સાથે સાથે નોન-બેન્કિંગ પ્રવૃત્તિઓનાં કેન્દ્રનાં રૂપમાં PACSની પહોંચને સારી બનાવવામાં મદદ કરશે.
- દેશમાં તમામ સંસ્થાઓ દ્વારા આપવામાં આવેલા કિસાન ક્રેડિટ કાર્ડ (કેસીસી) ધિરાણોમાં PACSનો હિસ્સો 41 ટકા (3.01 કરોડ ખેડૂતો) છે અને PACSનાં માધ્યમથી આ કેસીસી ધિરાણોમાંથી 95 ટકા (2.95 કરોડ ખેડૂતો) નાના અને સીમાંત ખેડૂતોને આપવામાં આવ્યા છે.
- **નિર્ણયઃ કેન્દ્રીય મંત્રીમંડળે સ્થાનિક બજારમાં ઉત્પાદિત ક્રુડના વેચાણ પરનો અંકુશ હટાવવાની મંજૂરી આપી છે. આ નિર્ણય 1 ઓક્ટોબર, 2022થી અમલી બનશે.**
- **અસરઃ** આ અંતર્ગત, 1 ઓક્ટોબરથી પ્રોડક્શન પાર્ટનરશીપ એગ્રીમેન્ટ (PPA) હેઠળ સરકાર અથવા તેનાં એકમો અથવા સરકારી કંપનીઓને ક્રુડ ઓઇલ વેચવાની શરતનો અંત આવશે. આનો અર્થ એ છે કે ઉત્પાદકો તેમનાં એકમોમાં ઉત્પાદિત ક્રુડ ઓઇલને સ્થાનિક બજારમાં વેચવા મુક્ત હશે. હાલમાં, દેશમાં ઉત્પાદિત 99 ટકા ક્રુડ સરકારી રિફાઇનરીને ફાળવવામાં આવે છે.
- **નિર્ણયઃ ભારતના નવી અને અક્ષય ઊર્જા મંત્રાલય અને આંતરરાષ્ટ્રીય અક્ષય ઊર્જા એજન્સી વચ્ચે વ્યૂહાત્મક ભાગીદારી સમજૂતિને મંજૂરી.**
- **અસરઃ** તેનો હેતુ ભારતમાં અક્ષય ઊર્જા પર આધારિત હરિત ઊર્જાનાં ક્ષેત્રમાં મહત્વાકાંક્ષી પરિવર્તન, નેતૃત્વ અને જ્ઞાનને પ્રોત્સાહન આપવાનો છે. આ સમજૂતિ ભારતનાં ઊર્જા ક્ષેત્રમાં પરિવર્તનનાં પ્રયત્નોને મદદ કરશે અને વિશ્વને જળવાયુ પરિવર્તનનો સામનો કરવામાં પણ મદદ કરશે.



# ગુજરાતમાં વિકાસની 'ગૌરવ યાત્રા'

**વીતેલા આઠ વર્ષમાં આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ટેકનોલોજી ભારતના વિકાસનાં નવા આધાર બન્યાં છે, તો એ વાતનું પણ ધ્યાન રાખવામાં આવ્યું છે કે આ વિકાસની સાથે સાથે વારસો પણ આગળ વધે. 17-18 જૂનનાં રોજ પોતાના ગુજરાત પ્રવાસમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાત ગૌરવ અભિયાનમાં ભાગ લીધો અને 21,000 કરોડ રૂપિયાનાં પ્રોજેક્ટ ભેટમાં આપ્યા. તેમણે પાવાગઢ ખાતે મહાકાળી મંદિરનાં શિખર પર પાંચ શતાબ્દિ બાદ ધજા ફરકાવીને દેશનાં આધ્યાત્મિક વારસાના સંરક્ષણમાં નવો અધ્યાય ઉમેર્યો...**

ગુજરાતનાં નાના શહેરથી દેશના વડાપ્રધાન પદ સુધી પહોંચવાની નરેન્દ્ર મોદીની યાત્રા અત્યંત સંઘર્ષશીલ રહી છે. બાળપણમાં અનેક મુશ્કેલીઓ સહન કરી અને યુવાનીમાં દેશ માટે કંઈક કરી છૂટવાની જીદ હતી. મુખ્યમંત્રી તરીકે ગુજરાતના વિકાસનાં નવા માપદંડો પ્રસ્થાપિત કર્યા, તો વડાપ્રધાનપદે રાષ્ટ્રનાં વિકાસને નવી દિશા આપી. પોતાનાં ગૃહરાજ્ય સાથે વડાપ્રધાન મોદીનો સંબંધ કેટલો ભાવનાત્મક અને લાગણીશીલ છે, તે વડાપ્રધાનની દરેક ગુજરાત યાત્રા પરથી જણાઈ આવે છે. લગભગ એક અઠવાડિયામાં 17-18 જૂનનાં રોજ ગુજરાતની બીજી મુલાકાતની શરૂઆત તેમણે પોતાની માતાના આશીર્વાદ લઈને કરી અને પાવાગઢ સ્થિત મહાકાળી મંદિરનાં શિખર પર ધ્વજ ફરકાવ્યો. આ દરમિયાન, વડાપ્રધાને કહ્યું, "આજે સદીઓ બાદ પાવાગઢ મંદિરમાં ફરી એક વાર મંદિરનાં શિખર પર ધ્વજ ફરકાવવામાં આવી રહ્યો છે. આ શિખર ધ્વજ માત્ર

# વડોદરામાં ગુજરાત ગૌરવ અભિયાનમાં વિવિધ પ્રોજેક્ટ્સનાં શિલાન્યાસ અને લોકાર્પણ

**વડોદરામાં આયોજિત ગુજરાત ગૌરવ અભિયાનમાં ભાગ લેતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 21,000 કરોડ રૂપિયાનાં વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સનાં શિલાન્યાસ અને લોકાર્પણ કર્યા, જેમાં 16,632 કરોડ રૂપિયાનાં 18 રેલવે પ્રોજેક્ટ્સનો પણ સમાવેશ થાય છે. કાર્યક્રમને સંબોધન કરતા વડાપ્રધાન મોદીએ કહ્યું, "21,000 કરોડ રૂપિયાનાં આ પ્રોજેક્ટ ગુજરાતનાં વિકાસથી ભારતનાં વિકાસની પ્રતિબધ્ધતાને મજબૂત કરશે. અહીંના યુવાનો માટે રોજગાર-સ્વરોજગારની અનેક તકો પૂરી પાડશે. આ પ્રોજેક્ટ્સમાંથી મોટાં ભાગનાં પ્રોજેક્ટ આપણી મા-દીકરીઓનાં આરોગ્ય, પોષણ અને મજબૂતીકરણ સાથે જોડાયેલાં છે."**

- વડાપ્રધાને 16,000 કરોડ રૂપિયાથી વધુનાં ખર્ચનાં વિવિધ રેલવે પ્રોજેક્ટ્સ રાષ્ટ્રને સમર્પિત કર્યા અને શિલાન્યાસ કર્યા. વડાપ્રધાને સુરત, ઉધના, સોમનાથ અને સાબરમતી સ્ટેશનોનાં પુનર્વિકાસની સાથે સાથે રેલવે સાથે સંકળાયેલી અન્ય પહેલનું પણ શિલાન્યાસ કર્યું.
- વડાપ્રધાન મોદીએ પીએમ આવાસ યોજના અંતર્ગત કુલ 1.38 લાખ ઘર સમર્પિત કર્યા. તેમાં શહેરી વિસ્તારોમાં લગભગ 1800 કરોડ રૂપિયાનાં ખર્ચે બનેલાં ઘર અને ગ્રામીણ વિસ્તારોમાં 1530 કરોડ રૂપિયાનાં ખર્ચે બનેલાં ઘરનો સમાવેશ થાય છે.
- વડાપ્રધાને ખેડા, આણંદ, વડોદરા, છોટા ઉદેપુર અને પંચમહાલમાં 680 કરોડ રૂપિયાનાં ખર્ચનાં વિવિધ વિકાસ કાર્યોનો શિલાન્યાસ અને લોકાર્પણ કર્યું.
- વડાપ્રધાને ગુજરાતના ડભોઈ તાલકાના કુંડેલા ગામમાં ગુજરાત સેન્ટ્રલ યુનિવર્સિટીનું શિલારોપણ કર્યું. આ યુનિવર્સિટીનું નિર્માણ લગભગ 425 કરોડ રૂપિયાનાં ખર્ચે કરવામાં આવશે.
- વડાપ્રધાને મુખ્યમંત્રી 'માતૃશક્તિ યોજના'નો શુભારંભ કર્યો. આ યોજના અંતર્ગત આંગણવાડી કેન્દ્રોમાંથી ગર્ભવતી અને સ્તનપાન કરાવતી માતાઓને દર મહિને બે કિલો ચણા, એક કિલો તુવેરની દાળ અને એક કિલો ખાદ્ય તેલ મફતમાં આપવામાં આવશે.
- વડાપ્રધાને 'પોષણ સુધા યોજના' અંતર્ગત લગભગ 120 કરોડ રૂપિયા પણ વિતરિત કર્યા, જેને હવે રાજ્યનાં તમામ જનજાતીય લાભાર્થીઓ સુધી પહોંચાડવામાં આવી રહ્યા છે.

## 500 વર્ષ બાદ મંદિરનાં શિખર પર ધ્વજ ફરક્યો



- પાવાગઢ પહાડ પર સ્થિત 11મી શતાબ્દીના મંદિરનાં શિખરને લગભગ 500 વર્ષ પહેલાં સુલ્તાન મહેમૂદ બેગડાએ ધ્વસ્ત કરી દીધું હતું. મંદિરનાં પુનર્વિકાસનાં ભાગ રૂપે તેને પૂર્વવત કરવામાં આવ્યું છે.
- આ મંદિર ચાંપાનેર-પાવાગઢ પુરાતત્વ પાર્કની અંદર છે. તે યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ સાઇટ છે અને દર વર્ષે લાખો શ્રધ્ધાળુઓને આકર્ષિત કરે છે. એમ માનવામાં આવે છે કે ઋષિ વિશ્વામિત્રએ પાવાગઢમાં મહાકાળી માતાની મૂર્તિ સ્થાપિત કરી હતી.
- આ મંદિરનું પુનર્નિર્માણ બે તબક્કામાં કરવામાં આવ્યું છે. તેનાં પ્રથમ તબક્કાનું ઉદઘાટન વડાપ્રધાને એપ્રિલ 2022માં કર્યું હતું. આ કાર્યક્રમનાં બીજા તબક્કા અંતર્ગત વડાપ્રધાને જે પુનર્નિમિત હિસ્સાનું ઉદઘાટન ક્યું, તેનું શિલારોપણ તેમણે 2017માં કર્યું હતું, તેમાં મંદિરનાં આધારનું વિસ્તરણ અને પરિસર, સ્ટ્રીટ લાઇટ અને સીસીટીવી જેવી સુવિધાનો સમાવેશ થાય છે.

આપણી આસ્થા અને આધ્યાત્મનું જ પ્રતીક નથી. આ શિખર ધ્વજ એ વાતનું પણ પ્રતીક છે કે સદીઓ બદલાય છે, યુગ બદલાય છે, પણ આસ્થાનું શિખર શાશ્વત રહે છે." વડાપ્રધાને કહ્યું, "આજે ભારતનાં આધ્યાત્મિક અને સાંસ્કૃતિક ગૌરવ ફરીથી સ્થાપિત થઈ રહ્યાં છે. આજે નવું ભારત પોતાની આધુનિક આકાંક્ષાઓની સાથે સાથે પોતાની પ્રાચીન ધરોહર અને પ્રાચીન ઓળખને એ જ ઉમંગ અને ઉત્સાહ સાથે જીવી રહ્યું છે. દરેક ભારતીય તેનાં પર ગર્વ કરી રહ્યો છે. તેમણે જણાવ્યું, "પહેલાં પાવાગઢની યાત્રા મુશ્કેલ હતી. લોકો કહેતા હતા કે ઓછામાં ઓછા એક વાર માતાનાં દર્શન થઈ જાય. આજે અહીં વધી રહેલી સુવિધાઓએ મુશ્કેલ દર્શનને સરળ કરી દીધાં છે. હવે બાળકો, વૃધ્ધો, દિવ્યાંગો સરળતાથી માતાનાં ચરણોમાં આવીને ભક્તિ અને પ્રસાદનો લાભ લઈ શકે છે."

# MSME સેક્ટર એટલે આત્મનિર્ભર ભારતની પ્રાણશક્તિ




**એમએસએમઈ સેક્ટર આત્મનિર્ભર ભારતની કરોડરજ્જુ છે. ભારતની નિકાસમાં સતત વધારો થાય, ભારતની પ્રોડક્ટ્સ નવાં બજારોમાં પહોંચે એ માટે દેશનાં એમએસએમઈ સેક્ટરનું મજબૂત હોવું ખૂબ જરૂરી છે. એટલાં માટે જ સરકાર તેની તાકાત અને આ સેક્ટરની અસીમ સંભાવનાઓને ધ્યાનમાં રાખીને નિર્ણય લઈ રહી છે. એમએસએમઈની વ્યાખ્યા બદલવાથી માંડીને ક્રેડિટ લાઇન ગેરન્ટી અને સમસ્યાનાં ઉકેલ માટે સિંગલ વિન્ડો.. આ અભિગમનું પરિણામ છે. 30 જૂનનાં રોજ દિલ્હીનાં વિજ્ઞાન ભવનમાં આયોજિત 'ઉદ્યમી ભારત' કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ફરી એક વાર આ સેક્ટરને કેટલીક ભેટ આપી...**

જ્યારે આપણે એમએસએમઈ સેક્ટરની વાત કરીએ છીએ ત્યારે ટેકનિકલ ભાષામાં તેને સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ તરીકે જાણીએ છીએ. પણ આ નાના ઉદ્યોગો ખરેખર તો ભારતીય ઉદ્યોગજગતનાં વિકાસનો પાયો છે. ભારતના અર્થતંત્રમાં લગભગ એક તૃતીયાંશ હિસ્સો એમએસએમઈ સેક્ટરનો છે. સરળ શબ્દોમાં કહીએ તો, ભારત જો 100 રૂપિયા કમાય તો તેમાંથી 30 રૂપિયા એમએસએમઈ સેક્ટરને કારણે આવે છે. એમએસએમઈ સેક્ટરને મજબૂત કરવાનો અર્થ છે સમગ્ર સમાજને મજબૂત કરવો, સૌને વિકાસનાં લાભમાં ભાગીદાર બનાવવા. બધાંને આગળ વધારવા. એમએસએમઈ માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહેલા ઉપરોક્ત શબ્દો આ સેક્ટરની તાકાત દર્શાવવા માટે પૂરતાં છે.

'ઉદ્યમી ભારત'માં આ સેક્ટર સાથે સંકળાયેલા લોકોને વિશ્વાસ અપાવતા વડાપ્રધાન મોદીએ જણાવ્યું, "એમએસએમઈ સેક્ટર સાથે સંકળાયેલા મારા તમામ ભાઈ-બહેનોને હું એ વિશ્વાસ અપાવવા માંગું છું કે, સરકાર તમારી જરૂરિયાતો પૂરી કરવા માટે, તમારી જરૂરિયાત પૂરી કરે તેવી નીતિઓ બનાવવા માટે તૈયાર છે, નિર્ણય કરવા માટે તૈયાર છે અને સંપૂર્ણ સક્રિયતા સાથે તમારો હાથ પકડીને ચાલવા માટે તૈયાર છે." વાસ્તવમાં, સુક્ષ્મ, લઘુ અને મધ્યમ એકમો ભારતની વિકાસ યાત્રાનો મોટો હિસ્સો છે. એટલાં માટે જ એમએસએમઈ સેક્ટરને મજબૂતી આપવા માટે વડાપ્રધાન મોદીનાં વડપણ હેઠળની સરકારે છેલ્લાં આઠ વર્ષમાં બજેટમાં 650 ટકાથી વધુ વધારો કર્યો છે.



# અગ્રણી, આધુનિક અને આત્મનિર્ભર ઉદ્યોગસાહસિક ભારત

- વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં નેતૃત્વમાં આપણાં સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા માટે છેલ્લાં આઠ વર્ષમાં અનેક નિર્ણાયક પગલાં લેવામાં આવ્યા છે. આજે દેશનું એમએસએમઇ સેક્ટર આત્મનિર્ભર ભારતનું ભાગીદાર તરીકે ઉપસી આવ્યું છે અને ભારતની આર્થિક પ્રગતિને નવી ગતિ આપી રહ્યું છે.
- છેલ્લાં આઠ વર્ષમાં દેશની કુલ નિકાસમાં એમએસએમઇના ફાળામાં નોંધપાત્ર વધારો થયો છે. આ સેક્ટર આજે 11 કરોડથી વધુ લોકોને રોજગારી આપી રહ્યું છે.
- પ્રધાનમંત્રી રોજગાર સર્જન યોજના (PMEGP) અંતર્ગત 2014થી પાંચ લાખથી વધુ એકમો સ્થપાયા છે. આ યોજનાથી લગભગ 41 લાખ લોકોને રોજગારી મળી છે.
- પીએમ મુદ્રા યોજના અંતર્ગત 20 લાખ કરોડ મૂલ્યની 35 કરોડ મુદ્રા લોન યુવાનોને સરળતાથી ધિરાણ ઉપલબ્ધ કરાવીને તેમને ઉદ્યોગ સાહસિક બનવાની તક આપે છે.
- આત્મનિર્ભર ભારત પેકેજ, સમાધાન અને સંબંધ પોર્ટલ, એસસી-એસટી મહિલા ઉદ્યોગ સાહસિકોને પ્રોત્સાહન જેવાં પગલાંએ દેશમાં ઉદ્યોગ સાહસિકતાનું નવું વાતાવરણ ઊભું કર્યું છે. સ્ટેન્ડ અપ ઇન્ડિયા અંતર્ગત 1.37 લાખ સ્ટાર્ટઅપને આશરે 31,000 કરોડ રૂપિયાનું ધિરાણ મળ્યું છે.
- ECLGS એટલે કે ઇમરજન્સી ક્રેડિટ લાઇન ગેરન્ટી સ્કીમ અંતર્ગત લગભગ 1.13 લાખ સુક્ષ્મ અને લઘુ એકમોને મળેલા રૂ. 2.3 લાખ કરોડનાં ગેરન્ટી કવરથી કોરોના મહામારીનાં પડકારો વચ્ચે તેમનાં હિતો જળવાઈ રહ્યાં.
- હોલસેલ અને રિટેલ વેપારીઓ તથા સ્ટ્રીટ વેન્ડર પણ પ્રાયોરિટી સેક્ટર લેન્ડિંગનો લાભ મેળવી શકે, તેનાં માટે એમએસએમઇની વ્યાખ્યામાં ફેરફાર કરવામાં આવ્યો.
- વર્ષ 2021-22માં કેન્દ્ર સરકારની ખરીદીમાં એમએસએમઇનો હિસ્સો 35 ટકા હતો, જે 25 ટકાનાં નિર્ધારિત લક્ષ્ય કરતાં વધુ છે.
- એન્ટરપ્રાઇઝ રજીસ્ટ્રેશન પોર્ટલ પર 94 લાખથી વધુ સાહસિકો નિઃશુલ્ક રજીસ્ટ્રેશન કરાવીને અનેક યોજનાઓનો સીધો લાભ લઈ રહ્યા છે અને પોતાના બિઝનેસનું વિસ્તરણ કરી રહ્યા છે. ચેમ્પિયન પોર્ટલ દ્વારા 48,000થી વધુ ફરિયાદોનો નિકાલ કરવામાં આવ્યો છે.
- ખાદી અને ગ્રામોદ્યોગ એમએસએમઇ સેક્ટરનું મહત્વનું પાસુ છે. વડાપ્રધાનના 'ખાદી નેશન, ખાદી ફોર ફેશન'નાં વિઝનથી આજે ખાદી વૈશ્વિક બ્રાન્ડ બનીને ઉપસી છે. આઠ વર્ષમાં ખાદીનું વાર્ષિત વેચાણ આશરે 1200 કરોડ રૂપિયાથી ચાર ગણું વધીને રૂ. 5,000 કરોડને વટાવી ગયું છે.
- ખાદી અને ગ્રામોદ્યોગનાં વિસ્તરણથી લાખો વણકરો અને ગ્રામીણ વિસ્તારોનાં લોકોની સમૃધ્ધિ સુનિશ્ચિત થઈ રહી છે.

## પીએમ મોદીએ આ પહેલનો શુભારંભ કર્યો

- એમએસએમઇનો દેખાવ સુધારવા અને ઝડપી કરવાની યોજના (RAMP)
- પ્રથમ વારનાં નિકાસકાર એમએસએમઇનું ક્ષમતા નિર્માણ (CBFTE)ની યોજના
- પ્રધાનમંત્રી રોજગાર સર્જન કાર્યક્રમ (PMEGP)માં નવી વિશેષતાઓની શરૂઆત.
- રાષ્ટ્રીય MSME પુરસ્કાર, 2022નું વિતરણ કર્યું

**એમએસએમઇનાં સાહસો દ્વારા જ આત્મનિર્ભર ભારત અભિયાનને સિધ્ધિ મળશે, ભારત મજબૂત બનશે. કહેવા ખાતર તો તમે સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ સાહસિકો છે પણ 21મી સદીનું ભારત જે ઊંચાઇ પ્રાપ્ત કરશે, તેમાં આપ સૌની ભૂમિકા ખૂબ મહત્વની છે.** -નરેન્દ્ર મોદી, વડાપ્રધાન



## સુધારા, સરળીકરણ અને સુગમતા માટે કાયમી ઉકેલ દ્વારા

# અમૃત યાત્રા

## તરફ નવા ભારતનું પ્રસ્થાન...



**આજે જ્યારે ભારત આઝાદીનાં 75મા વર્ષમાં અમૃત મહોત્સવ મનાવી રહ્યું છે, ત્યારે તે આગામી 25 વર્ષ એટલે કે આઝાદીનાં 100મા વર્ષ સુધી ભારતને કઈ ઊંચાઈ સુધી પહોંચાડવું છે, તેનાં માટે રોડમેપ પર પણ કામ કરી રહ્યું છે. આઝાદીનો આ અમૃત કાળ ભારતની સમૃધ્ધિ-સંપન્નતાનો બુલંદ ઈતિહાસ લખવાનો છે. રાષ્ટ્રએ જે સંકલ્પ લીધો છે, તે બહુ મોટો છે. પણ 'સબકા પ્રયાસ' તેને સાકાર કરવાની તાકાત ધરાવે છે, કારણ કે વીતેલાં આઠ વર્ષમાં કેન્દ્ર સરકારે વિવિધ બાબતો પર હંમેશા નવાં નવાં પગલાં ભર્યા છે. જેને ભગવાન ભરોસે છોડી દીધી હતી તે સમસ્યાઓનો કાયમી ઉકેલ શોધ્યો છે. અમૃત મહોત્સવ તેનાં સમાપન તરફ છે, ત્યારે એ જાણવું જરૂરી બની જાય છે કે આ આઠ વર્ષમાં કેન્દ્ર સરકારે કઈ રીતે ધારણાઓ અને વિચારમાં પરિવર્તન લાવીને સુધારા, સરળીકરણ અને કાયમી ઉકેલ દ્વારા સામાન્ય નાગરિકોનું જીવન સરળ બનાવ્યું છે....**



# આરોગ્યનું માળખું સંપૂર્ણ સુધારાની પહેલ....

**ટેલિમેડિસિન ઈ-સંજીવની**
ઘરેથી ન નીકળી શકતા રોગીઓ માટે ઘેર બેઠાં વીડિયો કન્સલ્ટેશન દ્વારા સારવારની સુવિધા

**90** **હજાર દર્દી રોજ લાભ લઈ રહ્યા છે.**

**હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર**
નાની બિમારીઓ માટે ઘરની નજીક મફત સારવારની સુવિધા. બ્લડપ્રેશર, ડાયાબિટીસ જેવી તપાસ મફતમાં. 1.18 લાખ સેન્ટર શરૂ થયા.

**મિશન ઈન્દ્રધનૂષ**
ગર્ભવતી મહિલાઓ-બાળકોનાં રસીકરણનો કાયમી ઉકેલ. બાળકોને હવે 12 બિમારીઓની મફત રસી. પાંચ કરોડ મહિલાઓ / બાળકોને લાભ મળ્યો.

## પીએમ જય આયુષ્યમાન ભારત

10.74 કરોડ ગરીબ પરિવારોને વર્ષે પાંચ લાખ રૂપિયા સુધીની મફત સારવારની સુવિધાથી આરોગ્યની ચિંતાઓનો કાયમી ઉકેલ મળ્યો. અત્યાર સુધી 18 કરોડથી વધુ આયુષ્યમાન કાર્ડ જારી કરવામાં આવ્યા.

## જન ઔષધિ કેન્દ્ર

મોંઘી દવાઓનો કાયમી ઉકેલ. જરૂરિયાતમંદો માટે 50થી 90 ટકા સુધી સસ્તી જેનરિક દવાઓ. દેશભરમાં 8,727થી વધુ જન ઔષધિ કેન્દ્ર શરૂ. અહીં માત્ર એક રૂપિયામાં સેનેટરી નેપકિન મળે છે.

## પીએમ આયુષ્યમાન ભારત હેલ્થ ઇન્ફ્રાસ્ટ્રક્ચર મિશન


તમામ જિલ્લામાં સંકલિત જાહેર આરોગ્ય તપાસ કેન્દ્ર, પાંચ લાખથી વધુ વસતિ ધરાવતા જિલ્લામાં ક્રિટિકલ કેર બ્લોકની સ્થાપના, 11 રાજ્યમાં 3,382 જાહેર આરોગ્ય એકમો, તમામ રાજ્યમાં 11,024 હેલ્થ અને વેલનેસ સેન્ટરની સ્થાપનાની શરૂઆત.

**90** **હજાર કરોડ રૂપિયાથી વધુ ખર્ચ સાથે બ્લોકથી શહેરો સુધીનું હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુધારવાની શરૂઆત.**

લડાખના તાશી ટુંડુપને પ્રધામનંત્રી આવાસ યોજના, શૌચાલય, ગેસ કનેક્શન જેવી યોજનાઓનો લાભ લેવામાં કોઇ સમસ્યા ન નડી. પીએમએવાય, ઉજ્જવલા, સ્વચ્છ ભારત અને જલ જીવન મિશન યોજનાએ બિહારની લલિતા દેવીનું જીવન સરળ બનાવી દીધું છે. પશ્ચિમ ત્રિપુરાના પંકજ શનિ કહે છે કે, એક રાષ્ટ્ર-એક રેશન કાર્ડ યોજનાને કારણે બિહારમાં ગયા છતાં સુવિધા મળી રહી છે. ગુજરાતના મહેસાણાથી પ્રધાનમંત્રી મુદ્રા યોજનાના લાભાર્થી અરવિંદ કહે છે કે, તેમનાં મંડપ સજાવટના બિઝનેસનું વિસ્તરણ થયું છે અને તેઓ ડિજિટલ પેમેન્ટને પણ પ્રોત્સાહન આપી રહ્યા છે. હિમાચલ પ્રદેશના સિરમૌરની સમાદેવીનાં ચહેરા પર સંતોષનો ભાવ છે કારણ કે તેમને સરળતાપૂર્વક સરકારની યોજનાઓનો લાભ મળી રહ્યો છે.

આજે દેશનાં દરેક ખૂણામાં નવા ભારતની સફળતાની આવી કહાનીઓ હાજર છે, જે એ દર્શાવે છે કે ભારતની તસવીર કેટલી બદલાઇ ચૂકી છે. તેનું એક મોટું કારણ છે 2014માં દેશનાં જનમાનસમાં આવેલું પરિવર્તન અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો એ વિચાર- “મને માખણ પર લીટી ખીંચવામાં મજા નથી આવતી. હું પથ્થર પર લીટી ખેંચું છું.” વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં વડપણમાં માત્ર દેશની રીતિ-નીતિ જ નથી બદલાઇ,

## કોવિડ સામેની લડાઈમાં સંપૂર્ણ જીતનું લક્ષ્ય



**તપાસ લેબ**
માર્ચ 2020 14
હવે 4000



**પીપીઈ કિટનું ઉત્પાદન**
માર્ચ 2020 00
હવે 05 લાખ દરરોજ

**આઈસીયુ બેડ**
માર્ચ 2020 2168
હવે 139000

**N-95 માસ્ક**
200 ઉત્પાદકો રજીસ્ટર્ડ, 32 લાખ માસ્ક દૈનિક ઉત્પાદન ક્ષમતા

**ઓક્સિજન બેડ**
માર્ચ 2020 50583
હવે 500000

**કોવિન**
10 કરોડ રજીસ્ટ્રેશન સાથે સરળ બન્યું રસીકરણ

**ઓક્સિજન ઉત્પાદન**
2021ની સરખામણીમાં દૈનિક મેડિકલ ઓક્સિજન ઉત્પાદન ક્ષમતામાં 10 ગણો વધારો. સરકારે 1500થી વધુ કેન્દ્ર મંજૂર કર્યા છે.

### 90% થી વધુ વસતિનું રસીકરણ પૂરું

- કોવિડ સામેની લડાઈમાં માત્ર 8 મહિનામાં બે સ્વદેશી રસી વિક્સાવવાની સફળતા મળી, તો રસીકરણનો આંક વધીને 5 જુલાઈ સુધી 198 કરોડને પાર થઈ ગયો.
- પ્રથમ 10 કરોડ રસીકરણમાં 85 દિવસ લાગ્યા, જ્યારે 70થી 80 કરોડે પહોંચવામાં માત્ર 11 દિવસ જ લાગ્યા.
- હવે કોવેક્સિન, કોવિશીલ્ડ, કોર્બોવેક્સ, ઝાયકોવ ડી અને જીનોવા એમ કુલ પાંચ સ્વદેશી રસી ઉપલબ્ધ છે.
- લેન્સેન્ટનાં એક અહેવાલ પ્રમાણે ઝડપી રસીકરણને કારણે ભારતમાં 2021માં 42 લાખ લોકોનાં જીવ બચ્યાં.



### આયુષ્યમાન ભારત ડિજિટલ હેલ્થ મિશન

એક એવું ઓનલાઈન પ્લેટફોર્મ જેનાં દ્વારા તમામ નાગરિકોને ડિજિટલ હેલ્થ કાર્ડ જારી કરવામાં આવી રહ્યું છે. તેમાં સંબંધિત વ્યક્તિનો સંપૂર્ણ હેલ્થ ડેટા હશે. એટલે કે હેલ્થ રેકોર્ડને સાથે રાખવાની ઝંઝટનો કાયમી ઉકેલ. અત્યાર સુધી આશરે 22 કરોડ આયુષ્યમાન ભારત ડિજિટલ હેલ્થ એકાઉન્ટ બની ચૂક્યા છે.

પણ પ્રથમ વાર જન કલ્યાણનાં અભિગમમાં જનભાગીદારીને મહત્વનું માધ્યમ બનાવવામાં આવ્યું. વડાપ્રધાન મોદી લાલ કિલ્લાથી માંડીને અનેક મંચો પર એ કામોની લાંબી યાદી ગણાવી ચૂક્યા છે જે આઝાદીનાં પ્રારંભિક વર્ષોમાં જ થવું જોઈતું હતું. પણ આ અંગે કાયમી ઉકેલની દીર્ઘદ્રષ્ટિ ન અપનાવવામાં આવી.

પણ હવે દેશને ભગવાન ભરોસે નહીં, પણ સ્પષ્ટ વિચાર, લાંબા ગાળાની નીતિ અને કાયમી ઉકેલનાં દ્રષ્ટિકોણથી નવા ભારતનું નિર્માણ થઈ રહ્યું છે. કોવિડ મહામારી દરમિયાન પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સ્વામી વિવેકાનંદની દ્રષ્ટિને આત્મસાત કરી, જેમાં તેમણે કહ્યું હતું કે આ પ્રબુધ્ધ ભારત છે. આ એક એવું ભારત છે જે વિશ્વની સમસ્યાઓ માટે ઉકેલ રજૂ કરી રહ્યું છે. સ્વામી વિવેકાનંદનાં ભારત માટે મોટાં સપના અને યુવાનોમાં તેમનો વિશ્વાસ આજે દેશનાં ઉદ્યોગ સાહસિકો, ખેલાડીઓ, ટેકનોક્રેટ, વ્યાવસાયિકો, વિજ્ઞાનીઓ, ઈનોવેશન કરનારાઓ અને અન્ય લોકોમાં જોવા મળી રહ્યો છે, જે બંધનોને તોડીને અશક્યને શક્ય બનાવી રહ્યું છે.

### ગરીબોનાં સશક્તિકરણ પર ભાર

દૈનિક સંઘર્ષ ઓછો હોય અને શરીરથી મજબૂત હોય ત્યારે જ ગરીબ પોતાની ગરીબી દૂર કરવા માટે નવી તાકાત સાથે મચી પડે છે. આ વિચારધારા સાથે વર્તમાન કેન્દ્ર સરકાર પહેલાં

# દાયકા જૂની સમસ્યાઓનાં કાયમી ઉકેલની પહેલ

## અયોધ્યામાં રામ મંદિરનું ભૂમિ પુજન

492 વર્ષ જૂના વિવાદાસ્પદ ઈતિહાસનો અંત સુપ્રીમ કોર્ટનાં નિર્ણયથી આવ્યો, તો 5 ઓગસ્ટ 2020નાં રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અયોધ્યામાં રામજન્મ ભૂમિ મંદિર નિર્માણનો શિલાન્યાસ કરીને આ વિસ્તારનાં વિકાસનો પાયો નાખ્યો.



## કલમ 370 અને 35Aની નાબૂદી

6 દાયકાથી વધુ સમય રાહ જોયા પછી જમ્મુ-કાશ્મીરમાંથી કલમ 370 અને 35Aને નાબૂદ કરવામાં આવી. આ સાથે સમગ્ર દેશમાં 'એક દેશ, એક કાયદો, એક પ્રતીક'નું સપનું સાકાર થયું.



## આતંકવાદ અને ડાબેરી ઉદ્દામવાદ પર અંકૂશ

2016થી અત્યાર સુધી જમ્મુ કાશ્મીર, પંજાબ અને પૂર્વોત્તરની બહાર આતંકવાદને કારણે કોઈ મૃત્યુ થયું નથી. 2009ની સરખામણીમાં 2021માં ડાબેરી ઉદ્દામવાદની ઘટનાઓમાં 77 ટકા અને મૃતકોની સંખ્યા 85 ટકા ઘટી.

યુએપીએ કાયદામાં સુધારા દ્વારા આંતરિક સલામતીને મજબૂત કરવામાં આવી.



દિવસથી જ ગરીબોને મજબૂત કરવામાં લાગી પડી છે. ગરીબો પ્રત્યે પોતાના વિચાર વડાપ્રધાન મોદી એક ઉદાહરણ દ્વારા રજૂ કરે છે- સ્વામી વિવેકાનંદે અમેરિકાથી અનેક પત્રો લખ્યા હતા, તેમાંથી એક પત્ર મૈસુરના રાજા અને સ્વામી રામકૃષ્ણાનંદને લખ્યો હતો. તેમાં ગરીબોનાં સશક્તિકરણ અંગે સ્વામીજીનાં બે વિચાર સામે આવે છે. સૌ પ્રથમ, તેઓ સશક્તિકરણને ગરીબો સુધી લઈ જવા માંગે છે. અને બીજું, ગરીબ જો જાતે સશક્ત ન થઈ શકે તો તેમને આસપાસની ઘટનાઓ પ્રત્યે જાગૃત કરવા જોઈએ અને તો જ તેઓ ખુદ પોતાનાં સશક્તિકરણ અંગે કામ કરશે. ભારત આ દ્રષ્ટિકોણ સાથે આગળ વધી રહ્યું છે. જો ગરીબ માણસ બેન્ક સુધી ન પહોંચી શકે તો બેન્કને ગરીબો સુધી પહોંચાડવાનું કામ વડાપ્રધાનની જન ધન યોજનાએ કર્યું. આરોગ્ય સેવાને ગરીબો સુધી પહોંચાડવાના કામમાં આયુષ્યમાન ભારત યોજના વરદાન સાબિત થઈ. આ યોજના દ્વારા ગરીબ-વંચિતોની મહત્વાકાંક્ષાઓને નવી ઊડાન મળી રહી છે. આ મહત્વાકાંક્ષા દેશનાં વિકાસને આગળ વધારી રહી છે.

સ્વચ્છ ભારત અભિયાને ગરીબોને સન્માનપૂર્વક જીવવાની તક આપી છે, તો પાકા ઘર, વીજળી, ગેસ, પાણી, મફત સુવિધા જેવા કાયમી ઉકેલે ગરીબોની ગરિમા વધારી છે, જેનાંથી તેમનાં આત્મવિશ્વાસને નવી ઊર્જા મળી છે. દેશની અડધાથી વધુ વસતિ વિકાસથી અને ઔપચારિક સિસ્ટમથી

## ટ્રિપલ તલાકમાંથી મુક્તિ મળી

મુસ્લિમ મહિલાઓને ટ્રિપલ તલાકમાંથી હંમેશા માટે મુક્તિ મળી ગઈ. 2019માં આ કાયદો ઘડાયા બાદ ટ્રિપલ તલાકનાં કેસોમાં 80 ટકાનો ઘટાડો થયો છે.



## ઇતિહાસમાં પ્રથમ વાર સવર્ણોને અનામત

સામાન્ય વર્ગને આર્થિક આધાર પર 10 ટકા અનામત આપવાનો ઐતિહાસિક નિર્ણય લેવામાં આવ્યો. 8 લાખ રૂપિયાથી ઓછી વાર્ષિક આવક ધરાવતા વિદ્યાર્થીઓ માટે ભવિષ્યનો માર્ગ ખૂલ્યો.



## બ્રૂ-રિયાંગ શરણાર્થી સમસ્યાનો ઉકેલ

મિઝોરમ અને ત્રિપુરા સાથે દ્વિપક્ષીય સમજૂતિ દ્વારા બ્રૂ-રિયાંગ શરણાર્થી સમજૂતિથી શરણાર્થી સમસ્યાનો કાયમી ઉકેલ આવ્યો. આંતરિક રીતે વિસ્થાપિત આશરે 37,000 લોકોને ત્રિપુરામાં વસાવવામાં આવ્યા.



## ગુમનામ નાયકોને પદ્મ સન્માન

પદ્મ પુરસ્કારોની સમગ્ર પ્રક્રિયાને બદલીને અસલી નાયકોનું સન્માન કરવાનો કાયમી માર્ગ તૈયાર કર્યો. આમ, એક સમયે માત્ર ઉચ્ચ વર્ગનો પુરસ્કાર ગણાતા પદ્મ પુરસ્કાર સામાન્ય લોકો માટે સુલભ બન્યાં.



## એનએલએફટી સમજૂતિ

કેન્દ્ર સરકાર, ત્રિપુરા સરકાર અને રાષ્ટ્રીય ત્રિપુરા મુક્તિ મોરચા (એનએલએફટી) વચ્ચે ત્રિપક્ષીય સમજૂતિ બાદ 88 કેડરોએ આત્મસમર્પણ કર્યું.



## પૂર્વોત્તરમાં શાંતિની પહેલ માટે કાયમી પહેલ

પૂર્વોત્તરમાં શાંતિ માટે બોડો સમજૂતિ સાથે પાંચ દાયકાનાં ઈન્તજારનો અંત આવ્યો. 1600થી વધુ કેડર આત્મસમર્પણ બાદ મુખ્ય પ્રવાહમાં પાછા ફર્યા. બોડો વિસ્તારોમાં વિકાસ માટે 1500 કરોડ રૂપિયાનું વિશેષ પેકેજ આપવામાં આવ્યું.





પહેલાં માત્ર તાત્કાલિક સમસ્યાઓનો જ ઉકેલ લાવવામાં આવતો હતો. ભવિષ્યમાં આવી પરિસ્થિતિ ન સર્જાય તે માટે મર્યાદિત પ્રયાસ થયા. વીતેલા આઠ વર્ષમાં અમે તાત્કાલિક ઉપાય પણ કર્યા છે અને સમસ્યાઓનાં કાયમી ઉકેલ પણ શોધ્યા છે. કોરોના મહામારી જેવી પરિસ્થિતિ ભવિષ્યમાં ન સર્જાય તે માટે હેલ્થ ઇન્ફ્રાસ્ટ્રક્ચર પર ફોકસ કરવામાં આવી રહ્યું છે. ખાદ્ય તેલની મુશ્કેલી ઓછામાં ઓછી પડે તે માટે મિશન પામ ઓઇલ પર કામ ચાલી રહ્યું છે. ક્રુડ ઓઇલ પર વિદેશી અવલંબન ઘટાડવાનું છે, તેનાં માટે બાયોફ્યુઅલ્સ, ગ્રીન હાઇડ્રોજન અને બીજા ઉપાયો પર મોટા પાયે પ્રયત્નો થઇ રહ્યા છે. નેનો ટેકનોલોજીમાં મોટું રોકાણ પણ આ જ એપ્રોચનું પરિણામ છે. આ રીતે, ખેડૂતોને પ્રાકૃતિક ખેતી માટે પ્રોત્સાહિત કરવા માટે જે અભિયાન દેશભરમાં ચાલી રહ્યું છે તે પણ પરમનન્ટ સોલ્યુશનનો હિસ્સો છે. -નરેન્દ્ર મોદી, વડપ્રધાન

વંચિત હતી, તેને મિશન મોડમાં જોડવામાં આવી. નાણાકીય સર્વસમાવેશિતાથી તેનો કાયમી ઉકેલ લાવવામાં આવ્યો. દેશમાં ત્રણ કરોડ જરૂરિયાતમંદોને પાકાં મકાન, 50 કરોડથી વધુ લોકોને પાંચ લાખ રૂપિયા સુધીની મફત સારવારની સુવિધા, 25 કરોડથી વધુ લોકો પાસે રૂપિયા બે-બે લાખનો અકસ્માત વીમો અને જીવન સુરક્ષા વીમો, આશરે 45 કરોડ ગરીબ-વંચિતોને જન ધન બેન્ક ખાતા ખુલી ચૂક્યા છે. દેશમાં ભાગ્યે જ એવો કોઇ પરિવાર હશે જે સરકારની કોઇને કોઇ યોજના સાથે નહીં જોડાયો હોય અથવા તેને લાભ ન મળી રહ્યો હોય.

### સમસ્યાનાં ઉકેલ દ્વારા જીવનમાં સુખદ અહેસાસ

જીવનમાં જ્યારે પણ આપણે મોટાં લક્ષ્યાંકો તરફ આગળ



વેપાર કરવો સરળ બન્યો

## અર્થતંત્રને વેગ મળ્યો, કોમ્પ્લાયન્સનો બોજ દૂર

- વેપાર સાથે સંકળાયેલા 2875 કાયદા કે અવરોધોને ઓળખવામાં આવ્યા. તેમાંથી 2007ને નાબૂદ કરવામાં આવ્યા.
- વણજોઇતા 25,000 કોમ્પ્લાયન્સને નાબૂદ કરીને કાયમી ઉકેલની દિશામાં નવી પહેલ

### રોકાણને પ્રોત્સાહન

રોકાણકારો માટે સિંગલ વિન્ડો ક્લિયરન્સની શરૂઆત કરવામાં આવી. વેપાર માટે જરૂરી મંજૂરીઓ 14થી ઘટીને માત્ર ત્રણ જ છે.



### એમએસએમઈને નવી ઓળખ

એમએસએમઈ સેક્ટરની વ્યાખ્યા નવેસરથી કરવામાં આવી. તેની સાથે સંકળાયેલી તમામ સમસ્યાનાં 72 કલાકમાં કાયમી ઉકેલ માટે વિવિધ પોર્ટલની શરૂઆત કરવામાં આવી.

### આર્થિક ક્રાંતિ તરીકે જીએસટીની શરૂઆત

એક સમયે એક જ વસ્તુનો દર દરેક રાજ્યમાં અલગ અલગ હતો. પાંચ વર્ષ પહેલાં જીએસટીની શરૂઆત કરીને દેશમાં સિંગલ ટેક્સ સિસ્ટમ લાગુ કરવામાં આવી. તેનાથી ઓક્ટ્રોય નાકા નાબૂદ થયાં અને વેપારીઓને ટેક્સ ફાઇલિંગમાં સરળતા થઈ. પરિણામે, દર મહિને જીએસટી કલેક્શનનો આંકડો નવાં વિક્રમ સર્જી રહ્યો છે.

### અર્થતંત્રમાં વ્યાપક સુધારા

એફડીઆઇનાં નિયમોમાં વ્યાપક સુધારા કરવામાં આવ્યા. કોર્પોરેટ ટેક્સના દરમાં અત્યાર સુધીનો સૌથી વધુ ઘટાડો કરવામાં આવ્યો. ઈન્સોલ્વન્સી બેંકરપ્સી કોડ દ્વારા બેન્કરપ્સી કોડમાં સુધારો કરવામાં આવ્યો. આ સુધારાની અસર થઈ અને ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસમાં 2014માં 142મા ક્રમેથી 2020માં ભારત 63મા ક્રમે આવ્યું.

# સંરક્ષણ અને અંતરિક્ષ ક્ષેત્રમાં ક્રાંતિકારી પહેલ

### વન રેન્ક, વન પેન્શન

- સૈનિકો અને ભૂતપુર્વ સૈનિકોની ચાર દાયકા જૂની માંગ પૂરી, 1 જુલાઈ, 2014થી અમલી

### અગ્નિપથ

- દેશનાં રક્ષણ માટે સેવા આપવાની તક શરૂ, જેમાં લશ્કરની ત્રણેય પાંખોમાં વર્ષે 44,000 જવાનોની ભર્તી થશે. વિદેશોમાં પહેલેથી આવી વ્યવસ્થા છે. તેનાથી સેનાની સરેરાશ ઉંમર ઓછી થશે. તાલીમબધ્ધ, શિસ્તબધ્ધ અને દેશ તથા સમાજ પ્રત્યે જવાબદારી નિભાવનારા યુવાનોની સંખ્યા વધશે.

### નારીશક્તિને તક

- એનડીએ અને સૈનિક સ્કુલોમાં વિદ્યાર્થીનીઓની એન્ટ્રી શરૂ. મિલિટ્રી પોલિસ કોર્પ્સ અને અન્ય રેન્કમાં મહિલાઓની ભર્તી શરૂ કરી. લડાકુ પાયલટ, સેનામાં ઓફિસર બનાવવાની શરૂઆત.

## ખાનગી ક્ષેત્ર સાથે સહયોગ દ્વારા નવો માર્ગ ખુલ્યો

સંરક્ષણ ક્ષેત્રની ચીજોનાં સ્વદેશીકરણની ત્રણ યાદીમાં શસ્ત્ર સરંજામ સહિત 310 ચીજો જોડવામાં આવી, જેની ભવિષ્યમાં આયાત નહીં થાય.

પાયાના શસ્ત્રો અને સંરક્ષણ ઉપકરણો માટે આયાત પર નિર્ભરતાને બદલે ભારત આત્મનિર્ભર થઈ રહ્યું છે.

વિશાળ જહાજો અને સબમરીન હવે ભારતમાં બનાવવાનો નિર્ણય.

ઓર્ડિનન્સ ફેક્ટરી બોર્ડને સાત સંરક્ષણ જાહેર એકમોમાં બદલ્યું, તો સંરક્ષણ ક્ષેત્રમાં સ્ટાર્ટઅપને પ્રોત્સાહન આપવા માટે 500 કરોડ રૂપિયા મંજૂર.

સંરક્ષણ ક્ષેત્રમાં બજેટમાં 68 ટકા સ્થાનિક ઉદ્યોગ માટે અનામત,

### અવકાશ અને ડ્રોન

- ભારતનું મંગલ યાન ઓટો રિક્ષાથી પણ ઓછાં ખર્ચમાં મંગળ સુધી પહોંચ્યું. નેવિગેશન સેટેલાઈટ સિસ્ટમ, રિ-યુઝેબલ લોન્ચ વ્હિકલ ટેકનોલોજી ડેમોન્સ્ટ્રેટરનાં સફળ પ્રક્ષેપણ સાથે અવકાશમાં ઉપગ્રહને તોડી નાખવાની ક્ષમતા હાંસલ કરનાર ભારત વિશ્વનો ચોથો દેશ બન્યો.
- ખાનગી ભાગીદારી માટે અવકાશ ક્ષેત્ર ખોલવામાં આવ્યું. ઈન-સ્પેસ એવી એજન્સી બની જે અવકાશ ઉદ્યોગ, સ્ટાર્ટઅપ અને ઈસરો વચ્ચે ટેકનોલોજી ટ્રાન્સફરની સુવિધા આપવાનું કામ કરશે. ભારતની પ્રથમ ડ્રોન નીતિ બનાવવામાં આવી અને કૃષિ, આરોગ્ય સહિત તમામ ક્ષેત્રોમાં પ્રયોગને પ્રોત્સાહન આપશે.

વધતાં હોઈએ ત્યારે અનેક વાર એ જોવું પણ જરૂરી બની રહે છે કે આપણે શરૂઆત ક્યાંથી કરી હતી. જ્યારે તેની સરખામણી કરીએ છીએ ત્યારે એ મહેસૂસ થાય છે કે આપણી પ્રગતિ કેવી રહી. 2014 પહેલાંનાં દિવસો યાદ કરીએ તો દેશની બદલાયેલી તસવીર અને પ્રગતિને સારી રીતે સમજી શકાશે. વીતેલાં આઠ વર્ષમાં સમસ્યાઓનાં કાયમી ઉકેલનાં પરિણામે હવે દેશમાં સરકારી યોજનાઓ હેઠળ મળતો લાભ પૂરે પૂરો બેન્ક સુધી પહોંચવાની અને દેશ-દુનિયામાં ભારતનાં માન-સન્માનની ચર્ચા થાય છે. વિશ્વમાં ભારતનાં સ્ટાર્ટઅપ, વિશ્વ બેન્કમાં ભારતના ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસની વાત થાય છે. નવું ભારત આતંકવાદ, ભ્રષ્ટાચાર વિરુધ્ધ ઝીરો ટોલરન્સની ચર્ચા કરે છે. 2014 પહેલાં તો ભ્રષ્ટાચારને સિસ્ટમનો જરૂરી ભાગ માની લેવામાં આવ્યો હતો. એ વખતે દેશ જોતો હતો કે યોજનાઓનાં પૈસા જરૂરિયાતમંદો સુધી પહોંચે તે પહેલાં જ ખવાઈ જતા હતા, પણ આજે જનધન-આધાર અને મોબાઇલની ત્રિશક્તિ (જેમ-ટ્રિનિટી)ની જ ચર્ચા થઈ રહી છે. ગરીબને આયુષ્યમાન ભારતનો આશરો મળ્યો છે, તો મુસ્લિમ મહિલાઓને ટ્રિપલ તલાકનાં કડક કાયદા દ્વારા પોતાનાં અધિકારોની લડાઇ લડવાનું બળ મળ્યું છે.

2014 પહેલાં દેશની સલામતી અંગે ચિંતા હતી. આજે સર્જિકલ સ્ટ્રાઇક, એર સ્ટ્રાઇકનો ગર્વ છે. દેશની સરહદો પહેલાં કરતાં વધુ સલામત છે. પહેલાં દેશનાં પૂર્વોત્તર અને પૂર્વ ભારત

## કનેક્ટિવિટીની દિશામાં કાયમી ઉકેલ

# દેશનાં વિકાસને મળી ગતિની શક્તિ

- રોડ બન્યા પછી કેબલ માટે, પાઈપલાઈન માટે તેને ખોદતા તમે જોયો હશે. આવું એટલાં માટે થાય છે કે ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ પર કામ કરતી એજન્સીઓ વચ્ચે પહેલાં કોઈ સંકલન નહોતું અને ભવિષ્યને ધ્યાનમાં રાખીને આ પ્રોજેક્ટસનું પ્લાનિંગ પણ નહોતું થતું. આ સમસ્યાનાં ઉકેલ માટે પીએમ ગતિશક્તિ નેશનલ માસ્ટર પ્લાનની શરૂઆત કરવામાં આવી છે.
- તેનાં દ્વારા કેન્દ્ર સરકારનાં 16 વિભાગોને સંકલિત પ્લેટફોર્મ દ્વારા જોડીને સંકલનની વ્યવસ્થા કરવામાં આવી છે.
- આ યોજના સરકારનાં અનેક મહત્વાકાંક્ષી લક્ષ્યોને પૂરાં કરશે, જેને સરકાર 2024-25 સુધી હાંસલ કરવા માંગે છે. આમાં, 200થી વધુ એરપોર્ટ, હેલિપોર્ટનું નિર્માણ, નેશનલ હાઈવે નેટવર્કને બે લાખ કિલોમીટર સુધી લંબાવવા, ગેસ પાઈપલાઈન નેટવર્કને 35,000 કિલોમીટર કરવું, 11 ઈન્ડસ્ટ્રિયલ કોરિડોર અને બે ડિફેન્સ કોરિડોરનાં નિર્માણનો સમાવેશ થાય છે.
- આ માસ્ટર પ્લાનમાં 100 લાખ કરોડ રૂપિયાથી વધુની નેશનલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પાઈપલાઈન યોજનાનો પણ સમાવેશ થાય છે.

## પ્રગતિ પ્લેટફોર્મ

પ્રો-એક્ટિવ ગવર્નન્સ એન્ડ ટાઈમલી ઈમ્પ્લિમેન્ટેશન (પ્રગતિ) દ્વારા દેશભરમાં ચાલી રહેલા વિકાસ પ્રોજેક્ટ્સનું મોનિટરીંગ ખુદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી કરે છે. તેનો હેતુ છે, ઈન્ફ્રાસ્ટ્રક્ચર સંલગ્ન પ્રોજેક્ટ્સને વિલંબથી બચાવવાનો છે. 'પ્રગતિ'ની 40 બેઠકોમાં અત્યાર સુધી વડાપ્રધાન નરેન્દ્ર મોદી આશરે 15 લાખ કરોડ રૂપિયાની 315થી વધુ પ્રોજેક્ટ્સની સમીક્ષા કરી ચૂક્યા છે.

### દાયકાઓથી પેન્ડિંગ પ્રોજેક્ટ્સ પૂરા થયા

| પ્રોજેક્ટ | મંજૂરીનું વર્ષ | કેટલો વિલંબ | ક્યારે પૂરી થઈ |
|---|---|---|---|
| ઉત્તરપ્રદેશનો સરયુ નહેર પ્રોજેક્ટ | 1978 | 4 દાયકા | 2021 |
| બિહારમાં કોસી રેલ મહાસેતુ | 2003-04 | 2 દાયકા | 2020 |
| કેરળમાં કોલ્લમ બાયપાસ | 1975 | 5 દાયકા | 2019 |
| આસામમાં બોગીબીલ બ્રીજ | 1997 | 2 દાયકા | 2018 |
| અટલ ટનલ | 2000 | 2 દાયકા | 2020 |
| ઈસ્ટર્ન અને વેસ્ટર્ન પેરીફેરલ એક્સપ્રેસ-વે | 2006 | 1 દાયકા | 2016/2018 |

અસંતુલિત વિકાસ અને ભેદભાવથી નારાજ હતો. આજે પૂર્વોત્તર હોય કે પૂર્વ ભારત હોય, આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને કનેક્ટિવિટી સાથે સંકળાયેલો છે. ડાબેરી ઉગ્રવાદ પણ નાબૂદ થઈ રહ્યો છે.

### કૃષિ અને ખેડૂત માટે પ્રતિબધ્ધતા સાથે પહેલ

સામૂહિક અભિયાન દ્વારા સમસ્યાઓનાં ઉકેલ માટે માર્ગ શોધવાનાં હોય છે. વીતેલાં આઠ વર્ષમાં દેશે માટીને જીવંત રાખવા અને તેને બચાવવા માટે પાંચ મહત્વની બાબતો પર ધ્યાન કેન્દ્રીત કર્યું છે. પ્રથમ-માટીને કેમિકલ ફ્રી કઈ રીતે બનાવવી. બીજું- માટીમાં જે જીવ રહે છે તેને કઈ રીતે બચાવવા. ત્રીજું- માટીમાં ભેજ કઈ રીતે જાળવી રાખવો. તેનાં સુધી પાણીની ઉપલબ્ધતા કઈ રીતે વધારવી. ચોથું- ભૂજળ ઓછું થવાને કારણે માટીને થતું નુકસાન કઈ રીતે દૂર કરવું અને પાંચમું, જંગલ વિસ્તાર ઘટવાથી માટીનું થઈ રહેલું ધોવાણ કઈ રીતે રોકવું. આ તમામ વાતોને ધ્યાનમાં રાખીને દેશમાં વીતેલા વર્ષોમાં જે સૌથી મોટાં પરિવર્તન આવ્યા છે, તે દેશની કૃષિ નીતિમાં પ્રથમ વાર થયા છે. પહેલાં દેશનાં ખેડૂતો પાસે તેનાં ખાતરી માટી અંગેની માહિતીનો અભાવ હતો, હવે ભારત એવો દેશ બની ચૂક્યો છે જે સામાન્ય માણસને આરોગ્યની સુવિધાનું કાર્ડ આપવાની સાથે સાથે કૃષિ માટે

# રેલ-રોડ કનેક્ટિવિટીની દિશામાં મહત્વનું પગલું



- રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવેની બજેટ ફાળવણીમાં 2014થી અત્યાર સુધી કેન્દ્ર સરકારે 500 ટકાનો વધારો કરીને આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરની દિશામાં મહત્વનું પગલું ભર્યું છે.
- રેલવેની વર્ષો જૂની ગંદકીની સમસ્યાને કાયમી રીતે ઉકેલીને તમામ ટ્રેનોમાં બાયો ટોયલેટ લગાવવામાં આવ્યા છે.
- માનવીય ભૂલોને કારણે થતી રેલ દુર્ઘટનાઓ રોકવા માટે માનવરહિત ક્રોસિંગ નાબૂદ કરવામાં આવ્યા છે. તો, સામ સામે થતી ટ્રેન દુર્ઘટના રોકવા માટે સ્વદેશી પ્રણાલિ ‘કવચ’નું ટ્રાયલ પૂરું થઈ ચૂક્યું છે. 2000 કિ.મી રેલ નેટવર્કને ‘કવચ’ અંતર્ગત લાવવામાં આવશે.

**37** **કિ.મી પ્રતિ દિન** હાઇવે નિર્માણ સાથે હાઇ સ્પીડ કનેક્ટિવિટીની દિશામાં કામ કરવામાં આવ્યું છે, તો 99 ટકા ગામોમાં રોડ કનેક્ટિવિટીનું કામ પૂરું થઇ ચૂક્યું છે.

# નાના શહેરોના સપનાને મળી નવી ‘ઉડાન’

- મોટાં શહેરો સુધી સીમિત રહેલાં ઉડ્ડયન ક્ષેત્રને હવે નાના શહેરો સાથે જોડવામાં આવી રહ્યા છે. 2016માં જાહેર દેશની પ્રથમ ઉડ્ડયન નીતિ અંતર્ગત રિજનલ કનેક્ટિવિટી યોજના (RCS)ની શરૂઆત કરવામાં આવી.
- આરસીએસ અંતર્ગત 8 હેલિપોર્ટ અને બે વોટર એરોડ્રોમ સહિત 67 એરપોર્ટ સાથે 423 હવાઈ માર્ગો પર સંચાલન શરૂ કરવામાં આવ્યું છે. 2024 સુધી આ અંતર્ગત 100 એરપોર્ટ પર સંચાલનનું લક્ષ્ય છે.



**400** નવી વંદે ભારત ટ્રેન વિશ્વ સ્તરીય સુવિધાઓની દિશામાં મહત્વનું પગલું છે. આ વર્ષે બજેટમાં તેનાં પર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે.

પણ સોઈલ હેલ્થ કાર્ડ આપી રહ્યું છે. માટીની તપાસનું મોટું નેટવર્ક બન્યું છે. આજે માટીનાં આરોગ્યની માહિતીનાં આધારે ખેડૂત ખાતર અને માઇક્રો-ન્યુટ્રીઅન્ટનો ઉપયોગ કરી રહ્યો છે. તેનાંથી ખેડૂતની પડતર 8થી 10 ટકા ઘટી છે અને ઉપજમાં 5-6 ટકાનો વધારો જોવા મળી રહ્યો છે.

આ જ રીતે, પ્રાકૃતિક ખેતી કૃષિ ક્ષેત્રનાં વર્તમાન પડકારોનાં ઉકેલની દિશામાં લાંબા ગાળાનો ઉપાયો બનવા જઈ રહી છે. આ વર્ષનાં સામાન્ય બજેટમાં કેન્દ્ર સરકારે નક્કી કર્યું છે કે ગંગાનાં કિનારે વસેલા ગામોમાં પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવામાં આવશે, એક કોરિડોર બનાવવામાં આવશે. પહેલાં ઉદ્યોગ માટે કોરિડોરની વાત તો થતી હતી પણ કૃષિ માટે પણ કોરિડોર હશે એવું કોઇએ વિચાર્યું પણ નહોતું. ભારતે પોતાનાં લક્ષ્યોનું વિસ્તરણ કરતાં વર્ષ 2030 સુધી 26 મિલિયન હેક્ટર ઉજ્જડ જમીનને પુનર્જીવિત કરીને કૃષિ યોગ્ય બનાવવાનું લક્ષ્ય પણ નિર્ધારિત કર્યું છે.

### ટેકનોલોજીથી પારદર્શિતા અને પરિવર્તન

નવી સદીમાં ટેકનોલોજીનું શું મહત્વ છે તે સમાજના છેવાડાના માણસને સરકારી યોજનાના મળી રહેલાં લાભથી સમજી શકાય છે. વિજ્ઞાન અને ટેકનોલોજી ભારતનાં વિકાસનાં એવા ઉપકરણ બની ગયા છે કે તેની મદદથી વહીવટી સુધારા, વીજળી, રેલવે સુધારા, ભ્રષ્ટાચાર પર અંકુશ, જીએસટી

## કૃષિ અને કૃષિ બજાર

# અન્નદાતાને સોઇલ હેલ્થ કાર્ડ, બજાર, વીમાની સુવિધા



### ઈ-નામ

એક હજાર મંડી જોડાઈ. હવે ખેડૂતોને તેમની ઉપજનું સાચું મૂલ્ય મળવા લાગ્યું કારણ કે તેનાથી પારદર્શિતા આવી છે અને હરીફો બોલી લગાવે છે. આ પ્લેટફોર્મ પર આશરે 1.76 કરોડથી વધુ ખેડૂત, વેપારી અને કમિશન એજન્ટ રજીસ્ટર છે.

### પીએમ કૃષિ વીમા

આ યોજનામાં નાની રકમ ભરવાથી પાક સલામત બન્યો. મુશ્કેલીમાં ખેડૂતોને પૂરતું વળતર મળવા લાગ્યું છે. 50 ટકાને બદલે હવે 33 ટકા પાક નુકસાન પર પણ વળતર મળે છે. એક લાખ કરોડથી વધુ રકમના ક્લેમ આપવામાં આવ્યા. આશરે 11.50 કરોડ ખેડૂતો રજીસ્ટર.

- **સોઇલ કાર્ડઃ** ખેડૂતોનાં ખેતરની માટીને કેવા પોષણની જરૂર છે, તેની માહિતી મળવા લાગી. આશરે 23 કરોડથી વધુ સોઇલ કાર્ડ બનાવીને ખેડૂતોને વિતરીત કરવામાં આવ્યા છે.
- **પીએમ કૃષિ સિંચાઇ યોજનાઃ** 2015-16માં અમ્બ્રેલા યોજના શરૂ. 93,000 કરોડ રૂપિયાની ફાળવણી. આશરે 64 લાખ હેક્ટર કવર, 57 લાખથી વધુ ખેડૂતોને લાભ. વરસાદી પાણીથી નિર્ભરતા ઘટી, નદી જોડો પ્રોજેક્ટ પહેલાં કેન બેતવા લિંકનું બજેટ મંજૂર.
- **પ્રાકૃતિક ખેતીઃ** જમીનની ગુણવત્તા પર ખાતરની આડ અસરને રોકવા માટે 2020-21માં પ્રાકૃતિક ખેતી યોજના શરૂ. તેને લંબાવીને 2025-26 સુધી લંબાવવામાં આવી છે. 4 લાખ હેક્ટરથી વધુ કવર. ગંગા કિનારાનાં કોરિડોરથી શરૂઆત કરીને દેશભરમાં પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આવવા માટે બજેટમાં જોગવાઈ.
- એક રાષ્ટ્ર, એક ખાતર મુદ્દે દેશને આત્મનિર્ભર બનાવવા માટે નેનો લિક્વિડ યુરિયાનું ઉત્પાદન કરનાર ભારત પ્રથમ દેશ. દૈનિક ઉત્પાદન એક લાખ બોટલ પર પહોંચ્યું. હવે ‘એક રાષ્ટ્ર, એક ખાતર'નાં કન્સેપ્ટ પર ચર્ચા ચાલી રહી છે.

દ્વારા એક દેશ-એક કર, સ્કિલ ઇન્ડિયા, સ્ટાર્ટઅપ ઇન્ડિયા, ડિજિટલ ઇન્ડિયા, શિક્ષણનાં ક્ષેત્રમાં પરિવર્તનથી માંડીને સંરક્ષણ આધુનિકીકરણ અને દાયકાઓથી પેન્ડિંગ એવા પ્રોજેક્ટ્સ સાકાર થઈ રહ્યા છે જે પહેલાં અશક્ય લાગતા હતા. વીતેલાં આઠ વર્ષમાં દેશે એ બતાવી આપ્યું છે કે ભારત જો એક થઈને કંઇક કરવાનું નક્કી કરી લે તો તે સમગ્ર વિશ્વ માટે નવી આશા બની જાય છે. વિશ્વ આજે ભારતને આજે વિશ્વનાં સૌથી મોટાં ગ્રાહક બજાર તરીકે જ નહીં, પણ એક સમર્થ, સક્ષમ અને દિશા આપનાર ઇનોવેટિવ ઇકો-સિસ્ટમ તરીકે આશા અને સમસ્યાનાં સમાધાનની અપેક્ષાથી જોઈ રહી છે. આ એટલાં માટે શક્ય બન્યું કે નેતૃત્વએ સામાન્ય ભારતીયોનાં વિવેક અને ક્ષમતા પર ભરોસો કર્યો.

ટેકનોલોજીને સુશાસનનું માધ્યમ બનાવવામાં આવ્યું, જેને લોકોએ સ્વીકારી લીધું. લોકોનાં આ વિશ્વાસનાં પરિણામે વિશ્વનાં સર્વશ્રેષ્ઠ ડિજિટલ ટ્રાન્ઝેક્શન પ્લેટફોર્મ યુપીઆઇ દ્વારા ગામ અને શહેરોમાં ગલીઓમાં લારી ચલાવનારા ફેરિયાઓને પણ 10-20 રૂપિયાની ચૂકવણી થઈ શકે છે. ભારતે જે ઉકેલો શોધ્યા છે, તેને હવે વિશ્વનાં બીજા દેશોનાં નાગરિકો પણ અપનાવે તે દિશામાં સરકાર પ્રયત્ન કરી રહી છે.

એ સાચું છે કે લોકશાહી પ્રક્રિયામાં સરકારો આવતી જતી રહે છે, પણ સિસ્ટમ એ જ રહે છે. પણ 2014 બાદ કેન્દ્ર સરકારે એ જ સિસ્ટમમાં સુધારા કરીને તેને ગરીબો માટે વધુ સંવેદનશીલ બનાવી. સરકારી યોજનાઓમાં ટેકનોલોજીની મદદથી ભ્રષ્ટાચારની સંભાવનાને સાવ ઘટાડી દીધી છે. જે

# સામાજિક સુરક્ષા

## ઘર, રેશન, પાણી, વીજળી, શૌચાલયની સમસ્યા હવે નથી

### ભારત ખુલ્લામાં શૌચથી મુક્ત થયો

**11.5**

કરોડ નવાં શૌચાલયનું નિર્માણ, 2025 સુધી ઓડીએફ પ્લસ બનશે ગામ, ઘન અને પ્રવાહી કચરાના નિકાલ પર કામ. ગ્રામીણ પરિવારો માટે શૌચલય કવરેજ સાત વર્ષમાં 43.8 ટકાથી વધીને 100 ટકા.

### 2024 સુધી દરેક ઘરમાં પાણી

**9.75**

કરોડ ઘરોમાં મળવા લાગ્યું પાણી. 2019માં 3.24 કરોડથી પણ ઓછાં ઘરોમાં નળમાંથી જળ આવતું હતું, આશરે 6.5 કરોડ નવાં કનેક્શન, 2024 સુધી દરેક ઘરમાં મળશે નળમાંથી જળ.



### હવે બધાંને પાક્કું ઘર

પીએમ આવાસ યોજનામાં ત્રણ કરોડથી વધુ ગ્રામીણ અને શહેરી ક્ષેત્રમાં પાકા ઘરોનું નિર્માણ, 2.3 કરોડને પોતાનું ઘર મળી ચૂક્યું છે. ચાલુ નાણાકીય વર્ષમાં 80 લાખ નવા મકાન બનાવવામાં આવશે, 48,000 કરોડ રૂપિયાનું બજેટ ફાળવવામાં આવ્યું.

**અન્ન સલામતી, એક રાષ્ટ્ર એક રેશનકાર્ડઃ** આ યોજનામાં અન્ન સલામતી કાયદા માટે પાત્ર લોકોમાંથી 97 ટકા લોકોને આવરી લેવાયા. હવે તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં લાગુ, આશરે 77 કરોડ લાભાર્થી આ યોજનામાં આવરી લેવાયા.

**વીજળીની સુવિધાઃ** 'સબકો બીજલી' યોજનામાં મફત વીજળીને પાત્ર ન હોય તેમને માત્ર 500 રૂપિયામાં કનેક્શન. 2.8 કરોડ નવા વીજ જોડાણ, 100 ટકા ઘરોમાં વીજળી જોડાણ

**ઉજ્જવલા યોજનાઃ** પીએમ ઉજ્જવલા યોજનામાં 9.1 કરોડથી વધુ નવાં એલપીજી જોડાણ, એલપીજી કવરેજ 2016માં 62 ટકા હતું, જે હવે 104.1 ટકાએ પહોંચ્યું.

**સસ્તામાં વીમોઃ** બહુ ઓછા પ્રીમિયમમાં 28.37 કરોડ લોકોને પીએમ સુરક્ષા બીમા યોજના અને 12.76 કરોડ લોકોને પીએમ જીવન જ્યોતિ બીમા યોજનાનો લાભ. રૂ. બે લાખનો વીમો.



**વીતેલા આઠ વર્ષમાં આઝાદીનાં 100મા વર્ષ એટલે કે 2047 માટે મજબૂત પાયો તૈયાર થયો છે. આ અમૃત કાળમાં સિધ્ધિઓ માટે એક જ મંત્ર છે-સબ કા પ્રયાસ. બધાં જોડાય, બધાં આગળ વધે- એ ભાવના સાથે આપણે કામ કરવાનું છે. કેટલી સદીઓ બાદ અને કેટલી પેઢીઓ બાદ આ સૌભાગ્ય આપણને પ્રાપ્ત થયું છે, આપણી પેઢીને મળ્યું છે. એટલે, આવો, આપણે સંકલ્પ લઈએ, આપણે બધાં 'આપણાં બધાંના પ્રયાસ' ના આહવાનમાં પોતાની સક્રિય ભાગીદારી નિભાવીશું. આપણી દરેક ફરજ નિભાવીશું.**

**-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**

સમસ્યાઓને પહેલાં કાયમી માની લેવામાં આવી હતી, તેને હવે દેશનું વર્તમાન નેતૃત્વ કાયમી ઉકેલ લાવવાનો પ્રયાસ કરી રહ્યું છે. વીતેલાં આઠ વર્ષમાં ડીબીટી દ્વારા કેન્દ્ર સરકારે 22 લાખ કરોડથી વધુ રકમ દેશવાસીઓનાં બેન્ક ખાતામાં ટ્રાન્સફર કરી છે. જ્યારે પહેલાં તો એમ કહેવાતું હતું કે 100 પૈસા મોકલીએ તો 85 પૈસા વચ્ચે જ ખવાઈ જતા હતા. પણ ટેકનોલોજીની મદદથી કાયમી ઉકેલની એવી વ્યવસ્થા ઊભી કરવામાં આવી કે વચેટિયાઓ ગાયબ થઈ ગયા, જેનાંથી સવા બે લાખ કરોડ રૂપિયાનું લીકેજ રોકાયું, 9 કરોડથી વધુ નકલી નામ સરકારી લાભાર્થીની યાદીમાંથી હટાવવામાં આવ્યા.

### નેતૃત્વની નિયતથી કાયમી ઉકેલ સુધી

પ્રોજેક્ટનાં શિલાન્યાસથી માંડીને લોકાર્પણ સુધી પહોંચવું એ વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં વ્યક્તિત્વ અને વહીવટની ઓળખ બની ચૂકી છે. સારી તકો અને ઈનોવેશનનાં



# ડિજિટલ ઈન્ડિયા

## ટેકનોલોજીની મદદથી સુધારાનો માર્ગ

### ઇ-ઓફિસ અને ઇ-સિગ્નેચર

હવે ફાઈલો ઓફિસમાં ધૂળ નથી ખાતી. એક ક્લિકમાં ટ્રાન્સફર, મોનિટરીંગ અને જવાબદેહિતા આવી. ફાઈલ અથવા એપ્લિકેશનને મંજૂરી પર પેનથી સહી કરવાની જરૂર નથી,. દેશમાં 28 કરડોડથી વધુ ઇ-સિગ્નેચર જારી.

### ફેસલેસ એસેસમેન્ટ

આવકવેરાનું ઈલેક્ટ્રોનિક વેરિફિકેશન અને તાત્કાલિક રિટર્ન, ફેસલેસ એસેસમેન્ટ અને અપીલ 2021-22માં શરૂ. મનમાની ખતમ, લાંચ લેવાની પ્રવૃત્તિ દૂર થઈ રહી છે. વ્યક્તિગત કરમાં 48 ટકા અને કોર્પોરેટ ટેક્સમાં 41 ટકાનો વધારો.

### ભારત નેટ દ્વારા ગામડાંમાં નેટ કનેક્ટિવિટી

ગ્રામીણ ભારતમાં ઈન્ટરનેટ કનેક્ટિવિટીનાં કાયમી ઉકેલ અને હાઈસ્પીડ માટે 5.67 લાખ કિલોમીટર ફાઈબર કેબલ પાથરવામાં આવ્યા. 1.77 લાખ ગ્રામ પંચાયત સેવા માટે તૈયાર. તમામ 6 લાખથી વધુ ગામ સુધી ફાઈબર કેબલ પહોંચશે.

### ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેન્ક

**5.25**

5.25 કરોડથી વધુ ખાતા ખુલ્યા દેશભરમાં. અંતરિયાળ વિસ્તારમાં ટપાલી પાસે ઉપલબ્ધ બાયોમેટ્રિક ડિવાઈસ પર અંગુઠો લગાવીને પોતાના ખાતામાંથી પૈસા કાઢી શકાય છે.

**1.36**

લાખ પોસ્ટ ઓફિસ, 1.89 લાખ ટપાલી સેવા આપી રહ્યા છે.

### અટલ ઇનોવેશન મિશન

દેશભરમાં સ્કુલ, યુનિવર્સિટી, રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ અને એકમોનાં સ્તર પર ઈનોવેશન, ઉદ્યોગ સાહસિક ઈકોસિસ્ટમને પ્રોત્સાહન આપવું. દેશનાં 34 રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશનાં 722 જિલ્લામાં 9500થી વધુ અટલ ટિન્કરીંગ લેબ.

અભિગમને પરિણામે ગ્લોબલ ઈનોવશન ઈન્ડેક્સમાં ભારત ટોચનાં 50 દેશોમાં સ્થાન પામી શક્યું છે. ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસને પ્રોત્સાહન આપવા માટે અત્યાર સુધી 32,000થી વધુ બિનજરૂરી કોમ્પ્લાયન્સ ધરાવતી જોગવાઈઓ દૂર કરવામાં આવી છે. જે જીએસટીના પ્રારંભ વખતે અનેક પ્રકારની આશંકા વ્યક્ત કરવામાં આવતી હતી તે આજે કર વસૂલાતનાં નવાં નવાં વિક્રમ સર્જી રહી છે. આ મોટી આર્થિક ક્રાંતિએ લોકોને કરની જાળમાંથી મુક્તિ અપાવી અને કાયમી ઉકેલ આપ્યો. સરકારી ખરીદીમાં પારદર્શિતા અંગે હંમેશા શંકા રહેતી હતી, પણ વીતેલાં કેટલાંક વર્ષોમાં જ GeM (જેમ) પોર્ટલ પર 45 લાખ રૂપિયાથી વધુ નાના ઉદ્યોગ સાહસિકો રજીસ્ટર્ડ છે અને આ પોર્ટલ દ્વારા અત્યાર સુધી સવા બે લાખ કરોડ રૂપિયાથી વધુનાં ઓર્ડર થયાં છે. ચાર વર્ષ પહેલાં ભારતમાં 500થી ઓછા રજીસ્ટર્ડ ફિનટેક સ્ટાર્ટઅપ હતા, આજે તેની સંખ્યા લગભગ 2300ને પાર થઈ ગઈ છે.

સંકલ્પથી સિદ્ધિનાં નવા ભારતનાં અભિગમનું ઉત્તમ ઉદાહરણ નિકાસની ઈકો-સિસ્ટમ છે. પહેલાનાં સમયની સરકારોનાં શાસનનું પરિણામ દેશે ભોગવ્યું છે, પણ આજે 21મી સદીનું ભારત જન-કેન્દ્રીય શાસનનાં દ્રષ્ટિકોણ સાથે આગળ વધી રહ્યું છે. સરકારની એ પ્રાથમિકતા છે કે શાસન ખુદ સરકાર પાસે પહોંચે, દરેક પાત્ર વ્યક્તિ સુધી પહોંચે, તેને પૂરતાં લાભ પહોંચાડવામાં આવે. તાજેતરમાં જ કેન્દ્ર સરકારે જનસમર્થ પોર્ટલ લોંચ કર્યું છે, જેથી અલગ અલગ મંત્રાલયોની અલગ અલગ વેબસાઈટો પર જવાને બદલે માત્ર એક જ પોર્ટલ પરથી સમસ્યાનું નિરાકરણ આવી શકે.

**સ્વર્ણિમ ભારત અને ભવિષ્યનો માર્ગઃ**

ભારતે કોવિડ જેવી ભયાનક મહામારીનાં સમયમાં અસમર્થતા

# પાયાના સ્તરથી પ્રતિભા શોધ અને સંવર્ધનની શરૂઆત

- "પઢોગે-લિખોગે, બનોગે નવાબ, ખેલોગે-કુદોગે, બનોગે ખરાબ."-આ ઉક્તિમાં વડાપ્રધાન મોદીના પ્રયત્નોને કારણે ઘણું પરિવર્તન આવ્યું છે. યુવાનોને સ્પોર્ટ્સમાં કારકીર્દિ ઘડવાની તક મળી. સાત દાયકામાં પ્રથમ વાર થોમક કપ જીત્યો, ચેસ ઓલિમ્પિયાડના 95 વર્ષના ઇતિહાસમાં પ્રથમ વાર ભારત યજમાની કરી રહ્યું છે. ભારત 2024ના પેરિસ ઓલિમ્પિક અને 2028ના લોસ એન્જલસ ઓલિમ્પિકનાં લક્ષ્ય સાથે કામ કરી રહ્યું છે.
- **ખેલો ઇન્ડિયાઃ** સમગ્ર ભારતમાં રમતગમત સંસ્કૃતિનું નિર્માણ. રમત બની જન આંદોલન. પાયાના સ્તર પર પ્રતિભાઓ શોધવા માટે 1000 ખેલો ઇન્ડિયા કેન્દ્ર સ્થાપવામાં આવી રહ્યા છે. 2500થી વધુ એથ્લીટ્સને પસંદ કરીને દર વર્ષે રૂ. 6.28 લાખની મદદ કરવામાં આવી. ખેલો ઇન્ડિયા યુથ ગેમ્સમાં આ વર્ષે 12 રેકોર્ડ તૂટ્યા. 11 મહિલા ખેલાડીઓનાં નામ નોંધાયા.
- **ટારગેટ ઓલિમ્પિક પોડિયમ સ્કીમ (TOPS):** ભારતીય એથ્લીટ્સની મોટા પાયે મદદ. 150 એથ્લીટને મળી રહી છે મોટી મદદ. 2014થી લાંબા ગાળાની યોજનાને કારણે જ વિક્રમ સફળતા હાંસલ થઈ છે. ભારતે ટોકિયો ઓલિમ્પિક (7 ચંદ્રક) અને પેરાલિમ્પિક (19 ચંદ્રક)માં અત્યાર સુધીનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન.
- **ફિટ ઇન્ડિયા મુવમેન્ટઃ** ફિટનેસને દિનચર્યાનું અભિન્ન અંગ બનાવવા માટે શરૂ કરવામાં આવેલી ફિટ ઇન્ડિયા મુવમેન્ટને સરળ, મનોરંજક અને નિઃશુલ્ક પ્રવૃત્તિ તરીકે પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે.






# પર્યાવરણ સંરક્ષણ માટે નિર્ધારિત લક્ષ્ય સમય પહેલાં હાંસલ કર્યા

### 2070 સુધી નેટ ઝીરો ઉત્સર્જન
વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પંચામૃતમાં 2030 સુધી 500 ગીગાવોટ બિન-અશ્મીભૂત ઊર્જા ક્ષમતા, ઊર્જાનો 50 ટકા હિસ્સો નવીનીકરણ સ્રોતથી, કાર્બન ઉત્સર્જનમાં એક અબજ ટનનો ઘટાડો, કાર્બન ઇન્ટેન્સિટી 45 ટકા ઓછી કરવી અને 2070 સુધી નેટ ઝીરો ઉત્સર્જનનું લક્ષ્ય રાખ્યું છે.

### સોલર મિશન, પીએમ કુસુમ યોજના
કુસુમ યોજના દ્વારા ખેડૂતોની ઉજ્જડ જમીન પર સૌર ઊર્જાનું ઉત્પાદન કરીને આવકની કમાણી શરૂ. બિન-અશ્મિભૂત ઇંધણ સ્ત્રોતથી 40 ટકા સ્થાપિત ક્ષમતાનું લક્ષ્ય નવ વર્ષ પહેલાં પુરું. સૌર ઊર્જામાં 6 વર્ષમાં લગભગ 15 ગણો વધારો.

### ઇથેનોલનું મિશ્રણ
2014માં પેટ્રોલમાં 1.5 ટકા ઇથેનોલ મેળવવામાં આવતું હતું. હવે લક્ષ્યનાં પાંચ મહિના પહેલાં જ 10 ટકા મિશ્રણનું લક્ષ્ય પૂરું. 2025-26માં 20 ટકા ભેળવવામાં આવશે.

### વ્હિકલ સ્ક્રેપિંગ પોલિસી
દેશમાં રજીસ્ટર્ડ વાહનોની સ્ક્રેપિંગ સુવિધા માટે સપ્ટેમ્બર, 2021થી નિયમ લાગુ. રાજધાની દિલ્હીમાં 8 અને ચેન્નાઇમાં એક વાહન સ્ક્રેપિગ કેન્દ્ર ઔપચારિક રીતે શરૂ.

### સસ્તામાં પ્રકાશ
માત્ર 70 રૂપિયામાં એલઇડી બલ્બ, 220 રૂપિયામાં એલઇડી ટ્યુબલાઇટ આપવામાં આવે છે. ગ્રામ ઉજાલામાં માત્ર 10 રૂપિયામાં એલઇડી. અત્યાર સુધી 36.86 કરોડ એલઇડી વિતરિત. વાર્ષિક 47,886 મિલિયન કિલોવોટ પ્રતિ કલાક ઊર્જાની બચત.

# વિચાર બદલ્યો, આદત બદલી, હવે દેશ બદલાઈ રહ્યો છે...

### સ્વચ્છ ભારત મિશન

હવે રસ્તાની બાજુમાં દીવાલ પર કે સ્કુલ-હોસ્પિટલની દિવાલ પર જ સ્વચ્છતાનાં સૂત્રો નથી લખાતા, પણ સ્વચ્છતા આદત બનવા લાગી છે. દેશ ખુલ્લામાં શૌચ મુક્ત થયો છે, કચરો હવે કચરા ટોપલીમાં જ નાખવાની આદત બની ગઈ છે, શહેરોમાં સ્વચ્છતાની સ્પર્ધા થઈ રહી છે. આ બધું વડાપ્રધાન મોદીએ લાલ કિલ્લા પરથી કરેલા આહવાનનું પરિણામ છે.



### ડિજિટલ પેમેન્ટની હવે આદત પડી ગઈ

દેશનો દરેક વર્ગ ત્યાં સુધી કે શહેર કે ગામનો નાનો દુકાનદાર, લારી ગલ્લા વાળા પણ ડિજિટલ પેમેન્ટ, યુપીઆઇ કરી રહ્યા છે. 2021માં વિશ્વનાં 40 ટકા ડિજિટલ ટ્રાન્ઝેક્શન ભારતમાં થયા છે. એપ્રિલ, 2022માં 558 કરોડ રૂપિયાની લેવડદેવડ યુપીઆઇ દ્વારા થઈ હતી.

### સ્ટાર્ટઅપ, પીએમ મુદ્રાથી યુવાનો બન્યો જોબ ક્રિયેટર

મુદ્રા યોજનાથી 10 લાખ રૂપિયા સુધીની મદદને કારણે બિઝનેસ કરવો સરળ બન્યો. સ્ટાર્ટઅપ ઈન્ડિયાથી ભારત વિશ્વની ત્રીજી સૌથી મોટી ઇકો-સિસ્ટમ બની. 100 યુનિકોર્ન સાથે નવો ઈતિહાસ રચાયો.

### ડીબીટી દ્વારા પૈસા સીધા જરૂરિયાતમંદોને

વિવિધ કલ્યાણકારી યોજનાઓમાં મોબાઈલ, જનધન અને આધાર ઓથેન્ટીકેશન દ્વારા 8.10 કરોડ નકલી રેશનકાર્ડ અને એલપીજી કનેક્શન રદ. 2014થી 2021 સુધી ડીબીટી દ્વારા 22.46 લાખ કરોડ મોકલવામાં આવ્યા. આનાથી 2.22 લાખ કરોડ રૂપિયા બચ્યા.

### ટેકનોલોજીથી પારદર્શિતામાં વધારો થયો

દેશ ડિજિટલ ઈનોકોમી તરફ વધી રહ્યો છે એટલું જ નહીં પણ ટેકનોલોજીને કારણે સેવાઓનું મોનિટરીંગ સરળ બની ગયું છે. હવે સમયસર કામ થાય છે, તો સરકારની દરેક યોજનાનું મોનિટરીંગ પણ સરળ બની ગયું છે.

નથી દર્શાવી. ઉકેલ પર ધ્યાન કેન્દ્રીત કર્યું. પીપીઇ કિટનાં ઉત્પાદનથી માંડીને વિશ્વભરને દવાઓ પૂરી પાડવા સુધીની કામગીરી નિભાવી અને દેશ મજબૂત બનીને ઉપસી આવ્યો. કોવિડ-19 સંકટમાં ભારત વિશ્વની ફાર્મસી બની અને રસીની શોધમાં પણ ભારત સૌથી અગ્રેસર રહ્યું.

જળવાયુ પરિવર્તનની વાત હોય કે પછી તેનાં ઉકેલની, ભારત ફરિયાદકર્તા નહીં પણ ઉકેલ લાવનાર દેશ બની રહ્યો છે. ઈન્ટરનેશનલ સોલર એસોસિએશનનાં માધ્યમથી ભારતે જ આ દિશામાં ઉકેલની પહેલ કરી. દેશમાં પર્યાવરણ માટે અનેક સારાં કામ થયા છે. બિન-અશ્મીભૂત ઇંધણ આધારિત સ્ત્રોત દ્વારા સ્થાપિક વીજ ક્ષમતાનાં 40 ટકા સુધી પહોંચવાની પ્રતિબધ્ધતા નિર્ધારિત સમયનાં નવ વર્ષ પહેલાં હાંસલ કરવામાં આવી છે. તાજેતરમાં જ ભારતે પેટ્રોલમાં 10 ટકા ઈથેનોલ મિશ્રણનો લક્ષ્ય પાંચ મહિના પહેલાં હાંસલ કરીને આ ક્ષેત્રમાં પણ કાયમી ઉકેલની દિશામાં પગલું ભર્યું છે. આ મોટી સફળતા છે કારણ કે 2013-14માં માંડ 1.5 ટકા ઈથેનોલનું મિશ્રણ કરવામાં આવતું હતું. આનાથી ભારતની ઊર્જા સંબંધિત સલામતી વધી છે, ક્રુડની આયાતમાં 5.5 અબજ ડોલરનો ઘટાડો થયો છે અને ખેડૂતોની આવકમાં લગભગ 5.5 અબજ ડોલરનો વધારો થયો છે.

8 વર્ષ પહેલાં સ્ટાર્ટઅપ ક્ષેત્રમાં આપણી ખાસ હાજરી નહોતી. આજે આપણે વિશ્વની ત્રીજી મોટી સ્ટાર્ટઅપ



# યુવાનોની આકાંક્ષા પૂરી કરવાની દિશામાં આગેકૂચ

- **રાષ્ટ્રીય પરીક્ષા એજન્સી (NTA):** આ એજન્સીની શરૂઆત થયા પછી જેઇઇ, નીટ, યુજીસી-નેટ, સી-ટેટ, સેન્ટ્રલ યુનિવર્સિટીની પાત્રતા પરીક્ષાઓ તેનાં દ્વારા જ થાય છે. આ પરીક્ષાઓમાં દર વર્ષે 60 લાખથી વધુ પરીક્ષાર્થીઓ બેસે છે. પરીક્ષામાં એકરૂપતા આવી અને ગોટાળાની સંભાવના પણ દૂર થઈ.

**સેલ્ફ સર્ટિફિકેશનઃ**
જૂન, 2016થી પોતાનાં જ સર્ટિફેકેટ્સ વેરિફાય કરાવવા માટે ગેઝેટેડ ઓફિસર્સનાં આંટા મારવાની જરૂર નથી પડતી. સેલ્ફ સર્ટિફાઇડ દસ્તાવેજ જમા કરાવવાથી એપોઇન્ટમેન્ટ લેટર જારી કરવામાં આવે છે.

- **રાષ્ટ્રીય ભર્તી એજન્સી (એનઆરએ):** કેન્દ્ર સરકારની નોકરીઓમાં ભર્તી માટે યોગ્યતા પરીક્ષામાં સુધારા માટે રાષ્ટ્રીય ભર્તી એજન્સીની રચના થઈ. ભવિષ્યમાં તમામ ઉમેદવારોએ સામાન્ય યોગ્યતા પરીક્ષા આપવાની રહેશે, જે અનેક નોકરીઓ અને એક ચોક્કસ સમય માટે માન્ય રહેશે.
- **રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (એનઈપી 2020):** ભારતને વિશ્વનાં સૌથી મોટા સ્કિલ વર્કફોર્સમાં બદલવાનાં લક્ષ્યને ધ્યાનમાં રાખીને 34 વર્ષ બાદ નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ જાહેર થઈ. નીતિમાં 2025 સુધી 50 ટકા વિદ્યાર્થીઓને વ્યાવસાયિક કૌશલ્ય પૂરું પાડવામાં આવશે.
- **કૌશલ્ય વિકાસ મિશનઃ** 15 જુલાઇ, 2015નાં રોજ શરૂ થયેલા મિશનમાં 5.70 કરોડથી વધુ યુવાનોને 20 મંત્રાલયો અને વિભાગોએ તાલીમ આપી છે. 15 નવી એઈમ્સ મંજૂર અને સંચાલિત કરવા ઉપરાંત સાત આઈઆઈટી અને 7 આઇઆઇએમ સાથે 320 નવી યુનિવર્સિટી બનાવવામાં આવી.

ઈકોસિસ્ટમ છીએ, દેશનાં યુવાનો લગભગ દર સપ્તાહે હજારો કરોડ રૂપિયાની કંપની તૈયાર કરી રહ્યા છે. હવે આઝાદીની અમૃત યાત્રા એટલે કે આવનારાં 25 વર્ષનાં વિરાટ સંકલ્પોની સિધ્ધિ માટે દેશ નવા અર્થતંત્રનાં નવા ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું ઝડપથી નિર્માણ કરી રહ્યો છે. એક બીજાને મદદ કરતી મલ્ટીમોડલ કનેક્ટિવિટી પર ફોકસ કરવામાં આવી રહ્યું છે. ચાલુ વર્ષનાં બજેટમાં પર્વતમાલા યોજના, વાઇબ્રન્ટ બોર્ડર વિલેજ જેવી યોજના દ્વારા પર્વતીય અને સરહદી ગામોનાં વિકાસનું કામ કરવામાં આવી રહ્યું છે.

આજે ભારત વિશ્વનું સર્વશ્રેષ્ઠ ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવા પર ફોકસ કરી રહ્યું છે. આયુષ્યમાન ભારત હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચર મિશન અંતર્ગત જિલ્લા અને બ્લોક સ્તર પર ક્રિટિકલ હેલ્થકેર સુવિધા તૈયાર કરવામાં આવી રહી છે. દરેક જિલ્લામાં એક મેડિકલ કોલેજ હોય તે દિશામાં કામ ચાલી રહ્યું છે. સરકારે નક્કી કર્યું છે કે આરોગ્ય અને ટેકનિકલ શિક્ષણને માતૃભાષામાં કામ કરવાનું પ્રોત્સાહન આપવામાં આવે, જેથી ગરીબમાં ગરીબ બાળક પણ ડોક્ટર બની શકે. સંરક્ષણ ક્ષેત્રને આત્મનિર્ભર અને અત્યાધુનિક બનાવવાનાં કાયમી પ્રયત્નોનાં સકારાત્મક પરિણામો આવવાનાં શરૂ થઈ ગયા છે. સાથે સાથે, સેનાને વધુ મજબૂત બનાવવા માટે અને ટેલેન્ટ બનાવવાનાં હેતુથી અગ્નિપથ યોજના બનાવવામાં આવી છે. સશસ્ત્ર દળોની યુવા પ્રોફાઈલને મજબૂત બનાવવાના હેતુથી આ યોજના તૈયાર કરવામાં આવી છે. આ માટેની ભર્તી પ્રક્રિયા પણ શરૂ થઈ ગઈ છે.

ભારતે વીતેલા આઠ વર્ષમાં સમયાંતરે નવાં નવાં પગલાં ભર્યા છે અને તેમાં જનભાગીદારી દ્વારા દેશનાં વિકાસને ગતિ આપી છે. આજે દેશે જે સિધ્ધિ હાંસલ કરી છે તેમાં બહુ મોટી ભૂમિકા સ્વ-પ્રેરણાની છે, બધાંના પ્રયાસની છે. દેશનાં નાગરિકો આત્મનિર્ભર ભારત અભિયાન, વોકલ ફોર લોકલ જેવા અભિયાન સાથે ભાવનાત્મક રીતે જોડાઈ ગયા છે. હવે નવાં ભારતનું લક્ષ્ય યોજનાઓનું સેચ્યુરેશન એટલે કે 100 ટકા લોકો સુધી પહોંચવાનું છે.

ચોક્કસપણે, આજે ભારત પોતાની સભ્યતા, સંસ્કૃતિ પોતાની સંસ્થાઓનાં, પોતાનાં ગુમાવેલા વિશ્વાસને પુનઃ હાંસલ કરી રહ્યું છે. વિશ્વભરમાં કોઇ પણ ભારતીય છાતી કાઢીને, આંખમાં આંખ મિલાવીને હિન્દુસ્તાનની વાત ગર્વથી કહી રહ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં વડપણમાં વીતેલા આઠ વર્ષમાં અંતિમ વ્યક્તિ સુધી લાભ પહોંચાડવાનો અને સાચા અર્થમાં આઝાદીનો અહેસાસ કરાવવાની પહેલ કરવામાં આવી છે. આ સીમાચિહ્ન આઝાદીના અમૃતક કાળથી માંડીને સ્વર્ણિમ વર્ષ સુધીની યાત્રામાં નવા ભારતની નવી તકદીર લખશે. ●



## શિલાન્યાસથી લોકાર્પણ સુધી....

# વાણિજ્ય ક્ષેત્રમાં ભારતની સફળતાનું પ્રતીક

**કોઈ પણ દેશનાં અર્થતંત્રમાં વાણિજ્ય મહત્વનો હિસ્સો છે. તે દેશનાં વિકાસને આગળ વધારે છે અને નવા શિખર પર પણ લઈ જાય છે. જે વાણિજ્યિક આકાંક્ષાઓ સાથે ભારત આજે ભવિષ્યનાં નવા લક્ષ્ય તૈયાર કરી રહ્યું છે, તે અનોખો રેકોર્ડ છે. જો કે લક્ષ્ય કંઇ એમ જ હાંસલ નથી થતા, તેની પાછળ મજબૂત ઈરાદા અને એ સેક્ટરને કેન્દ્રમાં રાખીને ઘડેલી વ્યવસ્થા. આ વિઝનને વધુ આગળ ધપાવતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 23 જૂનનાં રોજ કોમર્સ સેક્ટરને બે નવી ભેટ આપી. નવું વાણિજ્ય ભવન અને નિર્યાત પોર્ટલ. વાણિજ્ય ભવન ફિઝિકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર છે અને નિર્યાત પોર્ટલ ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું પ્રતીક છે. આ બંને ટ્રેડ અને કોમર્સ સાથે સંકળાયેલા ગવર્નન્સમાં સકારાત્મક પરિવર્તન અને આત્મનિર્ભર ભારતની આકાંક્ષાઓનું પ્રતિનિધિત્વ કરે છે...**

ભારતમાં વેપાર કરવો સરળ બનાવવા માટે દૂરદર્શી અભિગમ અંતર્ગત 2,000થી વધુ અડચણો દૂર કરવાની સાથે સાથે 25,000થી વધુ કોમ્પ્લાયન્સ દૂર કરીને કાયમી ઉકેલ કર્યો. એક દેશ-એક કરની નવી વ્યવસ્થા લાગુ કરી, તો વેપાર શરૂ કરવા માટે જરૂરી મંજૂરીઓની સંખ્યા 14થી ઘટાડીને ત્રણ કરી. કોર્પોરેટ ટેક્સનો દર અત્યાર સુધીના નીચા સ્તરે છે, તો સિંગલ વિન્ડો સિસ્ટમ અને એફડીઆઈ માટે કરવામાં આવેલા સુધારાઓની અસર ઈઝ ઓફ ડુઇંગ બિઝનેસની રેન્કિંગમાં દેખાઈ. ભારત 2014માં 142મા ક્રમે હતું, પણ 2020માં 63મા ક્રમે આવ્યું. છેલ્લાં આઠ વર્ષમાં ભારત સરકારના અથાક પ્રયત્નોથી દેશ વાણિજ્ય અને નિકાસનાં ક્ષેત્રમાં નવી ઊંચાઈઓને સ્પર્શી રહ્યું છે. સુધારા અને નવી શરૂઆતની આ શ્રૃંખલામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 23 જૂનનાં રોજ વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયના નવા પરિસર 'વાણિજ્ય ભવન'નું ઉદઘાટન કર્યું. આ ઉપરાંત તેમણે વધુ એક પોર્ટલ નિર્યાત (વ્યવસાયના વાર્ષિક વિશ્લેષણ માટે રાષ્ટ્રીય આયાત-નિકાસ રેકોર્ડ)ને પણ લોંચ કર્યું. આ પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું, "ગયા વર્ષે દેશે નક્કી કર્યું હતું કે દરેક પડકાર છતાં 400 અબજ ડોલર એટલે કે 30 લાખ કરોડ રૂપિયાની મર્ચેન્ડાઇઝ નિકાસનો આંક પાર કરવો છે. આપણે આ આંક પાર કરીને 418 અબજ ડોલર એટલે

## 'નિર્યાત' એટલે કે વેપાર સાથે સંકળાયેલી તમામ માહિતીનું વન-સ્ટોપ પ્લેટફોર્મ

- નિર્યાત પોર્ટલ વિદેશી વેપાર સાથે સંકળાયેલી તમામ માહિતીને એક જ સ્થળે ઉપલબ્ધ કરવા માટે બનાવવામાં આવી છે. તે વિદેશી વેપાર સાથે સંકળાયેલા તમામ પક્ષો માટે માહિતીનું વન-સ્ટોપ પ્લેટફોર્મ હશે.
- નિર્યાત પ્લેટફોર્મ અંતર્ગત વર્લ્ડ મેપ વ્યુ, કોમોડિટી વ્યુ, કન્ટ્રી વ્યુથી ડેટા વિશ્લેષણ સરળ બનશે.
- પ્રથમ વાર આપણે રાજ્યોમાંથી થઈ રહેલી વિવિધ કોમોડિટીની નિકાસનો ટ્રેક સારી રીતે રાખી શકીશું અને સમય પર તેનું વિશ્લેષણ કરી શકીશું. આનાથી, રાજ્યોમાં નિકાસ કેન્દ્ર બનાવવા માટે તેમનાં વચ્ચે તંદુરસ્ત સ્પર્ધાને પ્રોત્સાહન આપી શકાશે અને આ વિશ્લેષણ બાદ જરૂરી પગલાં ભરી શકાશે.
- ભારતની નિકાસનાં મહત્વનાં લક્ષ્યાંકો હાંસલ કરવામાં અને સમગ્ર અને વિસ્તૃત કાર્ય યોજના બનાવવા તથા લાગુ કરવામાં આ પોર્ટલ મહત્વનું યોગદાન આપશે. તેનાં પરિણામે, ભારત વૈશ્વિક અર્થતંત્રમાં પોતાની મજબૂત નિકાસનાં જોરે અગ્રણી સ્થાન પ્રાપ્ત કરી શકશે.



**સરકાર કોઇ પ્રોજેક્ટ શરૂ કરતી હતી, પણ એ ક્યારે તૈયાર થશે તેની કોઇ ગેરન્ટી રહેતી નહોતી. આ ધારણાને અમે કઇ રીતે બદલી છે, તેનું વધુ એક ઉદાહરણ આ ભવન છે. આ સંયોગ છે કે 22 જૂન, 2018નાં રોજ આ ભવનનો શિલાન્યાસ થયો અને 23 જૂન, 2022નાં રોજ લોકાર્પણ થઇ રહ્યું છે.**
**-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**

## ગયા નાણાકીય વર્ષમાં ભારતે 670 અબજ ડોલરની નિકાસ કરી

- વીતેલાં નાણાકીય વર્ષમાં ઐતિહાસિક વૈશ્વિક પડકારો છતાં ભારતે 670 અબજ ડોલર એટલે કે 50 લાખ કરોડ રૂપિયાની કુલ નિકાસ કરી.
- 2021-2માં દેશે નક્કી કર્યું હતું કે કોઇ પણ પડકાર છતાં 400 અબજ ડોલર એટલે કે 30 લાખ કરોડ રૂપિયાની ચીજોની નિકાસ કરવી છે. અમે આ આંક પાર કરીને 418 અબજ ડોલર એટલે કે 31 લાખ કરોડ રૂપિયાની નિકાસનો નવો વિક્રમ સર્જ્યો.

કે 31 લાખ કરોડ રૂપિયાની નિકાસનો નવો વિક્રમ સર્જ્યો." વીતેલાં વર્ષોની આ સફળતાથી પ્રોત્સાહિત થઈને સરકારે હવે નિકાસનાં લક્ષ્ય પણ વધારી દીધાં છે અને તેને હાંસલ કરવા માટે પોતાનાં પ્રયત્નો વધારી દીધાં છે, જેમાં નવા વાણિજ્ય ભવન અને નિર્યાત પોર્ટલ ખૂબ મદદરૂપ સાબિત થશે. સાથે સાથે, નવા ભારતની આકાંક્ષાઓને ધ્યાનમાં રાખીને દરેક સંબધિત ક્ષેત્રમાં દેશને ગતિશક્તિ આપશે.

### અત્યાધુનિક ટેકનોલોજીથી સજ્જ છે નવું 'વાણિજ્ય ભવન'

ઈન્ડિયા ગેટ પાસે નિર્મિત વાણિજ્ય ભવનને સ્માર્ટ બિલ્ડિંગ તરીકે ડિઝાઈન કરવામાં આવ્યું છે, જેમાં ઊર્જાની બચત પર વિશેષ ધ્યાન આપવાની સાથે સાથે ટકાઉ વાસ્તુકલાના સિધ્ધાંતનો સમાવેશ થાય છે. આ સંકલિત અને આધુનિક ઓફિસ કોમ્પ્લેક્સ તરીકે કામ કરશે, જેનો ઉપયોગ મંત્રાલય અંતર્ગત બે વિભાગો એટલે કે વાણિજ્ય વિભાગ અને ઉદ્યોગ અને આંતરિક વેપાર સંવર્ધન વિભાગ દ્વારા કરવામાં આવશે. આ ભવન 4.33 એકર જમીન પર લગભગ રૂ. 266 કરોડનાં ખર્ચે બનાવવામાં આવ્યું છે. આ બિલ્ડીંગ 6 માળમાં ફેલાયેલી છે, જ્યાં અત્યાધુનિક ટેકનોલોજી અને પ્રકૃતિનું અનોખું મિશ્રણ છે. અહીં વાણિજ્ય અને ઉદ્યોગ ક્ષેત્ર સાથે સંકળાયેલા 1,000થી વધુ કર્મચારી એક સાથે બેસીને કામ કરી શકશે. તેનાથી ઉત્પાદકતા વધશે, સારા નિર્ણય લઈ શકાશે, સમસ્યાઓનો વહેલો નિકાલ આવશે અને વેપાર કરવો વધુ સરળ બનશે.




# 'ઈઝ ઓફ ટ્રાવેલ'થી બેંગલુરુની ગતિ અને પ્રગતિને વેગ મળશે

**કર્ણાટકમાં દેશની આર્થિક અને આધ્યાત્મિક સંપન્નતા બંનેનાં દર્શન થાય છે. બેંગલુરુ દેશનું જાણીતું મહાનગર છે, જ્યાં લાખો લોકોની અવરજવર ચાલુ રહે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી 20-21 જૂનનાં રોજ કર્ણાટકનાં પ્રવાસે ગયા હતા, જ્યાં તેમણે બેંગલુરુ અને મૈસુરમાં લગભગ રૂ. 28,000 કરોડનાં પ્રોજેક્ટ્સનું ઉદઘાટન અને શિલાન્યાસ કર્યા. મૈસુરના શ્રી સુત્તુર મઠનાં એક કાર્યક્રમમાં પણ ભાગ લીધો. સેન્ટર ફોર બ્રેઈન રિસર્ચ, બહેરા લોકો માટેનાં ઉત્કૃષ્ટતા કેન્દ્રનું ઉદઘાટન કર્યું, તો બાગચી પાર્થસારથી મલ્ટીસ્પેશ્યાલિટી હોસ્પિટલનું શિલાન્યાસ કર્યું. રોડ, રેલવે, લોજિસ્ટીક પાર્ક પ્રોજેક્ટથી બેંગલુરુની ગતિમાં વધારો થશે, તો ઈઝ ઓફ ટ્રાવેલથી શહેરની પ્રગતિ થશે....**

કર્ણાટકના વિકાસને ગતિ આપનાર પાંચ નેશનલ હાઈવે અને સાત રેલવે પ્રોજેક્ટ સહિત રૂ. 28,000 કરોડથી વધુનાં પ્રોજેક્ટનાં શિલાન્યાસ અને લોકાર્પણ કરવામાં આવ્યા. ઉચ્ચ શિક્ષણ, રિસર્ચ, કૌશલ્ય વિકાસ, આરોગ્ય, કનેક્ટિવિટી સંલગ્ન આ પ્રોજેક્ટ બેંગલુરુ, મૈસુર સહિત સમગ્ર કર્ણાટકમાં ઈઝ ઓફ લીવિંગ, ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ સાથે ઈઝ ઓફ ટ્રાવેલિંગને મજબૂતી આપશે. સાથે સાથે, આ પ્રોજેક્ટ કર્ણાટકના યુવાનો, મધ્યમ વર્ગ, ખેડૂત, શ્રમિક અને ઉદ્યોગ સાહસિકોને નવી સુવિધા અને તક આપશે.

ભારત આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરનાં નિર્માણ માટે વધુને વધુ રોકાણ કરવા માટે પ્રતિબધ્ધ છે, તો આજનું ભારત એ દરેક પગલું ભરી રહ્યું છે જેનાંથી પ્રોજેક્ટમાં વિલંબ ન થાય, અડચણ ન આવે અને ઓછામાં ઓછા સમયમાં પૂરો થાય. વડાપ્રધાન મોદી કહે છે, બેંગલુરુની સક્સેસ સ્ટોરી 21મી સદીના ભારતને આત્મનિર્ભર ભારત બનાવવા માટે પ્રેરિત કરે છે. વર્તમાન સરકાર લાખો યુવાનોના સપના ધરાવતા શહેર બેંગલુરુને



## સેન્ટર ફોર બ્રેઇન રિસર્ચઃ વડાપ્રધાને શિલાન્યાસ કર્યો હતો, હવે ઉદઘાટન પણ કર્યું

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 20 જૂનનાં રોજ બેંગુલુરુના આઈઆઈએસસી સેન્ટર ફોર બ્રેઇન રિસર્ચનું ઉદઘાટન કર્યું. આ પ્રોજેક્ટનું શિલારોપણ પણ તેમણે જ કર્યું હતું. સેન્ટર ફોર બ્રેઇન રિસર્ચનું આ કેન્દ્ર ઉંમર સંબંધિત મગજની સમસ્યા ઉકેલવા પુરાવા આધારિત જાહેર આરોગ્ય પગલાં લેવા મહત્વનાં સંશોધન પર ધ્યાન કેન્દ્રીત કરે છે. આ પ્રસંગે વડાપ્રધાને 832 બેડ ધરાવતી બાગચી પાર્થસારથી મલ્ટી-સ્પેશ્યાલિટી હોસ્પિટલનું શિલારોપણ કર્યું હતું. આ હોસ્પિટલ આઈઆઈએસસી બેંગલુરુનાં પરિસરમાં બનાવવામાં આવશે.

## કેન્દ્ર સરકારની યોજનાઓથી કર્ણાટકને ઘણો લાભ મળ્યો

- છેલ્લાં બે વર્ષથી કર્ણાટકનાં 4.25 કરોડથી વધુ ગરીબોને મફતમાં અનાજ મળી રહ્યું છે.
- આયુષ્યમાન ભારત યોજનામાં કર્ણાટકના 29 લાખ લાભાર્થી સારવાર કરાવી ચૂક્યા છે. રૂ. 4,000 કરોડની બચત.
- પીએમ કિસાન નિધિમાં કર્ણાટકના 56 લાખથી વધુ ખેડૂતોનાં ખાતામાં લગભગ રૂ. 10,000 કરોડ ટ્રાન્સફર કરવામાં આવ્યા.
- મુદ્રા યોજનામાં કર્ણાટકના લાખો નાના ઉદ્યોગ સાહસિકોને 1.80 લાખ કરોડ રૂપિયાનો લાભ મળ્યો.
- પીએમ સ્વનિધિ યોજનામાં કર્ણાટકમાં દોઢ લાખથી વધુ લારી ગલ્લાવાળાઓને મદદ.
- પીએમ આવાસ યોજનામાં કર્ણાટકનાં આશરે પોણા ચાર લાખ પરિવારોને મળ્યાં પાકા ઘર. જલ જીવન મિશનમાં કર્ણાટકના 50 લાખથી વધુ પરિવારોને પ્રથમ વાર નળમાંથી જળ મળ્યું.
- વીતેલાં આઠ વર્ષમાં કેન્દ્ર સરકારે કર્ણાટકમાં 5,000 કિલોમીટર નેશનલ હાઈવે માટે આશરે 70,000 કરોડ રૂપિયા મંજૂર કર્યા.
- નેશનલ હાઈવે દ્વારા કનેક્ટિવિટી અને રોજગારની તકો માટે આ વર્ષે લગભગ 35,000 કરોડ રૂપિયા ખર્ચ કરશે કેન્દ્ર સરકાર
- 2014 પહેલાં રેલવે માટે કેન્દ્ર સરકાર વર્ષે સરેરાશ 800 કરોડ રૂપિયાનું બજેટ આપતી હતી, આ વર્ષે અનેક ગણું વધારીને રૂ. 7,000 કરોડ રાખ્યું છે.
- કર્ણાટકમાં 2014 પહેલાં 10 વર્ષમાં માત્ર 16 કિલોમીટર રેલ લાઇનનું વીજળીકરણ થયું, જ્યારે વર્તમાન સરકારે આઠ વર્ષમાં 1600 કિલોમીટર વીજળીકરણ કર્યું છે.

વધુ વિક્સિત બનાવવાની દિશામાં સતત કામ કરી રહી છે. બેંગલુરુને ટ્રાફિક જામમાંથી મુક્તિ અપાવવા માટે રેલ, રોડ, મેટ્રો, અન્ડરપાસ અને ફ્લાયઓવર પર કામ ચાલી રહ્યું છે, તો અંતરિયાળ વિસ્તારોની કનેક્ટિવિટી માટે પ્રતિબધ્ધ છે.

બેંગલુરુની સબઅર્બન રેલવેથી ક્ષમતા વિસ્તરણને મજબૂતી મળશે. 80ના દાયકાથી આ કનેક્ટિવિટી માટે ચર્ચા ચાલતી હતી. 16 વર્ષ સુધી યોજના ફાઈલમાં અટવાઈ રહી. હવે મને તક મળી છે તો તેને પૂરું કરીશું. રેપિડ ટ્રાન્ઝિટ સિસ્ટમથી સેટેલાઇટ ટાઉનશીપ કનેક્ટ થશે, જેનાથી લોકોને મોટો લાભ થશે. આ જ રીતે, બેંગલુરુ રિંગ રોડની ભીડ પણ ઓછી થશે, જે છ નેશનલ હાઈવે અને 8 રાજ્ય માર્ગોને જોડશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મૈસુરના મહારાજા કોલેજ મેદાનનાં કાર્યક્રમમાં સબઅર્બન રેલવે માટે કોચ ટર્મિનલનું શિલારોપણ કર્યું, જેમાં એક MEMU શેડ પણ બનાવવામાં આવશે. ત્યારબાદ, વધુ MEMU રેલ સેવાઓ ચલાવી શકાશે. લાંબા અંતરની ટ્રેનોની અવરજવરમાં પણ સરળતા રહેશે. કાર્યક્રમ દરમિયાન, વડાપ્રધાને ‘ઓલ ઇન્ડિયા ઇન્સ્ટિટ્યૂટ ઓફ સ્પીચ એન્ડ હિયરીંગ’ ખાતે ‘સેન્ટર ફોર એક્સલન્સ ફોર પર્સન્સ વીથ ડિસએબિલિટીઝ’નું ઉદઘાટન કર્યું હતું. આ કેન્દ્ર કમ્યુનિકેશન ડિસઓર્ડર ધરાવતી વ્યક્તિઓનાં નિદાન, મૂલ્યાંકન અને પુનર્વસન માટેની ઉત્કૃષ્ટ લેબોરેટરીઝથી સજ્જ છે. ●

# વૈશ્વિક મંચ પર ભારતની મજબૂત ઓળખ



**હાલમાં ભારત વિશ્વની સૌથી મહત્વપૂર્ણ આર્થિક અને સામાજિક વ્યવસ્થા તરીકે ઉપસી આવ્યું છે. વીતેલાં આઠ વર્ષમાં તમામ વૈશ્વિક મંચ પર ભારતની ભૂમિકા અને સક્રિયતા રહી છે. 27જૂનનાં રોજ જર્મનીના શ્લોસ એલ્મોમાં વિશ્વનાં સાત શક્તિશાળી દેશોના સમૂહ જી-7ના સભ્ય દેશો શિખર સંમેલન માટે બેઠાં ત્યારે સભ્ય ન હોવા છતાં ફરી એક વાર ભારતને ખાસ આમંત્રિત કરવામાં આવ્યું. આ ભરોસો એ નવા ભારત પ્રત્યે વિશ્વનાં વિશ્વાસનું પણ પ્રતીક છે, જેનો ઉલ્લેખ આ કાર્યક્રમના એક દિવસ પહેલાં મ્યુનિકમાં ભારતીય સમુદાયને સંબોધિત કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કર્યો હતો...**

મહત્વનાં દેશોનાં સંમેલનોમાં આમંત્રણ મળે એ સન્માન હોય છે. પણ બેઠકોમાં ભાગ લેવા બોલાવવામાં આવે તેની પાછળ કોઈ કારણ પણ હોય છે. વસતિ, સૌથી વધુ યુવાનો, વિજ્ઞાન, ટેકનોલોજી, ઇનોવેશન અને કૌશલ્યતા સાથે સતત વધતી ક્ષમતા એ ભારતનાં ઉદયનાં પ્રતીક છે. વિશ્વની પાંચમી સૌથી મોટી જીડીપી અને પરચેઝિંગ પાવર પેરિટીનાં આધારે વિશ્વની ત્રીજી સૌથી મોટી આર્થિક શક્તિ તરીકે વૈશ્વિક મંચો પર ભારત નવી ભૂમિકા ભજવી રહ્યું છે. ભારત આજે ભારે આત્મવિશ્વાસ સાથે વિશ્વની સાથે સક્રિય થઈ રહ્યું છે, તો, વિશ્વ પણ ભારતની નજીક આવી રહ્યું છે. જી-7માં ભારતની હાજરી ભારતનાં વધતા જતા પ્રભુત્વની સાબિતી છે. ભારતની આ સ્થિતિનો ઉલ્લેખ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જી-7ની બેઠકમાં કર્યો. તેમણે એક સત્ર દરમિયાન રશિયા-યુક્રેન યુદ્ધ જેવી વર્તમાન સમસ્યાઓનો ઉકેલ પરસ્પર વાતચીત અને ડિપ્લોમસી દ્વારા લાવવાનું સૂચન કર્યું. વડાપ્રધાન મોદીએ કહ્યું, આ સમસ્યાની અસર માત્ર યુરોપ પૂરતી મર્યાદિત નથી, પણ તમામ દેશો પર ઊર્જા અને ખાદ્યાન્નનાં વધતા ભાવની અસર પડી રહી છે. પીએમ મોદીએ અફઘાનિસ્તાન અને શ્રીલંકાને આપવામાં આવેલી મદદનું ઉદાહરણ આપતા જણાવ્યું કે, સંકટનાં આવા સમયમાં ભારતે અનેક જરૂરિયાતમંદ દેશોને અનાજ પૂરું પાડ્યું છે. વૈશ્વિક ખાદ્ય સલામતીનાં વિષય પર સૂચન આપતા વડાપ્રધાન મોદીએ કહ્યું, "પહેલાં આપણે ખાતરની ઉપલબ્ધતા પર ધ્યાન કેન્દ્રીત કરવું જોઇએ અને વૈશ્વિક સ્તર પર ખાતરની શ્રૃંખલા કરવી જોઇએ. અમે ભારતમાં ખાતરનાં ઉત્પાદનને પ્રોત્સાહન આપવાનો પ્રયત્ન કરી રહ્યા છીએ અ તેમાં જી-7 દેશોની મદદ ઇચ્છીએ છીએ. બીજું, જી-7 દેશોની સરખામણીમાં ભારત પાસે પુષ્કળ મેન પાવર છે. ભારતીય કૃષિ કૌશલે જી-7નાં કેટલાંક દેશોમાં ચીઝ અને ઓલિવ જેવી પરંપરાગત કૃષિ ચીજોને નવુ જીવન આપવામાં મદદ કરી

# "હોતા હૈ, ચલતા હૈ, ઐસે હી ચલેગા" થી ભારત આગળ નીકળી ગયું



**વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મ્યુનિક સ્થિત ઓડી ડોમમાં જર્મનીમાં રહેતા ભારતીય સમુદાયને સંબોધન કર્યું. જર્મનીમાં વડાપ્રધાન મોદીના સંબોધનનાં મુખ્ય અંશઃ**

- આપણે ભારતીયો ગમે ત્યાં રહેતા હોય, પણ આપણી લોકશાહી પર ગર્વ કરીએ છીએ. દરેક હિન્દુસ્તાની ગર્વથી કહી શકે કે ભારત 'મધર ઓફ ડેમોક્રસી' છે. લોકશાહીનો હજારો વર્ષોનો આપણો ઇતિહાસ આજે પણ ભારતનાં ખૂણે ખૂણે જીવંત છે.
- આટલી બધી ભાષાઓ, આટલી બધી બોલીઓ, આટલી અલગ અલગ પ્રકારની રહેણીકરણી સાથે ભારતની ડેમોક્રસી વાઇબ્રન્ટ છે. દરેક નાગરિકનો વિશ્વાસ છે, તેની આશા છે અને પ્રત્યેક નાગરિકનાં જીવનને સશક્ત કરી રહી છે.
- આજનું ભારત 'હોતા હૈ, ચલતા હૈ, ઐસે હી ચલેગા' વાળી માનસિકતામાંથી બહાર નીકળી ગયું છે. આજે ભારત 'કરના હૈ, કરના હી હૈ ઔર સમય પર હી કરના હૈ'નો સંકલ્પ ધરાવે છે.
- ભારત હવે તત્પર છે, તૈયાર છે, અધીરું છે. પ્રગતિ અને વિકાસ માટે અધીરું છે. ભારત અધીરું છે પોતાનાં સપના માટે, સપનાની સિધ્ધિ માટે.

## પીએમ મોદીએ જર્મનીમાં ચાન્સેલર સાથે બેઠક કરી



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જી-7 શિખર સંમેલન ઉપરાંત જર્મનીના ચાન્સેલર ઓલાફ સ્કોલ્ઝ સાથે મુલાકાત કરી. બેઠકમાં વડાપ્રધાને જી-7 શિખર સંમેલનના આમંત્રણ માટે ચાન્સેલર સ્કોલ્ઝનો આભાર વ્યક્ત કર્યો.

## ઇન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ સાથે મુલાકાત



વડાપ્રધાન મોદીએ ઇન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ જોકો વિડોડો સાથે મુલાકાત કરી.  મોદીએ ઇન્ડોનેશિયાની વર્તમાન જી-20ની અધ્યક્ષતા પર વિડોડોને અભિનંદન આપ્યા.આગામી જી-20ની અધ્યક્ષતા પર પણ ચર્ચા થઈ.

## વડાપ્રધાન મોદીએ દક્ષિણ આફ્રિકાના રાષ્ટ્રપતિ સિરિલ રામફોસા સાથે બેઠક કરી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દક્ષિણ આફ્રિકાના રાષ્ટ્રપતિ મહામહિમ સિરિલ રામફોસા સાથે મુલાકાત કરી. બંને રાજનેતાઓએ બંને દેશો વચ્ચે દ્વિપક્ષીય સંબંધોમાં થયેલી પ્રગતિની સમીક્ષા કરી.

## યુરોપીય યુનિયનના અધ્યક્ષ સાથે મુલાકાત



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ યુરોપીય યુનિયનના અધ્યક્ષ ઉર્સુલા વોન ડેર લિયેન સાથેની મુલાકાતમાં ભારત અને યુરોપીય સંઘ વચ્ચે વેપાર, રોકાણ અને જીઆઇ સમજૂતિ પર ફરીથી મંત્રણા શરૂ થવા અંગે ખુશી વ્યક્ત કરી.

## કેનેડાના વડાપ્રધાન સાથે પીએમ મોદીની બેઠક



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કેનેડાના વડાપ્રધાન જસ્ટીન ટ્રુડો સાથે દ્વિપક્ષીય બેઠક કરી. સહિયારા મૂલ્યોવાળા મજબૂત લોકશાહીનાં વડાઓ તરીકે બંને નેતાઓ વચ્ચેની બેઠક સકારાત્મક રહી.

## આર્જેન્ટીનાના રાષ્ટ્રપતિ સાથે પીએમ મોદીની મુલાકાત



બંને વડાઓ વચ્ચેની આ પ્રથમ દ્વિપક્ષીય મુલાકાત હતી. બંને વડાઓએ વર્ષ 2019માં સ્થાપિત દ્વિપક્ષીય વ્યૂહાત્મક સમજૂતિનાં અમલીકરણની પ્રગતિની સમીક્ષા કરી.

છે. શું જી-7 પોતાનાં સભ્યે દેશોમાં ભારતીય કૃષિ ટેલેન્ટનાં વ્યાપક ઉપયોગ માટે કોઇ વ્યવસ્થા ઘડી શકે છે?" લૈંગિક સમાનતાનાં મુદ્દે વડાપ્રધાન મોદીએ જણાવ્યું કે, આજે ભારતનો અભિગમ નારી સશક્તિકરણને બદલે નારી કેન્દ્રીત વિકાસનો છે. દેશનાં વિકાસમાં મહિલાઓની ભૂમિકાનો ઉલ્લેખ કરતા તેમણે ભારતની 60 લાખથી વધુ આશા કાર્યકર્તાઓનો ઉલ્લેખ કર્યો, જેમણે કોવિડની મુશ્કેલી સ્થિતિમાં રસીકરણ અને તપાસમાં સૌથી સક્રિય ભૂમિકા નિભાવી.



## ..જ્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું સ્વાગત કરવા પહોંચ્યા યુએઇના રાષ્ટ્રપતિ

જર્મનીમાં જી-7 સમિટ બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી 28 જૂનનાં રોજ પરત ફરતાં પહેલાં યુએઈના અબુધાબીમાં થોડાં સમય માટે રોકાયા હતા. આ દરમિયાન તેમનું સ્વાગત કરવા ખુદ યુએઈના રાષ્ટ્રપતિ અને અબુધાબીના શેખ મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહયાન તેમના સમગ્ર પરિવાર સાથે આવ્યા હતા. બંને નેતાઓ ઉષ્માભેર ગળે મળ્યા અને બંને દેશોના સંબંધોને નવી ઊંચાઈ પર લઈ જવા પ્રતિબધ્ધતા વ્યક્ત કરી. પીએમ મોદીએ સોશિયલ મીડિયા પર લખ્યું, “મારા ભાઇ, આ લાગણીથી હું અભિભૂત છું. આભાર.”

## “કોવિડ પછીની વૈશ્વિક રિકવરીમાં બ્રિક્સ અત્યંત મહત્વપૂર્ણ”

**વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 23-24 જૂન, 2022નાં રોજ ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગની અધ્યક્ષતામાં આયોજિત 14મા બ્રિક્સ શિખર સંમેલનમાં વર્ચ્યુઅલ માધ્યમથી ભારતની ભાગીદારીનું નેતૃત્વ કર્યું. વડાપ્રધાને બ્રિક્સની ઓળખ મજબૂત કરવા અને બ્રિક્સ દસ્તાવેજો, બ્રિક્સ રેલવે રિસર્ચ નેટવર્ક માટે ઓનલાઇન ડેટાબેઝની સ્થાપના અને એમએસએમઈ વચ્ચે સહયોગને મજબૂત કરવાનું સૂચન કર્યું.**

**14મા બ્રિક્સ શિખર સંમેલનને સંબોધન કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું, વૈશ્વિક અર્થતંત્રનાં ગવર્નન્સ અંગે બ્રિક્સના સભ્ય દેશોનો અભિગમ ઘણો સમાન રહ્યો છે. બ્રિક્સ શિખર સંમેલનમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સંબોધનના મુખ્ય અંશઃ**

- આપણો પરસ્પર સહયોગ કોવિડ પછી વૈશ્વિક રિકવરીમાં ઉપયોગી યોગદાન આપી શકે છે.
- આપણે છેલ્લાં કેટલાંક વર્ષોમાં બ્રિક્સમાં રચનાત્મક પરિવર્તન કર્યા છે, જેનાથી આ સંગઠનની અસર વધી છે.
- બ્રિક્સ યુથ સમિટ, બ્રિક્સ સ્પોર્ટ્સ, નાગરિક સમાજ સંગઠનો અને થિન્ક ટેન્ક વચ્ચે સંપર્ક વધારીને આપણે પોતાના નાગરિકો વચ્ચેનાં જોડાણને પણ મજબૂત કર્યું છે.
- મહામારીથી સર્જાયેલી આર્થિક સમસ્યાઓનો સામનો કરવા અમે ભારતમાં રિફોર્મ, પરફોર્મ અને ટ્રાન્સફોર્મનો મંત્ર અપનાવ્યો અને આ એપ્રોચનાં પરિણામ ભારતીય અર્થતંત્રનાં પર્ફોમન્સથી સ્પષ્ટ છે.
- આ વર્ષે અમે 7.5 ટકાની વૃધ્ધિની અપેક્ષા રાખીએ છીએ, જે અમને ફાસ્ટેસ્ટ ગ્રોઈંગ મેજર ઈકોનોમી બનાવે છે.

‘સારા ભવિષ્યમાં રોકાણઃ જળવાયુ, ઊર્જા સ્વાસ્થ્ય’ વિષય આયોજિત સત્રને સંબોધતા વડાપ્રધાન મોદીએ વિક્સિત દેશોને ફરી એક વાર તેમની વૈશ્વિક જવાબદારીઓની યાદ અપાવી એટલું જ નહીં પણ ભારતની પર્યાવરણીય પ્રતિબધ્ધતાઓનો ઉલ્લેખ કરતા જણાવ્યું, “ભારતમાં વિશ્વની 17 ટકા વસતિ રહે છે. પણ વૈશ્વિક કાર્બન ઉત્સર્જનમાં આપણું યોગદાન માત્ર 5 ટકા જ છે. તેનું મુળ કારણ આપણી લાઇફસ્ટાઇલ છે, જે કુદરતની સાથે સાથે સહ-અસ્તિત્વનાં સિધ્ધાંત પર આધારિત છે.”

પર્યાવરણ સંરક્ષણની દિશામાં ભારતનાં મહત્વનાં પગલાંનો ઉલ્લેખ કરતા વડાપ્રધાન મોદીએ જણાવ્યું, “પર્યાવરણ પ્રત્યે અમારી પ્રતિબધ્ધતા પર્ફોમન્સથી સ્પષ્ટ છે. બિન-અશમીભૂત ઇંધણથી 40 ટકા ઊર્જા ક્ષમતાનું લક્ષ્ય અમે નિર્ધારિત સમય કરતાં 9 વર્ષ પહેલાં જ હાંસલ કરી લીધું. પેટ્રોલમાં 10 ટકા ઇથેનોલ મિશ્રણનું લક્ષ્ય નિર્ધારિત સમયનાં પાંચ મહિના પહેલાં પૂરું કરી લીધું. ભારતમાં સંપૂર્ણપણે સોલર પાવર સંચાલિત વિશ્વનું પ્રથમ એરપોર્ટ છે. ભારતનું વિશાળ રેલવે નેટવર્ક આ દાયકામાં નેટ ઝીરો થઈ જશે. ભારત જેવો વિશાળ દેશ જ્યારે આવી મહત્વાકાંક્ષા દર્શાવે ત્યારે અન્ય વિકાસશીલ દેશોને પણ પ્રેરણા મળે છે. અમને આશા છે કે જી-7નાં સમૃધ્ધ દેશ ભારતનાં પ્રયત્નોને સમર્થન આપશે.” ●



# દુનિયાનો 'યોગ'

**કેટલાંક વર્ષ પહેલાં યોગની તસવીરો જૂજ ઘરોમાં અને આધ્યાત્મિક કેન્દ્રોમાં જ જોવા મળતી હતી, જે આ જે વિશ્વનાં ખૂણે ખૂણે જોવા મળી રહી છે. આ તસવીરો યોગની વધતી જતી લોકપ્રિયતાનું પ્રતીક છે, તો વિશ્વભરમાં ભારત અને તેની સંસ્કૃતિનાં વધતા જતા સન્માનનું પ્રતીક પણ છે. 21 જૂનનાં રોજ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ પર ફરી એક વાર માનવતા માટે ભારતના સૌથી મોટા વરદાન તરીકે યોગે સમગ્ર વિશ્વને એક તાંતણે બાંધ્યું...**

આપણે યોગની તાકાતને રાષ્ટ્રીય શક્તિ તરીકે અનુભવીએ છીએ. યોગને ભારતની પ્રાચીન વિદ્યાઓમાંની એક ગણવામાં આવે છે. વૈશ્વિક મંચ પર ભારતની વધતી ભૂમિકા 21 જૂનનાં રોજ આઠમા આંતરરાષ્ટ્રીય યોગ દિવસે ફરી એક વાર સમગ્ર વિશ્વએ જોઈ, જ્યારે વિશ્વનાં આશરે 25 કરોડ લોકોએ તેમાં ભાગ લીધો. ખાસ વાત એ છે કે કોવિડ મહામારી વચ્ચે બે વર્ષ બાદ યોગ દિવસ પ્રત્યક્ષ રીતે મનાવવામાં આવ્યો. ભારતથી લઈને ટોક્યો, લંડન અને સાન ફ્રાન્સિસ્કોથી લઈને નાયગ્રાના ધોધ સુધી યોગ દિવસમાં ભાગ લેનારા લોકોની તસવીર વિશ્વએ જોઈ. ક્યાંક રમતનાં મેદાન પર, તો ક્યાંક દરિયા કિનારે યોગાભ્યાસનું આયોજન કરવામાં આવ્યું. 75 કેન્દ્રીય મંત્રીઓના વડપણમાં સમગ્ર દેશમાં 75 પ્રસિધ્ધ જગ્યાઓ પર સામૂહિક યોગ પ્રદર્શન યોજવામાં આવ્યા.

યોગની શરૂઆત ભારતમાં થઈ હતી. પ્રાચીન ભારતનાં સમયથી યોગનું ચલણ રહ્યું છે. પ્રથમ વિશ્વ યોગ દિવસ 21 જૂન, 2015નાં રોજ મનાવવામાં આવ્યો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ પહેલ કરી હતી. તેમણે જ યોગના લાભનો પ્રચાર કરીને તેને વૈશ્વિક સ્તરે માન્યતા અપાવી હતી. આજે તેને વિશ્વમાં ભારતની તાકાત તરીકે જોવામાં આવે છે. ભારતે સામાન્ય માણસોનાં આરોગ્ય માટે આપેલું આ વરદાન છે. આઠમા આંતરરાષ્ટ્રીય યોગ દિવસ પ્રસંગે ફરી એક વાર વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સમગ્ર વિશ્વને યોગ દિવસે સંદેશો પણ આપ્યો. કર્ણાટકના મૈસુરુ પેલેસ ગ્રાઉન્ડમાં આયોજિત મુખ્ય કાર્યક્રમમાં ભાગ લેતા વડાપ્રધાને કહ્યું, "આપણે યોગના વધારાના કામ તરીકે નથી લેવાનું. આપણે યોગને જાણવાનો છે અને જીવવાનો પણ છે, અપનાવવાનો પણ છે, વિક્સાવવાનો પણ છે. જ્યારે આપણે યોગના જીવવા માંડીશું ત્યારે યોગ દિવસ આપણા માટે યોગ કરવાનો નહીં, પણ પોતાનાં આરોગ્ય, સુખ અને શાંતિનો તહેવાર મનાવવાનું માધ્યમ બની જશે. યોગ માનવ માત્રને નિરોગી જીવન જીવવાનો વિશ્વાસ આપી રહ્યો છે."

### આ વખતે 'ગાર્ડિયન રિંગ ઓફ યોગ' વિશેષ રહ્યું

ગયા વર્ષે ગ્લાસ્ગોમાં કોપ 26ની બેઠકમાં પર્યાવરણ સંરક્ષણ પ્રત્યે ભારતની પ્રતિબધ્ધતા વ્યક્ત કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિશ્વને 'એક સૂર્ય-એક વિશ્વ'નો મંત્ર આપ્યો હતો. 'એક સૂર્ય-એક વિશ્વ'નો આ જ કન્સેપ્ટ આ વખતે યોગ દિવસ પર 'ગાર્ડિયન રિંગ ઓફ યોગ'નો આધાર બન્યો. તેનાં દ્વારા વિશ્વભરનાં અલગ અલગ દેશોમાં થનારા યોગ દિવસ કાર્યક્રમનું પ્રસારણ સૂર્યોદયનાં ક્રમ પ્રમાણે કરવામાં આવ્યું. તેની શરૂઆત ઉગતા સુરજનાં દેશ ગણાતા જાપાનથી થઈ હતી. ●




# વૃધ્ધોની આર્થિક સલામતી

**દેશનાં વિકાસ માટે જરૂરી યોજનાઓ ઘડતી વખતે યુવાનો, મહિલા, વિદ્યાર્થીઓ, મધ્યમ વર્ગ, ખેડૂતોને ધ્યાનમાં રાખવામાં આવે છે, પણ એક વર્ગ એવો છે જેનાં પર ભાગ્યે જ કોઈનું ધ્યાન ગયું છે. એ છે આપણા વડીલો. યુવાવસ્થામાં તમામ જવાબદારીઓ ઉઠાવનારા વડીલોમાંથી અનેક પાસે નિવૃત્તિ એટલે કે 60 વર્ષની વય પછી કોઈ આર્થિક સહારો નથી હોતો. 2014 બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નવી ચીલો ચાતરીને વિકાસ યોજનાનાં લાભ સમાજનાં દરેક વર્ગ અને છેવાડાના માણસ સુધી પહોંચાડવાન નિર્ધાર કર્યો. તેમણે પ્રથમ વાર વૃધ્ધો માટે એવી અનેક યોજનાઓ શરૂ કરી, જે નિવૃત્તિ બાદ આર્થિક મદદ કરે છે એટલું જ નહીં પણ તેમને સામાજિક રીતે મજબૂત કરવાનું કામ કરે છે. આવી જ એક યોજના છે પીએમ વય વંદના યોજના..**

આપણે બધું જ બદલી શકીએ છીએ પણ મા-બાપ નથી બદલી શકતા. વડીલો આપણા માટે પ્રેરણાસ્ત્રોત હોય છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અનેક પ્રસંગોએ આપણા વડીલોની સંભાળ રાખવાની વાત કરી છે. પોતાના વૃધ્ધ શિક્ષકોનું સન્માન હોય કે, 2020માં કોલકાતા પોર્ટ ટ્રસ્ટના બે પેન્શનર્સ 105 વર્ષીય નગીના ભગત અને 100 વર્ષના નરેશચંદ્ર ચક્રવર્તીનું મંચ પર સન્માન કરીને તેમની સમક્ષ બંને હાથ જોડીને પ્રણામ કરીને આશીર્વાદ લેવાના હોય.. વડીલોનું સન્માન કરતા વડાપ્રધાનની આ તસવીરો તમે જોઈ હશે. આવા અનુભવી વડીલોને આત્મનિર્ભર બનાવીને બીજાઓ પર અવલંબન ઘટાડવાના હેતુથી સરકારે મે, 2017માં પ્રધાનમંત્રી વય વંદના યોજનાની જાહેરાત કરી હતી. 21 જુલાઇ, 2017નાં રોજ તેની શરૂઆત કરવામાં આવી, જેમાં ઉચ્ચક રોકાણ દ્વારા કોઈ પણ વડીલ માસિક કે વાર્ષિક પેન્શનનો લાભ લઈ શકે છે.

### જરૂરિયાત પાછળનું કારણ...

વિશ્વના સૌથી યુવાન દેશ ભારતમાં છેલ્લા 50 વર્ષમાં વૃધ્ધોની સંખ્યા ચાર ગણી થઈ છે, જ્યારે વસતિ ત્રણ ગણી વધી છે. વર્ષ 2036 સુધી કુલ વસતિમાં ભારતમાં વૃધ્ધોની સંખ્યા 14.9 ટકા થવાની સંભાવના છે. તેથી, વડીલોની સામાજિક, ભાવનાત્મક અને આર્થિક જરૂરિયાતો માટે સરકારે વરિષ્ઠ નાગરિકોના ભરણપોષણ અને કલ્યાણ કાયદો 2007નું વિસ્તરણ કરવા ઉપરાંત અટલ વયો અભ્યુદય યોજના, અમ્બ્રેલા યોજના તરીકે શરૂ કરી, જેમાં વૃધ્ધોની પાંચ યોજનાનો સમાવેશ થાય છે. આર્થિક આત્મનિર્ભરતા માટે પ્રધાનમંત્રી વય વંદના યોજના શરૂ કરવામાં આવી.

# પીએમ વય વંદના યોજના અંગે મહત્વપૂર્ણ માહિતી

- આ યોજનામાં પેન્શન માટે ઉચ્ચક રકમ રોકવાની હોય છે. લાભાર્થી પેન્શન માટે માસિક, ત્રિમાસિક, છ માસિક અથવા વાર્ષિક વિકલ્પ પસંદ કરી શકે છે.
- એલઆઇસીને થતી આવક અને સુનિશ્ચિત વળતર વચ્ચેનું નુકસાન ભારત સરકાર સબસિડી તરીકે ભરપાઈ કરે છે.
- જો તમે વર્ષે રૂ. 12,000નું પેન્શન એક સાથે મેળવવા માંગતા હોવ તો તમારે રૂ. 1,56,658નું રોકાણ કરવું પડશે, જ્યારે માસિક 1000 રૂપિયાનું પેન્શન મેળવવું હોય તો તમારે રૂ. 1,62,162નું રોકાણ કરવું પડશે.
- મહત્તમ રૂ. 15 લાખનાં રોકાણ પર મહત્તમ રૂ. 9250 પ્રતિ માસ પેન્શન મળશે. એટલે કે વરિષ્ઠ નાગરિક બે જણ હોય તો બંને રૂ. 15-15 લાખનું રોકાણ કરી શકે છે.
- રોકાણકાર 10 વર્ષની પોલિસી મુદત બાદ જીવિત રહે તો તેને પેન્શનના અંતિમ હપ્તા સાથે રોકાણ કરેલી રકમ પાછી આપવામાં આવશે.
- કોઈ રોકાણકાર પોલિસીની મુદત દરમિયાન મૃત્યુ પામે તો તેના નોમિનીને રોકેલી સંપૂર્ણ રકમ પાછી મળી જશે.

## વધુ માહિતી માટે અહીં સંપર્ક કરોઃ

તમે 022-67819281 અથવા 022-67819290 નંબર પર કોલ કરી શકો છો. ટોલ ફ્રી નંબર 1800-227-717 અને ઈમેલ આઈડી- **onlinedmc@licindia.com** વેબસાઈટ **https://eterm.licindia.in/onlinePlansIndex/pmvvymain.do**

## તમે આ રીતે યોજનામાં રોકાણ કરી શકો

પીએમ વય વંદના યોજનામાં તમે ઓનલાઇન અને ઓફલાઇન બંને રીતે અરજી કરી શકો છો. એલઆઇસીની વેબસાઈટ પર ઓનલાઇન અરજી કરી શકો છો. જ્યારે ઓફલાઇન અરજી કરવા માટે તમારે એલઆઇસીની કોઈ પણ શાખામાં જવું પડશે.

## આ માટે જરૂરી દસ્તાવેજો

આ યોજના હેઠળ અરજી કરવા માટે આધાર કાર્ડ, પેન કાર્ડ, જન્મ પ્રમાણપત્ર, રહેણાંકની સાબિતી, બેન્ક ખાતાની પાસબુક, અરજદારનો પાસપોર્ટ સાઇઝ ફોટો અને કોઈ નોકરીમાંથી નિવૃત્ત થયા હોય તો તેની સાબિતીની જરૂર પડે છે.

## યોજના ન ગમે તો રદ કરાવવાનો પણ વિકલ્પ

પ્રધાનમંત્રી વય વંદના યોજના ખરીદ્યા બાદ તેની શરતો કે મળનારાં પેન્શનની રકમ સહિતની કોઈ વાત પસંદ ન પડે તો તમે રદ કરાવી શકો છો. ઓફલાઇન રોકાણ દ્વારા યોજના લીધી હોય તો 15 દિવસની અંદર અને ઓનલાઇન પોલિસી ખરીદી હોય તો 30 દિવસની અંદર તેને પાછી કરી શકો છો. તમારા ખાતામાં પૈસા અમુક ચાર્જ કાપીને પાછા મળી જશે.

### 60 વર્ષથી ઉપરની વ્યક્તિ તેનો લાભ લઈ શકે

નાણા મંત્રાલયની પ્રધાનમંત્રી વય વંદના યોજનાનો લાભ ઉઠાવવા માટે લઘુતમ આવકની કોઈ મર્યાદા રાખવામાં નથી આવી. 60 વર્ષથી વધુ ઉંમરની કોઈ પણ વ્યક્તિ તેનો લાભ લઈ શકે છે. કેન્દ્ર સરકારની આ યોજનાનું સંચાલન ભારતીય જીવન વીમા નિગમ (એલઆઈસી) કરે છે, જેમાં જીવન વીમા નિગમને સરકાર તરફથી ગેરન્ટી આપવામાં આવી છે. તેમાં અનિશ્ચિત બજારમાં 60 વર્ષ કે તેનાથી વધુ ઉંમરના વડીલોની વ્યાજની આવકમાં ઘટાડા સામે રક્ષણ આપવા માટે સામાજિક સલામતી આપવામાં આવી છે. એક નિશ્ચિત યોગદાન પર સુનિશ્ચિત પેન્શન/આવકની જોગવાઈનાં માધ્યમથી વરિષ્ઠ નાગરિકોને વૃધ્ધાવસ્થામાં આવકન સલામતીની જોગવાઈ કરવામાં આવી છે.

### યોજનામાં જોડાવાની તારીખ બે વાર લંબાવવામાં આવી

પ્રધાનમંત્રી વય વંદના યોજનાની શરૂઆત 4 મે, 2017થી 3 મે, 2018 સુધી માટે કરવામાં આવી હતી, જેને પ્રથમ વાર લંબાવીને 31 માર્ચ, 2020 સુધી કરવામાં આવી. વધુ વૃધ્ધો લાભ લઈ શકે તે માટે સરકારે બીજી વાર યોજના લંબાવીને 31 માર્ચ, 2023 કરી હતી. વ્યાજ દરમાં દર વર્ષે ફેરફાર કરવામાં આવે છે. ચાલુ નાણાકીય વર્ષમાં આ વ્યાજ દર 7.4 ટકા છે, જેમાં માસિક પેન્શનનો લાભ મળે છે. તો, વાર્ષિક પેન્શનનો વિકલ્પ પસંદ કરવા પર 7.66 ટકા વળતર મળે છે. ●



# કારગિલના પરમવીર

**દેશ 26 જુલાઈનાં રોજ કારગિલ વિજય દિવસ મનાવવા જઈ રહ્યો છે. આ ખાસ દિવસ દેશના એ વીર સપૂતોને સમર્પિત છે. તમામ અવરોધોને પાર કરીને ભારતના વીરલાઓએ 18,000 ફુટની ઊંચાઈ પર બેઠેલા દુશ્મનોને પાછા કાઢીને કારગિલમાં વિજય પતાકા લહેરાવી હતી. 1999માં 'ઓપરેશન વિજય' નામથી શરૂ કરવામાં આવેલા અભિયાનમાં અદમ્ય શૌર્ય અને સાહસનો પરિચય આપનાર દેશના ચાર સૈનિકોમાંથી કેપ્ટન વિક્રમ બત્રા અને લેફ્ટનન્ટ મનોજકુમાર પાંડેને મરણોપરાંત અને ગ્રેનેડિયર યોગેન્દ્રસિંહ યાદવ અને રાઈફલમેન સંજયકુમારને ભારતના સર્વોચ્ચ સૈન્ય પુરસ્કાર 'પરમવીર ચક્ર'થી સન્માનિત કરવામાં આવ્યા.**

## ટાઈગર હિલના હીરો



ગ્રેનેડિયર યોગેન્દ્રસિંહ યાદવ

કારગિલમાં ઓપરેશન વિજય દરમિયાન 18મી ગ્રેનેડિયર્સના ગ્રેનેડિયર યોગેન્દ્રસિંહ યાદવ ઘાતક પ્લેટૂનના સભ્ય હતા, જેને જમ્મુ કાશ્મીરના દ્રાસમાં ટાઈગર હિલ ટોપ પર કબ્જો કરવાનું કામ સોંપવામાં આવ્યું હતું. 3 જુલાઈ, 1999નાં રોજ દુશ્મનનાં ભારે ગોળીબાર વચ્ચે પોતાની ટીમ સાથે તેમણે બરફના પહાડ પર ચડાઈ કરી અને ત્યાંના બંકરને ધ્વસ્ત કરી દીધું જેને કારણે પ્લેટૂનની એ પહાડ પર ચડવામાં સફળતા મળી. પેટના નીચનાં ભાગમાં અને ખભા પર ત્રણ ગોળી વાગવા છતાં અદમ્ય સાહસનું પ્રદર્શન કરતા તેમણે બીજા બંકર પર હૂમલો કરીને તેને પણ તોડી નાખ્યું અને ત્રણ પાકિસ્તાની સૈનિકોને મારી નાખ્યા. તેમના આ સાહસભર્યા કારનામાથી પ્રેરાઈને પ્લેટુનને નવું બળ મળ્યું અને અન્ય ઠેકાણા પર હૂમલો કર્યો અને અંતે ટાઈગર હિલ ટોપ પર પુનઃ કબ્જો કરી લીધો. આ સાહસ અને શૌર્યનું પ્રદર્શન કરવા બદલ ગ્રેનેડિયર યોગેન્દ્રસિંહ યાદવને પરમવીર ચક્રથી સન્માનિત કરવામાં આવ્યા.

## દુશ્મનોને તેમની જ મશીનગન ઉઠાવીને ખતમ કર્યા



રાઈફલમેન સંજયકુમાર

રાઈફલમેન સંજયકુમાર 13 જમ્મુ કાશ્મીર રાઈફલ્સની એક કંપનીના લીડિંગ સ્કાઉટમાં સામેલ હતા, જેમને 4 જુલાઈ, 1999નાં રોજ જમ્મુ કાશ્મીરની મુશ્કોહ ખીણમાં ફ્લેટ ટોપ પર કબ્જો કરવા મોકલવામાં આવ્યા. શિખર પર પહોંચીને તેઓ દુશ્મન સેનાના એક બંકરમાંથી કરવામાં આવી રહેલા ભારે ગોળીબારની ઝપટમાં આવી ગયા. સામસામેની લડાઈમાં તેમણે ત્રણ ઘુસણખોરોને પાડી દીધા અને તેમને પણ ઈજા થઈ. આ કાર્યવાહીથી દુશ્મન સૈનિકો ચોંકી ઉઠ્યા અને એક યુનિવર્સલ મશીન ગન છોડીને ભાગવા માંડ્યા. રાઈફલમેન સંજયકુમારે એ મશીનગન ઉઠાવીને ભાગી રહેલા દુશ્મનોને મારી નાખ્યા. તેમની આ સાહસપૂર્ણ કામગીરીને કારણે તેમના સાથીઓને પણ પ્રેરણા મળી અને તેમણે દુશ્મનો પર ધબડાટી બોલાવીને અંતે ફ્લેટ ટોપ કબ્જો કરી લીધો. આ અદમ્ય સાહસનું પ્રદર્શન કરવા બદલ તેમને પરમવીર ચક્રથી સન્માનિત કરવામાં આવ્યા.

## જેમની વીરતાને દુશ્મને પણ સલામ કરી હતી

કારગિલમાં 1999માં ઓપરેશન વિજય દરમિયાન 13 જેક રાઈફલ્સના કેપ્ટન વિક્રમ બત્રાને પોઈન્ટ 5140 પર કબ્જો કરવાનું કામ સોંપવામાં આવ્યું હતું. ટીમનું નેતૃત્વ કરતા તેમણે નીડરતાપૂર્વક આરપારની લડાઈમાં દુશ્મનના પાંચ સૈનિકને મારી નાખ્યા. ગંભીર રીતે ઘાયલ થવા છતાં તેમણે જવાબી કાર્યવાહીમાં પોતાના સૈનિકોનું નેતૃત્વ કર્યું અને વીરગતિ પ્રાપ્ત કરતા પહેલાં દુશ્મનોના ભારે ગોળીબાર વચ્ચે અશક્ય લાગતાં કાર્યને સફળતાપૂર્વક પૂરું કર્યું. તેમનાં આ નીડરતાપૂર્વકનાં કામથી પ્રેરાઈને જવાનોએ દુશ્મનોનો ખાત્મો બોલાવીને પોઈન્ટ 4875 પર કબ્જો કરી લીધો. ઉત્કૃષ્ટ વીરતા, પ્રેરણાદાયક નેતૃત્વ, અદમ્ય સાહસ અને સર્વોચ્ચ બલિદાન માટે કેપ્ટન વિક્રમ બત્રાને મરણોપરાંત પરમવીર ચક્રથી સન્માનિત કરવામાં આવ્યા.



કેપ્ટન વિક્રમ બત્રા

## ખાલૂબારની લડાઇના નાયક

ઓપરેશન વિજય દરમિયાન 11 ગોરખા રાઈફલ્સની પ્રથમ બટાલિયનના લેફ્ટનન્ટ મનોજકુમાર પાંડેને જમ્મુ કાશ્મીરના બટાલિકમાં ખાલૂબાર રિજને દુશ્મનોના કબ્જામાંથી ખાલી કરાવવાનું કામ સોંપવામાં આવ્યું. 3 જુલાઈ, 1999નાં રોજ તેમની કંપની જેવી આગળ વધી કે દુશ્મન સેનાએ તેમનાં પર આક્રમણ કરીને ચાર સૈનિકોને મારી નાખ્યા અને બે બંકરનો વિનાશ કરી દીધો. ખભા અને પગમાં ઈજા હોવા છતાં તેઓ પહેલાં બંકર પાસે પહોંચ્યા અને ભીષણ અથડામણમાં બાકીના બે સૈનિકોને મારીને બંકર ખાલી કરાવી દીધું. માથા પર જીવલેણ ઈજા થઈ તે પહેલાં પોતાની ટીમનું નેતૃત્વ કરતાં તેમણે એક પછી એક બંકર પર કબ્જો કરી લીધો. તેમનાં અદમ્ય સાહસથી પ્રોત્સાહિત થઈને તેમની ટીમના સૈનિકોએ દુશ્મન પર હૂમલો ચાલુ રાખ્યો અને અંતે પોસ્ટ પર કબ્જો કરી લીધો. અત્યંત ઉત્કૃષ્ટ શૌર્યપૂર્ણ કારનામાનું પ્રદર્શન અને સર્વોચ્ચ બલિદાન આપવા બદલ લેફ્ટનન્ટ મનોજકુમાર પાંડેને મરણોપરાંત પરમવીર ચક્રથી સન્માનિત કરવામાં આવ્યા. ●



લેફ્ટનન્ટ મનોજકુમાર પાંડે

## આઠ વર્ષમાં સંરક્ષણ ક્ષેત્ર સતત મજબૂત થયું

**સીડીએસ-** સરકારે ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફનો હોદ્દો રચવાની મંજૂરી આપી અને જનરલ બિપિન રાવતને પ્રથમ સીડીએસ બનાવ્યા. તેમના અવસાન બાદ આ હોદ્દો ખાલી છે, જેને ટૂંક સમયમાં ભરવાની પ્રક્રિયા ચાલુ છે.



**સંરક્ષણ ક્ષેત્રમાં આત્મનિર્ભરતાઃ** સંરક્ષણ ક્ષેત્રમાં આત્મનિર્ભરતાને પ્રોત્સાહન આપવા માટે સ્વેદશીકરણ પર ભાર મૂકવામાં આવી રહ્યો છે. અત્યાર સુધી કુલ 310 સંરક્ષણ ચીજો, પ્રણાલિઓની ત્રણ યાદી જાહેર કરવામાં આવી છે. જેની આયાત પર પ્રતિબંધ મૂકીને દેશમાં જ તેની ખરીદી કરવામાં આવશે. આ વખતે સંરક્ષણ ખરીદીના બજેટમાં 68 ટકા રકમ સ્થાનિક બજારમાંથી ખરીદી માટે ફાળવવામાં આવી છે.



**સરહદ પર ઈન્ફ્રાસ્ટ્રક્ચરઃ** બીજા દેશો સાથેની આપણી સરહદ પર ઈન્ફ્રાસ્ટ્રક્ચર મજબૂત કરવામાં આવી રહ્યું છે. 2014થી 2021 સુધી 6763 કિ.મી રોડ અને 15,000 પુલનું નિર્માણ કરવામાં આવ્યું.



**સરહદને વધુ નાણાકીય તાકાતઃ** સંરક્ષણ દળોનાં આધુનિકીકરણ અને ખરીદી માટે 2022-23નાં બજેટમાં 1.52 લાખ કરોડ રૂપિયાની જાહેરાત કરવામાં આવી. 2014થી અત્યાર સુધી તેમાં 76 ટકાનો વધારો કરવામાં આવ્યો છે.




**આધુનિક શસ્ત્રોની ખરીદીઃ** રશિયાથી એસ-400 એર ડિફેન્સ સિસ્ટમની પહેલી ખેપ મળી ગઈ છે. ક્લાશિનિકોવ એકે-203 હવે દેશમાં જ બનશે, જ્યારે ધનુષ, કે 9 વજ્ર, સારંગ અને અલ્ટ્રા લાઈટ હોવિત્ઝર તોપો હવે દેશમાં જ બની રહી છે. 6 સ્કોર્પિન સબમરીન ભારતમાં જ બનાવવામાં આવી છે, જ્યારે અપાચે અને ચિનૂક હેલિકોપ્ટરે વાયુ સેનાને મજબૂતી આપી છે.





# આઝાદીના પાયામાં છે જેમનો ત્યાગ, તપ અને બલિદાન

**ભારતના સ્વતંત્રતા સંગ્રામમાં અનેક વીર યોધ્ધાઓ, રાજા-મહારાજાઓએ દેશની શાન માટે લડાઈ લડી. ભારતનાં દરેક ક્ષેત્ર, દરેક વર્ગ અને દરેક સમાજે આઝાદીની લડાઈમાં પોતાની અંદર રાષ્ટ્ર ભક્તિની મશાલ પ્રજ્વલિત રાખી. માતૃભૂમિનાં રક્ષણ માટે પોતાનું સર્વસ્વ ત્યજી દેનાર આ સેનાનીઓએ વર્ષો સુધી અંગ્રેજો સામે સંઘર્ષ કર્યો અને આઝાદી હાંસલ કરી. કેટલાંક વીર યુવાનો એવા પણ હતા જેમણે આઝાદી મળ્યા પછી પણ રાષ્ટ્ર રક્ષણની પરંપરા જીવિત રાખી. તેમનાં માટે 'जननि जन्मभूमिश्च, स्वर्गादपिगरीयसी'નો મંત્ર સર્વોપરિ હતો, જે આપણને દરેક ક્ષણ દેશ માટે જીવવા, દેશ માટે કંઈક કરવા માટે પ્રેરણા આપે છે....**

આઝાદીના અમૃત મહોત્સવથી માંડીને આઝાદીની શતાબ્દિ સુધીનો આ અમૃત કાળ, સંકલ્પ સિધ્ધિનો કાળ છે, જેમાં 'સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ અને સબકા પ્રયાસ'ની ભાવનાની મજબૂત અભિવ્યક્તિ જોવા મળે છે. દેશ માટે આ ગૌરવની વાત છે કે આઝાદીના અમૃત મહોત્સવ જન આંદોલનનું સ્વરૂપ લઈ રહ્યું છે અને વ્યાપક જનભાગીદારી સાથે મનાવવામાં આવે છે. તેમાં અનેક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

ભારતની આઝાદીની યાત્રામાં 22 જુલાઈનું ખાસ મહત્વ છે. વાસ્તવમાં, આ દિવસે બંધારણસભાએ તિરંગાને રાષ્ટ્રીય ધ્વજ તરીકે અંગીકાર કર્યો હતો. 15 ઓગસ્ટ, 1947નાં રોજ તે ભારતનો સત્તાવાર ધ્વજ બની ગયો. ત્યારથી અત્યાર સુધી આપણા તિરંગાનું આ જ સ્વરૂપ છે, જેનાં પર દરેક દેશવાસી ગર્વ કરે છે. ભારતીય ધ્વજ તિરંગો એટલે ભગવો, સફેદ અને લીલો રંગ ધરાવે છે. તેમાં અશોક ચક્રમાં 24 આરા ધરાવતું પૈડું છે અને તેનાં કેન્દ્રમાં ઘેરો વાદળી રંગ છે.

આઝાદીના અમૃત મહોત્સવની આ શ્રૃંખલામાં આ અંકમાં કલ્પના દત્ત, સુબ્રમણ્યમ શિવ, યુ તિરોત સિંહ અને ઉધમ સિંહની વીરતાની કહાની, જેમણે દેશની આઝાદી માટે અંગ્રેજોનો મુકાબલો કર્યો હતો....



# કલ્પના દત્તઃ છોકરો બનીને અંગ્રેજો સામે લડનારાં ક્રાંતિકારી

**જન્મઃ 27 જુલાઈ, 1913 મૃત્યુઃ 8 ફેબ્રુઆરી, 1995**

દેશને અંગ્રેજોથી આઝાદી અપાવવા માટે બંગાળના ક્રાંતિકારીઓ સાથે ખભે ખભો મિલાવીને સંઘર્ષ કરનાર કલ્પના દત્ત વેશ બદલીને ક્રાંતિકારીઓને દારુગોળો પૂરો પાડતાં હતાં. તેમણે નિશાનેબાજીની પણ તાલીમ લીધી હતી અને કારતૂસ બનાવવાનું પણ જાણતા હતા. એટલું જ નહીં, જરૂર પડ્યે ક્રાંતિકારી જરૂરિયાતોને પૂરી કરવા માટે છોકરાનો વેશ ધારણ કરીને એક જગ્યાએથી બીજી જગ્યાએ જતાં હતા. કલ્પના દત્તનો જન્મ પૂર્વ બંગાળ (હવે બાંગલાદેશ)ના ચટગાંવના શ્રીપુર ગામમાં 27 જુલાઈ, 1913નાં રોજ થયો હતો. તેમને બાળપણથી જ સાહસી વાર્તાઓ સાંભળવાનો શોખ હતો. હાઈસ્કુલમાં અભ્યાસની સાથે સાથે તેમણે ક્રાંતિકારીઓની જીવનકથા અને વાર્તાઓ વાંચી. આ કહાનીઓની તેમનાં મન પર ઘેરી અસર પડી. કોલકાતામાં કોલેજનાં અભ્યાસ દરમિયાન કલ્પનાની મુલાકાત બીના દાસ, પ્રીતિલતા વદેદાર અને 'માસ્ટર દા'નાં નામે જાણીતા સૂર્ય સેન સાથે થઈ, તેઓ સૂર્ય સેનના સંગઠન ઈન્ડિયન રિપબ્લિકન આર્મીમાં જોડાઈ ગયા. સૂર્ય સેનનાં નેતૃત્વમાં તેમના દળે 1930માં ચટગાંવ શસ્ત્રાગાર લૂંટ્યું. આ ઘટના બાદ કલ્પના દત્ત પણ અંગ્રેજોની નજરમાં આવી ગયાં, પરિસ્થિતિવશ, તેમને અધવચ્ચેથી અભ્યાસ છોડવો પડ્યો, પણ તે સૂર્યસેનનાં સંપર્કમાં રહ્યા. આ દરમિયાન, 19 સપ્ટેમ્બર, 1931નાં રોજ સૂર્ય સેને તેમને પ્રીતિલતા વદેદાર સાથે મળીને ચટગાંવમાં યુરોપિયન ક્લબ પર હૂમલો કરવાનું કામ સોંપ્યું. હૂમલા પહેલાં એ વિસ્તારની તપાસ દરમિયાન અંગ્રેજોએ કલ્પના દત્તને પકડી લીધાં. જો કે, તેમની સંડોવણી સાબિત થતાં તેમને જામીન પર છોડી દેવામાં આવ્યા. તે પછી, સૂર્ય સેન સાથે મળીને બે વર્ષ સુધી તેઓ ભૂગર્ભમાં રહીને આંદોલન કરતા રહ્યા. 16 ફેબ્રુઆરી, 1933નાં રોજ પોલિસે એક જગ્યાએ છાપો મારીને સૂર્ય સેનને પકડી લીધા. પણ



## ચટગાંવ શસ્ત્રાગાર લૂંટ કેસમાં આજીવન કારાવાસની સજા મળી હતી

કલ્પના દત્ત ગમે તે રીતે છટકવામાં સફળ રહ્યા. એ પછી, પોલિસ કલ્પના દત્તની પાછળ પડી ગઈ અને અંતે 19 મે, 1933નાં રોજ તેમની ધરપકડ કરવામાં આવી. ચટગાંવ શસ્ત્રાગાર લૂંટ કેસની સુનાવણી ફરી એક વાર શરૂ કરવામાં આવી. આ દરમિયાન, સૂર્ય સેનને ફાંસીની સજા આપવામાં આવી અને કલ્પના દત્તને આજીવન કેદની સજા ફરમાવવામાં આવી. જો કે, મહાત્મા ગાંધી અને રવિન્દ્રનાથ ટાગોરનાં પ્રયત્નોથી કલ્પના દત્તને 1939માં જેલમાંથી છોડી મૂકવામાં આવ્યા. જેલમાંથી બહાર આવ્યા બાદ તેમણે અભ્યાસ પૂરો કર્યો અને 1940માં કલકત્તા યુનિવર્સિટીમાથી સ્નાતકની ડિગ્રી મેળવી. તેમણે બંગાળી ભાષામાં આત્મકથા લખી, જેનો અંગ્રેજીમાં અનુવાદ 'ચટગાંવ આર્મરી રેડર્સઃ રેમિનિસેંસ' નામથી કરવામાં આવ્યો. નીડરતા અને સાહસપૂર્વક અંગ્રેજો સામે સંઘર્ષ કરનાર કલ્પના દત્તનું 8 ફેબ્રુઆરી, 1995નાં રોજ અવસાન થયું.

# ઉધમ સિંહ: 20 વર્ષ બાદ લંડનમાં જલિયાંવાલા બાગનો બદલો લીધો



**જન્મઃ 26 ડિસેમ્બર, 1899 મૃત્યુઃ 31 જુલાઈ, 1940**

શહીદ ઉધમદસિંહ એ નીડર અને જાંબાઝ ભારતીય સ્વતંત્ર સેનાનીનું નામ છે જેમણે જલિયાંવાલા બાગ નરસંહારના હત્યારા અને દોષીને મારીને આ જઘન્ય હત્યાકાંડનો બદલો લીધો હતો. 26 ડિસેમ્બર, 1899નાં રોજ પંજાબના સંગરુર જિલ્લામાં જન્મેલા ઉધમસિંહનું મુળ નામ શેરસિંહ હતું, કહેવાય છે કે 1933માં પાસપોર્ટ બનાવવા તેમણે પોતાનું નામ ઉધમ સિંહ રાખ્યું હતું. 20મી સદીના પ્રારંભિક દાયકાઓમાં મોટા થયા બાદ પંજાબમાં રાજકીય ઘટનાઓ જેમ કે 1914નો કામાગાટા મારુ કાંડ અને ગદર પાર્ટીની પ્રવૃત્તિઓથી અત્યંત પ્રભાવિત હતા. 1919માં જલિયાંવાલા બાગમાં જનરલ ડાયરે આતંક મચાવ્યો ત્યારે ઉધમ સિંહ 20 વર્ષના હતા. જલિયાંવાલા બાગ હત્યાકાંડ તેમના જીવનનો મહત્વપૂર્ણ વળાંક હતો અને તેમણે આ ઘટનાનો બદલો લેવાનો સંકલ્પ લીધો. આ નૃશંસ હત્યાકાંડે ઉધમસિંહના મનમાં અંગ્રેજો સરકાર વિરુધ્ધ ભારે ગુસ્સો ભર્યો અને તેઓ અધવચ્ચેથી અભ્યાસ છોડીને આઝાદીની લડાઈમાં જોડાઈ ગયા. ઉધમસિંહે આ ઘટના માટે જવાબદાર જનરલ ડાયર અને તે સમયના પંજાબના ગવર્નર માઈકલ ઓ ડાયરને પાઠ ભણાવવાને પોતાનાં જીવનનો હેતુ બનાવી લીધો. જુલાઈ, 1927માં જનરલ ડાયરનું મૃત્યુ બ્રેઈન હેમરેજથી થયું  ત્યારે ઉધમસિંહના નિશાના પર માઈકલ ઓ ડાયર આવી ગયો. આ દરમિયાન, ભગતસિંહની પ્રવૃત્તિઓથી પ્રભાવિત થઈને ઉધમસિંહ 1924માં ગદર પાર્ટીમાં જોડાઈ ગયા. તેમણે પછીનાં કેટલાંક વર્ષો વિદેશ યાત્રા કરી અને બ્રિટિશ સરકારને ઉખાડવા માટે વિદેશોમાં ભારતીય ક્રાંતિકારીઓને સંગઠિત કરતા રહ્યા. ડાયરને મારવા માટે ઉધમસિંહ 6 વર્ષ સુધી લંડન રહ્યા. અંતે, ઉધમસિંહને આ તક મળી. જલિયાંવાલા બાગ હત્યાકાંડના 20 વર્ષ બાદ ઉધમસિંહે 14 માર્ચ, 1940નાં રોજ લંડનમાં એક બેઠકમાં માઈકલ ઓ ડાયરને ગોળી મારીને પોતાનો સંકલ્પ પૂરો કર્યો. ગોળી માર્યા પછી ઉધમસિંહે ભાગવાનો પ્રયત્ન ન કર્યો અને તેમણે ધરપકડ વ્હોરી. 31 જુલાઈ, 1940નાં રોજ તેમને ફાંસી આપવામાં આવી. તેમનાં શહીદ દિવસે તેમને યાદ કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું, "શહીદ ઉધમસિંહનું સાહસ દરેક ભારતીયની યાદમાં છે. હું ભારત માતાના આ વીર સપૂતને શહાદત દિવસે નમન કરું છું."

# સ્વતંત્રતા માટે જેલમાં જનાર મદ્રાસના પ્રથમ ક્રાંતિકારી સુબ્રમણ્યમ શિવ

**જન્મઃ 4 ઓક્ટોબર, 1884  મૃત્યુઃ 23 જુલાઈ, 1925**

તિલક યુગના સૌથી મહાન રાષ્ટ્રવાદીઓમાંના એક સુબ્રમણ્યમ શિવ મદ્રાસનાં પ્રથમ વ્યક્તિ હતા જેમને અંગ્રેજી શાસન દરમિયાન રાજદ્રોહના આરોપમાં જેલમાં પૂરવામાં આવ્યા હતા. 4 ઓક્ટોબર, 1884નાં રોજ તામિલનાડુના મુદરાઈમાં જન્મેલા સુબ્રમણ્યમ શિવે દક્ષિણ ભારતમાં અંગ્રેજો વિરુધ્ધ આંદોલનનમાં મોરચો સંભાળ્યો હતો. ભારતની આઝાદીની લડાઈમાં ઉતરવા માટે સુબ્રમણ્યમ શિવે પોતાની સરકારી નોકરી સુધ્ધાં છોડી દીધી હતી. તેઓ સુબ્રમણ્યમ શિવમનાં નામે પણ જાણીતા હતા. તેમનાં વિષે કહેવાય છે કે તેઓ ઉત્કૃષ્ટ વક્તા પણ હતા. વી ઓ ચિદમ્બરમ અને સુબ્રમણ્યમ ભારતીના સમકાલીન રહેલા સુબ્રમણ્યમ શિવ, બાલ ગંગાધર તિલકનાં સિધ્ધાંતથી ખૂબ પ્રભાવિત હતા. પોતાના આંદોલનને આગળ વધારવા માટે તેમણે ધર્મ પરિપાલના સમાજની સ્થાપના કરી હતી. તેમણે અનેક

# યુ તિરોત સિંહઃ તીર ભાલાથી અંગ્રેજોનો સામનો કરનાર યોદ્ધા

**જન્મઃ 1802,મૃત્યુઃ 17 જુલાઈ, 1835**




ભારતીય સ્વતંત્રતા સંગ્રામમાં એવા અનેક યોદ્ધા થયા જેમણે ભારતને બ્રિટિશ સરકારી ગુલામીમાંથી મુક્ત કરાવવા માટે ખુશી ખુશી પોતાનું જીવન સમર્પિત કરી દીધું. આવા જ એક યોદ્ધા હતા મેઘાલયના પશ્ચિમ ખાસી હિલ્સના ખાસી જનજાતિના રાજા યુ તિરોત સિંહ, જેમણે 10 વર્ષ સુધી અંગ્રેજો વિરુધ્ધ લડાઈ લડી. ભારતના પ્રથમ સ્વતંત્રતા સંગ્રામનાં પહેલાં જ તિરોત સિંહે બહુ ઓછી ઉંમરમાં બ્રિટિશ શાસન વિરુધ્ધ મોરચો સંભાળી લીધો હતો. રાષ્ટ્ર માટે પોતાનું સર્વસ્વ કુરબાન કરી દેનાર તિરોત સિંહનાં સર્વોચ્ચ બલિદાને માત્ર મેઘાલય કે પૂર્વોત્તર નહીં પણ સમગ્ર દેશમાં સ્વતંત્રતા સેનાનીઓની આખી પેઢીને પ્રોત્સાહિત કરી. વાસ્તવમાં, અંગ્રેજો ઢાકાના મેદાની વિસ્તારોને જોડવા માટે મેઘાલય થઈને આસામ સુધી રોડ બનાવવા માંગતા હતા. તિરોત સિંહ અંગ્રેજ અધિકારી ડેવિડ સ્કોટની આ યોજનાને પૂરી કરવા દેવા માંગતા નહોતા. આમ, બંને પક્ષો વચ્ચે ટક્કર વધી ગઈ. અને તિરોત સિંહની સેનાએ 2 એપ્રિલ, 1829નાં રોજ અંગ્રેજો સામે હૂમલો કરી દીધો. અંગ્રેજો વિરુધ્ધ લડાઈમાં તિરોત સિંહે વીરતા અને યુધ્ધ કૌશલ્યનો પરિચય આપ્યો. એંગ્લો-ખાસી યુધ્ધ (1829-33માં તિરોત સિંહ અને તેમના વફાદાર સાથીઓએ સામ્રાજ્યવાદી તાકાતોથી બચવા માટે છાપામાર વ્યૂહ અપનાવ્યો. આ લડાઈમાં યુ તિરોત સિંહે પરંપરાગત શસ્ત્રોથી આધુનિક શસ્ત્રોનો મુકાબલો કર્યો હતો. વાસ્તવમાં, તેમની પાસે માત્ર તીર, ભાલા, તલવાર જેવા પરંપરાગત શસ્ત્રો હતા, જે અંગ્રેજોની બંદુક અને રણનીતિ સામે અસરકારક નહોતા. તેમ છતાં, તિરોતસિંહના નેતૃત્વમાં ખાસી સમુદાયના લડાકુઓએ મક્કમતાથી અંગ્રેજોનો સામનો કર્યો. આધુનિક શસ્ત્રોના અભાવમાં તિરોતસિંહની સેનાને અંતે હારનો સામનો કરવો પડ્યો અને તેમની ધરપકડ કરવામાં આવી. તેમને ઢાકાની જેલમાં બંધ કરવામાં આવ્યા. 17 જુલાઈ, 1835નાં રોજ તેમનું મૃત્યુ થઈ ગયું. કહેવાય છે કે અંગ્રેજોએ ઝેર આપીને તિરોતસિંહને મારી નાખ્યા હતા. સ્વતંત્રતા સંગ્રામની મશાલ પ્રજ્વલિત રાખનાર તિરોતસિંહે પૂર્વોત્તરનાં એકીકરણ માટે સતત કામ કર્યું. ખાસી જનજાતિ અને મેઘાલયના લોકો આજે પણ પોતાના ક્રાંતિકારી તિરોતસિંહનાં બલિદાનને કૃતજ્ઞતાપૂર્વક યાદ કરે છે. તેમની પૂણ્યતિથીનાં રોજ મેઘાલયમાં જાહેર રજા હોય છે.

યુવાનોને સ્વતંત્રતા આંદોલનમાં ભાગ લેવા માટે પ્રેરિત કર્યા હતા. અંગ્રેજોને સુબ્રમણ્યમ શિવની સક્રિયતા ખટકતી હતી. અંગ્રંજોએ 1908માં તેમની ધરપકડ કરી અને 6 વર્ષની સજા કરી. જેલમાં તેમની સાથે કઠોર અને અમાનવીય વ્યવહાર કરવામાં આવતો, પણ તેઓ અડગ રહ્યા. જેલમાં હતા ત્યારે પણ તેઓ શાંત ન રહ્યા અને પોતાનાં માસિક મેગેઝીન જ્ઞાનભાનુ દ્વારા જેલમાંથી પણ પોતાનો સ્વતંત્રતા સંઘર્ષ ચાલુ રાખ્યો. કમનસીબે, જેલમાં જ તેમને રક્તપિત્તનો રોગ થયો, જેને કારણે જેલમાંથી મુક્તિ મળ્યા બાદ તેમને પોતાનો પ્રવાસ અને ભાષણો ઓછાં કરવા પડ્યા. તેમની દેશભક્તિને કારણે લોકો તેમનાં પ્રત્યે આકર્ષિત રહેતા હતા. તેમનાં ભાષણો બદલ તેમને અનેક વાર જેલમાં જવું પડ્યું. એટલું જ નહીં, શિવે કલકતા, મદ્રાસ, તુતીકોરિન અને તિરુનેલવેલીમાં શ્રમિક આંદોલનોને પણ પોતાનું સમર્થન આપ્યું. સુબ્રમણ્યમ શિવ જાણીત લેખક પણ હતા. તેઓ ‘રામાનુજ વિજયમ’ અને ‘માધવ વિજયમ’ જેવા પુસ્તકો માટે પણ જાણીતા છે. તેમણે જીવનના અંતિમ વર્ષો પપ્પારાપટ્ટીમાં વીતાવ્યા, જ્યાં તેમણે પોતાના મિત્રોની મદદથી દેશબંધુ ચિત્તરંજનદાસને ભારત માતા મંદિર માટે આધારશિલા રાખવામાં મદદ કરી. કમનસીબે, તેમની પાસે આ અભિયાન આગળ ધપાવવા માટે સમય નહોતો. 23 જુલાઈ, 1925નાં રોજ રક્તપિત રોગ અને નબળાઈને કારણે તેમનું અવસાન થયું.1 ઓગસ્ટ, 2021નાં રોજ તામિલનાડુના ધર્મપુરી જિલ્લાના પપ્પારાપટ્ટીમાં 10 વર્ષ પહેલાં બનાવવામાં આવેલા સ્મારક પરિસરમાં સુબ્રમણ્યમ શિવની યાદમાં નવું પુસ્તકાલય ખોલવાની જાહેરાત કરવામાં આવી હતી. ગયા વર્ષે જ તેમનાં સપનાને સાકાર કરતા એ જ પરિસરમાં ભારત માતાની કાંસ્ય પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું હતું. ●

## 44મી ચેસ ઓલિમ્પિયાડ


# પ્રથમ વાર ભારત યજમાન બન્યું

**રાજા મહારાજાઓનાં સમયમાં રમાતી ચોપાટથી માંડીને કમ્પ્યુટર પર રમવામાં આવતા ડિજિટલ ચેસ સુધી, ભારત દરેક સમયમાં શતરંજની યાત્રાનું સાક્ષી રહ્યું છે. ભારતે આ રમતમાં નીલકંઠ વૈધનાથ, લાલા રાજા બાબુ અને તિરુવેંગદાચાર્ય શાસ્રી જેવા મહાન ખેલાડીઓ આપ્યા છે. હવે 95 વર્ષના ચેસ ઓલિમ્પિયાડના ઈતિહાસમાં પ્રથમ વાર ભારત યજમાની કરી રહ્યું છે અને ચેસ ઓલિમ્પિયાડની મશાલની રિલે પરંપરાની શરૂઆત કરનાર પ્રથમ દેશ બની ગયો છે. 19 જૂન, 2022નાં રોજ નવી દિલ્હીનાં ઈન્દિરા ગાંધી સ્ટેડિયમમાં ચેસ ઓલિમ્પિયાડના 44મા સત્ર પહેલાં આંતરરાષ્ટ્રીય ચેસ સંઘના અધ્યક્ષ અર્કડી દ્વોરકોવિચે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મશાલ સોંપી..**

ચેસ આપણને શીખવાડે છે કે ટૂંકા ગાળાની સફળતાને બદલે દૂરદ્રષ્ટિ અને દૂરોગામી વિચાર ધરાવનારને જ અસલી સફળતા મળે છે. આવી જ દૂરદ્રષ્ટિ નવા ભારતની રમતગમત નીતિ, ટારગેટ ઓલિમ્પિક પોડિયમ યોજના (TOPS),અને ખેલો ઈન્ડિયા અભિયાનમાં જોવા મળે છે, જેનાં પરિણામ હવે ઓલિમ્પિક, પેરાલિમ્પિક, ડેફ્લિમ્પિક અને વર્લ્ડ ચેમ્પિયનશીપ્સમાં સામે આવ્યા છે.

ભારતે આ સ્પર્ધાઓમાં શાનદાર દેખાવ કર્યો છે એટલું જ નહીં, અનેક રેકોર્ડ પણ તોડ્યા છે. ટોક્યો ઓલિમ્પિકમાં પ્રથમ વાર સાત મેડલ અને પેરા ઓલિમ્પિકમાં પ્રથમ વાર 19 મેડલ જીત્યા છે. સાત દાયકામાં પ્રથમ વાર થોમસ કપ જીતીને ખેલાડીઓએ દેશની રમત વ્યવસ્થાને મજબૂત કરી છે.

ભારતે છેલ્લાં સાત-આઠ વર્ષમાં ચેસમાં પોતાનાં દેખાવમાં મહત્વનો સુધારો કર્યો છે. 41મી ચેસ ઓલિમ્પિયાડમાં ભારતે કાંસ્યચંદ્રક મેળવ્યો હતો, તો 2002 અને 2021ના વર્ચ્યુઅલ ચેસ ઓલિમ્પિયાડમાં ભારતે સ્વર્ણ અને કાંસ્યચંદ્રક પણ મેળવ્યો હતો. 44મી ચેસ ઓલિમ્પિયાડમાં અત્યાર સુધીની સરખામણીમાં સૌથી વધુ ખેલાડી સામેલ થઈ રહ્યા છે. 44મી ચેસ ઓલિમ્પિયાડ 28 જુલાઈથી 10 ઓગસ્ટ દરમિયાન ચેન્નાઈ પાસે મહાબલિપુરમમાં આયોજિત કરવામાં આવી છે. ભારતે જે ચેસ ઓલિમ્પિયાડ મશાલની પરંપરા શરૂ કરવાનું ગૌરવ હાંસલ કર્યું છે, તે ચેસ ઓલિમ્પિયાડના દરેક સત્રમાં ભારતથી જ શરૂઆત થશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું માનવું છે કે આ સન્માન માત્ર ભારતનું જ નહીં, પણ ચેસનાં ગૌરવશાળી વારસાનું સન્માન છે. ચેસ ઓલિમ્પિયાડના 95 વર્ષનાં ઈતિહાસમાં પ્રથમ વાર ભારત આ પ્રતિષ્ઠીત આયોજનની યજમાની કરી રહ્યું છે, તો 30 વર્ષ બાદ એશિયામાં તેનું આયોજન થઈ રહ્યું છે. પ્રથમ ચેસ ઓલિમ્પિયાડનું આયોજન 1927માં કરવામાં આવ્યું હતું. ચેસ ઓલિમ્પિયાડની 44મી આવૃત્તિમાં ભાગ લેવા 188 દેશોએ રજીસ્ટ્રેશન કરાવ્યું છે.●




**આપણા દેશમાં પ્રતિભાઓની અછત નથી. દેશના યુવાનોમાં સાહસ, સમર્પણ અને સામર્થ્યની કમી નથી. પહેલાં આપણા યુવાનોએ યોગ્ય પ્લેટફોર્મ માટે રાહ જોવી પડતી હતી. આજે 'ખેલો ઈન્ડિયા અભિયાન' અંતર્ગત દેશની આ પ્રતિભાઓને શોધીને તૈયાર કરવામાં આવી રહી છે.**

**-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**



PMO India @PMOIndia

भारत अब तत्पर है, तैयार है, अधीर है।

भारत अधीर है, प्रगति के लिए, विकास के लिए।

भारत अधीर है, अपने सपनों के लिए, अपने सपनों की सिद्धि के लिए: PM @narendramodi



रक्षा मंत्री कार्यालय/ RMO India @DefenceMinIndia

देश की सेनाओं में अग्निवीर केवल नए Recruits लाने भर का नाम नहीं है बल्कि उन्हें भी वही Quality ट्रेनिंग दी जाएगी जो आज सेनाओं के जवानों को मिल रहा है। ट्रेनिंग का समय भले ही छोटा होगा मगर क्वालिटी से कोई समझौता नही होगा: रक्षा मंत्री



Amit Shah @AmitShah

सहकारिता मंत्रालय का गठन हो या उसके बाद इस क्षेत्र को सशक्त करने की दिशा में लिए गये सभी निर्णय, यह बताते हैं कि पीएम @narendramodi जी का 'सहकार से समृद्धि' मात्र एक वाक्य नहीं है बल्कि सहकारिता से जुड़े लोगों के जीवन में सकारात्मक परिवर्तन लाने के लिए मोदी जी का अटूट संकल्प है।



Nitin Gadkari @nitin_gadkari

Empowering Wealth Creators & Encouraging Enterprise!

Giving new momentum to the economy & creating opportunities for youth, GoI under the visionary leadership of PM Shri @narendramodi Ji is taking #NewIndia to the top ladder of Startup Ecosystem in the world.

#Startups4NewIndia



Piyush Goyal @PiyushGoyal

States & UTs across India have strengthened their startup policy framework over the 3 editions of the States' Startup Ranking.

Best Performers, Top Performers, Leaders & Aspiring Leaders categorised on the basis of feedback for the reforms carried out.

#Startups4NewIndia



Bhupender Yadav @byadavbjp

At the 4th United Nations Environment Assembly in 2019, India had piloted a resolution on addressing single-use plastic products pollution, recognizing the urgent need for the global community to focus on this very important issue.

#SayNoToSingleUsePlastic



पीएम ने 'उद्यमी भारत' कार्यक्रम को किया संबोधित

## सरकार निर्यात बढ़ाने एमएसएमई की मदद के लिए उठा रही कदम : मोदी

खास बातें

हमारा स्टार्टअप परिवेश सबसे बड़ा

पीएमईजीपी में नई विशेषताएं घोषित

75 एमएसएमई को डिजिटल इक्विटी प्रमाणपत्र

एमएसएमई अपनी गुणवत्ता बढ़ाएं

हर गांव में तेज इंटरनेट देने पर काम

40 लाख से अधिक नौकरियां सृजित

मुद्रा योजना में 70 फीसदी ऋण महिलाओं को

## ऑटोनॉमस फ्लाइंग विंग टेक्नोलॉजी डेमॉन्स्ट्रेटर की पहली सफल उड़ान: डीआरडीओ



वैश्विक मुद्दों के साथ अंतरराष्ट्रीय ऊर्जा और खाद्य बाजार के मुद्दे थे शामिल

## यूक्रेन युद्ध के बीच पीएम मोदी की रूस के राष्ट्रपति से फोन पर हुई बातचीत

बीते दिनों जर्मनी में जी-7 शिखर सम्मेलन के आउटरीच सत्रों में पीएम मोदी की भागीदारी के बाद दोनों नेताओं के बीच हुई है यह पहली बातचीत

इस साल दोनों नेताओं के बीच हुई चौथी वार्ता

संप्रभुता, अखंडता को बनाए रखने का पक्षधर भारत



हमारे लिए जो बेस्ट होगा वो करते रहेंगे : मोदी



## अबू धाबी में पीएम मोदी और यूएई के राष्ट्रपति के बीच हुई बैठक, व्यापार, निवेश समेत जरूरी मुद्दों पर की गई चर्चा



तैयारी : देश का पहला ग्रीन हाइड्रोजन प्रोजेक्ट मथुरा में


RNI No. :
DELGUJ/2020/78810
July: 16-31, 2022

New India SAMACHAR
Fortnightly

RNI Registered No DELGUJ/2020/78810, Delhi Postal License No DL(S)-1/3554/2020-22, WPP NO U (S)-102/2020-22, posting at BPC, Meghdoot Bhawan, New Delhi - 110 001 on 13-17 advance Fortnightly (Publishing Date July 7, 2022, Pages - 52)

# આંતરરાષ્ટ્રીય વાઘ દિવસ

## 29 જુલાઈ



29 જુલાઈનાં રોજ વિશ્વ વાઘ દિવસ મનાવવામાં આવે છે, વાઘ આપણું રાષ્ટ્રીય પ્રાણી જ નહીં, આપણો વારસો પણ છે. તેને દેશની શક્તિ, શાન, સતર્કતા, બુધ્ધિ અને ધીરજનું પ્રતીક માનવામાં આવે છે. સદીઓથી વન્ય જીવોનું સંરક્ષણ ભારતની સંસ્કૃતિનો ભાગ રહ્યો છે. આપણા વેદોમાં પણ કરૂણા અને સહ-અસ્તિત્વના સિધ્ધાંત સાથે વાઘના સંરક્ષણનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ભારત સરકાર વાઘના સંરક્ષણની દિશામાં કામ કરવા માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે. સરકાર વાઘોને બચાવવાની સાથે સાથે ઈકોલોજી અને વનનું પણ  સંરક્ષણ કરી રહી છે....

- ભારતમાં વાઘના 51 અભરાયણ્ય છે, જે 18 રાજ્યમાં ફેલાયેલા છે. વાઘોની અંતિમ ગણતરી 2018માં થઈ હતી, જેમાં જાણવા મળ્યું કે વાઘોની સંખ્યા વધી રહી છે. 2014થી લઈને 2018 સુધી વાઘોની સંખ્યામાં 33 ટકા વધારો થયો છે.
- વાઘોના સંરક્ષણ અંગે સેન્ટ પીટ્સબર્ગ ડેક્લરેશનમાં નિશ્ચિત સમય મર્યાદામાં વાઘોની વસતિ બમણી કરવાનું લક્ષ્ય ભારતે ચાર વર્ષ પહેલાં જ હાંસલ કરી લીધું.
- વાઘોના સંરક્ષણમાં ભારતનાં વ્યૂહમાં સ્થાનિક સમુદાયને સૌથી વધુ પ્રાથમિકતા આપવામાં આવી રહી છે અને સદીઓ જૂની પરંપરાનું પણ પાલન કરવામાં આવી રહ્યું છે.

"

#InternationalTigerDay પર વન્યજીવ પ્રેમીઓને અભિનંદન. ખાસ કરીને, વાઘનાં સંરક્ષણ માટે ખૂબ સાવચેત હોય છે તેમને. વિશ્વભરમાં જેટલાં વાઘ છે તેમાંથી 70 ટકા વાઘનું ઘર ભારત છે. આપણે ફરી એક વાર પ્રતિબધ્ધતા વ્યક્ત કરીએ છીએ કે આપણે આપણા વાઘો માટે સલામત પ્રાકૃતિક નિવાસ સુનિશ્ચિત કરીશું અને વાઘોને અનુકુળ ઈકો-સિસ્ટમને પ્રોત્સાહન આપીશું.

-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન

Gujarati

**Editor**
**Jaideep Bhatnagar**, Principal Director General, Press Information Bureau, New Delhi

**Published & Printed by:**
**Satyendra Prakash**, Principal Director General, on behalf of Central Bureau of Communication

**Published from**
**Room No–278, Central Bureau of Communication, 2nd Floor, Soochna Bhawan, New Delhi -110003**

**Printed at** Aravali Printers & Publishers Pvt. Ltd., Okhla Industrial Area Phase-II, New Delhi-110020